

પેજ-08
પરવીન બાબીના છેલ્લા દિવસો અંત્યત ભયાનક હતા!....

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
લિયોનેલ મેસ્સીની હેટ્રિકથી ઈન્ટર મિયામીએ નેશવિલ પર 5-2થી...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 24.00 |
| વડોદરા | 34.00 | 24.00 |
| સુરત | 35.00 | 27.00 |



પેજ 5


GSTમાં ઘટાડા બાદ નવરાત્રી સમયે બેંક ધિરાણમાં 11 ટકાથી વધુની વૃદ્ધિ



20 OCTOBER-2025 MONDAY



પોર્ટુગલમાં બુરખો પર પ્રતિબંધ, 4 લાખ રૂપિયાનો દંડ થશે

પેજ 10


.....સુવિચાર.....
તમારી કિંમત ત્યાં સુધી જ છે જ્યાં સુધી તમારી પાસે એવું કંઈક છે જે પૈસા થી ખરીદી શકાતું નથી ....!!


વર્ષ-14 । અંક-330 । વિક્રમ સંવત-2081 । આસો વદ -અમાસ । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# 26 લાખથી વધુ દીવાઓથી ઝળહળી ઊઠી રામનગરી

**અદ્ભુત લેસર શો, 22 ઝાંખીઓ સાથેની શોભાયાત્રા : આ શોભાયાત્રામાં મહિલાઓએ માથા પર ઘડા લઈને ભાગ લીધો હતો**

(એજન્સી) અયોધ્યા | તા.19

અયોધ્યામાં 9મો દીપોત્સવ ઉજવાઈ રહ્યો છે. સીએમ યોગીએ રામ મંદિરમાં દીવા પ્રગટાવ્યા. આ પછી, દીપોત્સવ શરૂ થયો. આ સાથે, રામ કી પૈડી પર દીવા પ્રગટાવવામાં આવ્યા. આ દરમિયાન, ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં અયોધ્યાના નામે બે રેકોર્ડ બનાવવામાં આવ્યા.પ્રથમ- એક સાથે 26 લાખ 17 હજાર 215 દીવા પ્રગટાવવામાં આવ્યા. બીજો- સરયુ કિનારે 2128 પુજારીઓએ સરયુની ભવ્ય આરતી કરી.ડ્રોનની મદદથી દીવાઓની ગણતરી કરવામાં આવી. 1100 ડ્રોનથી એક ખાસ શો કરવામાં આવ્યો.દીપોત્સવ માટે સમગ્ર અયોધ્યામાં સુરક્ષા વ્યવસ્થા કડક છે. જાહેર વાહનોને અયોધ્યા ધામમાં જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ફક્ત આમંત્રિત મહેમાનોના વાહનોને જ નિયુક્ત પાર્કિંગમાં જવાની મંજૂરી આપવામાં આવશે. શનિવારે મોડીરાતે 12 વાગ્યાથી જિલ્લાની સરહદ પર ભારે વાહનોની અવરજવર પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.



**ગિનિસ બુક ઓફ્ રેકોર્ડ્સમાં અયોધ્યાનો વધુ એક રેકોર્ડ**



**ભાજપના નેતાઓ પર 3 વખત હુમલો કરવામાં આવ્યો : TMC પર લગાવવામાં આવ્યો આરોપ**

## ભાજપ નેતા સુવેન્દુ અધિકારી પર ફરી હુમલો



**તોફાની તત્વોએ પથ્થરમારો કર્યો**

આ પહેલા 6 ઓક્ટોબરના રોજ ભાજપના સાંસદ અને ધારાસભ્ય પર હુમલો થયો હતો. માલદા ઉત્તરના ભાજપના સાંસદ ખગેન મુર્મુ અને સિલિગુડીના ધારાસભ્ય ડૉ. શંકર ઘોષ ઘાયલ થયા હતા. તેઓ પૂર પીડિતોને રાહત સામગ્રીનું વિતરણ કરવા ગયા હતા. તોફાની તત્વોએ તેમના પર પથ્થરમારો કર્યો.

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.19

પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર ભાજપના એક નેતા પર હુમલો કરવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળના ભાજપના સહ-પ્રભારી અમિત માલવિયાએ વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. પશ્ચિમ બંગાળના સહ-પ્રભારી અને રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્ય અમિત માલવિયાએ ટ્વીટ કર્યું છે કે વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી પર ટીએમસીની 'લુંગી વાહિની' દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. જ્યારે તેઓ મા કાલી પૂજાનું ઉદ્‌ઘાટન અને ભાગ લેવા જઈ રહ્યા હતા.

### પૂર્વયોજિત હુમલાની સખત નિંદા કરીએ છીએ

અમિત માલવિયાએ કહ્યું, 'અમે વિપક્ષી નેતા પર આ ઘૃણાસ્પદ અને પૂર્વયોજિત હુમલાની સખત નિંદા કરીએ છીએ. આ હુમલો ટીએમસી જિલ્લા પરિષદના સભ્ય રેખા ગાઝી અને તેમના નિર્દેશનમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકો દ્વારા કરવામાં આવ્યો હતો. ટીએમસીની હતાશા અને લોકશાહી અને કાયદા પ્રત્યેની તેની સંપૂર્ણ અવગણનાને છતી કરે છે.'

## પાક.ના ચક્કરમાં તુર્કીયે અને અજરબૈજાન ફસાયા!

**ભારતથી પંગો લીધા બાદ ટુરિઝમમાં મોટો ફટકો**

(એજન્સી) અઝરબૈજાન | તા.19

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષ દરમિયાન તુર્કીયે અને અઝરબૈજાન દ્વારા પાકિસ્તાનને ખુલ્લેઆમ સમર્થન આપવાનો નિર્ણય હવે આ બંને દેશો માટે આર્થિક રીતે મોંઘો સાબિત થઈ રહ્યો છે. ભારતીયોમાં ઝડપથી લોકપ્રિય થઈ રહેલા આ પર્યટન સ્થળો પર ભારતીય પ્રવાસીઓની મુલાકાતની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે બાયકોટની લાગણી દર્શાવે છે.

### પ્રવાસીઓની સંખ્યામાં મોટો ઘટાડો

અહેવાલો અનુસાર, મે અને ઓગસ્ટ મહિના દરમિયાન અઝરબૈજાનમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં 56 ટકાનો અને તુર્કીયેમાં 33.3 ટકાનો જંગી ઘટાડો નોંધાયો છે.

### બુકિંગમાં 60 ટકાનો ઘટાડો

'ઓપરેશન સિંદૂર' બાદ ભારતીય પ્રવાસીઓ દ્વારા અઝરબૈજાન અને તુર્કીયે માટેના બુકિંગમાં 60 ટકાનો ઘટાડો થયો છે, જ્યારે રદ થવાના દરોમાં 250 ટકાનો વધારો થયો છે.

## દિવાળી પહેલા ખરાબ થઈ દિલ્હીની હવા, લાગુ કરવો પડ્યો GRAP-2

(એજન્સી) નવી દિલ્હી | તા.19

દિવાળી પહેલા દિલ્હીની હવાની ગુણવત્તામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. વધતા પ્રદૂષણ સ્તરને લઈને દિલ્હીમાં ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન(GRAP) 2 લાગુ કરવામાં આવ્યો છે. આ હેઠળ હવા પ્રદૂષણને લઈને અનેક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. કોમન ફોન એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) મુજબ, રવિવારે (19 ઓક્ટોબર) દિલ્હીમાં સરેરાશ પ્રદૂષણ સ્તર 296 નોંધાયું હતું.






**દાળ-શાક ખાઈ રહ્યા, લુધિયાણામાં FIR** | **3 જિલ્લાના 8 પોલીસ અધિકારીઓ CBIની રડારમાં**

## ચંદીગઢ જેલમાં પંજાબના DIGને મળવા કોઈ આવતું નથી

(એજન્સી) લુધિયાણા | તા.19

પંજાબ પોલીસના DIG હરચરણ સિંહ ભુલ્લર લાંચના કેસમાં ચંદીગઢની બુરૈલ જેલમાં બંધ છે. જેલ સૂત્રોના જણાવ્યા અનુસાર, પરિવારના કોઈ સભ્ય હજુ સુધી તેમને મળવા આવ્યા નથી. તેઓ આખો દિવસ જેલમાં વિતાવે છે અને સામાન્ય કેદીઓ જેવું જ ખાવાનું ખાય છે. ભુલ્લર રાત્રે ઓશીકું અને ચાદર સાથે ફ્લોર પર પાથરેલા ગાદલા પર સૂવે છે.આ દરમિયાન, લુધિયાણાના સમરાલામાં DIG ભુલ્લર સામે FIR નોંધવામાં આવી છે. CBIએ



તેમના બોંદલી ફાર્મહાઉસ પર દરોડા પાડ્યા હતા અને 2.89 લાખની કિંમતની 108 દારૂની બોટલો અને 17 જીવતા કારતૂસ જપ્ત કર્યા હતા. આ કેસ એક્સાઈઝ એક્ટની કલમ 61, 1 અને 14 હેઠળ નોંધવામાં આવ્યો છે. પોલીસ હવે આર્મ્સ એક્ટની કલમો ઉમેરવાનું વિચારી રહી છે.

### 8 પોલીસકર્મીઓની પૂછપરછ થઈ શકે છે

એવું માનવામાં આવે છે કે સીબીઆઈના સફળતાના સંકેતો પર હવે ઈડી સહિત અન્ય એજન્સીઓ દ્વારા નજીકથી નજર રાખવામાં આવી રહી છે. સીબીઆઈ તેની તપાસનો વિસ્તાર કરવાની તૈયારી કરી રહી છે. ત્રણ જિલ્લાના આઠ પોલીસ અધિકારીઓની પૂછપરછ થઈ શકે છે.

### નાસ્તામાં બ્રેડ અને ચા લીધી

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભુલ્લરને શુક્રવારે સાંજે બુરૈલ જેલમાં લાવવામાં આવ્યા હતા. તેઓ બેરેક નંબર 7 માં બંધ છે. તેમણે રાત્રિભોજનમાં શાક-રોટલી ખાધા હતા, જ્યારે શનિવારે સવારે તેમણે ચા અને બ્રેડ ખાધી હતી. તેમણે બપોરના ભોજનમાં દાળ, ભાત અને બે રોટલી ખાધી હતી.

### જેલમાં પૂછપરછની જોગવાઈ

સીબીઆઈ પાસે ભુલ્લરની પૂછપરછ માટે અનેક વિકલ્પો છે. તે કોર્ટમાં અરજી કરી શકે છે અને આરોપી અધિકારીની પૂછપરછ માટે જેલમાં જઈ શકે છે. કોર્ટના આદેશ મુજબ, પૂછપરછ જેલમાં નિર્ધારિત સ્થળે કરી શકાય છે. તેમનું નિવેદન રેકોર્ડ કરી શકાય છે, અને પૂછપરછનો વીડિયો પણ બનાવી શકાય છે.

**3 જિલ્લાના પો. અધિકારીઓ રડાર પર**

રોપર રેન્જ રૂપનગર, મોહાલી અને ફતેહગઢ સાહિબ જિલ્લાઓને આવરી લે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પૂછપરછ દરમિયાન, વચેટિયા કૃષ્ણુએ સીબીઆઈને જણાવ્યું હતું કે તેના ઘરમાંથી મળેલા 21 લાખ રૂપિયા પણ હરચરણ સિંહ ભુલ્લરના છે. તેમણે કેટલાક ડીએસપીના નામ પણ જણાવ્યા જેઓ પૈસા ભેગા કરીને આપતા હતા.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરપૂરી ગામથી આ અભિયાનની શરૂઆત કરશે**

## બિહાર ચૂંટણી 2025માં વડાપ્રધાનની એન્ટ્રી



**24 ઓક્ટો. પ્રચંડ પ્રચારની કરશે શરૂઆત**

**ડૉ. દિલીપ જયસ્વાલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 24 ઓક્ટોબરે બિહાર વિધાનસભા ચૂંટણી માટે પોતાનો પ્રચાર શરૂ કરશે**

(એજન્સી) કરપૂરી | તા.19

બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી અને NDAના સૌથી મોટા ચહેરા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એન્ટ્રી થઈ છે. વડાપ્રધાન ભારત રત્ન કરપુરી ઠાકુરના ગામથી પોતાના પ્રચારની શરૂઆત કરશે. વડાપ્રધાન જનનાયક કરપુરી ઠાકુરના ગામથી પોતાના પ્રચારની શરૂઆત કરશે. પહેલી જાહેર સભા 24 ઓક્ટોબરે સમસ્તીપુરમાં યોજાશે.આ અંગે માહિતી આપતાં બિહાર ભાજપ પ્રમુખ ડૉ. દિલીપ જયસ્વાલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 24 ઓક્ટોબરે બિહાર વિધાનસભા ચૂંટણી માટે પોતાનો પ્રચાર શરૂ કરશે. તેમણે કહ્યું કે પીએમ મોદી કરપૂરી ગામથી આ અભિયાનની શરૂઆત કરશે, જ્યાં તેઓ મહાન નેતા ભારત રત્ન કરપૂરી ઠાકુરને શ્રદ્ધાંજલિ આપશે અને સમસ્તીપુરમાં પ્રથમ ચૂંટણી રેલીને સંબોધિત કરશે.

### ચિરાગ પાસવાન એ પીએમ મોદીનો માન્યો આભાર

2025ની બિહાર વિધાનસભા ચૂંટણી માટે NDAમાં બેઠકોની વહેંચણીથી ઉત્સાહિત, લોક જનશક્તિ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને પીએમ મોદીનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે, તેમને માત્ર



સન્માનજનક સંખ્યામાં બેઠકો મળી નથી. પરંતુ તેમણે જે બેઠકો માંગી હતી તે બધી તેમની પસંદગીની હતી. ચિરાગ પાસવાને કહ્યું કે તેમણે ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે તેમને 29 બેઠકો આપવામાં આવશે. જે તેમના પિતા, સ્વર્ગસ્થ રામવિલાસ પાસવાનના શ્રેષ્ઠ ચૂંટણી પ્રદર્શન સમાન છે. તે યુવાનોના રોજગાર અને નોકરીઓની ચિંતા કરે છે.

### મહાગઠબંધનમાં લડાઈ ચાલી રહી છે - જયસ્વાલ

ભાજપના પ્રદેશ અધ્યક્ષ ડૉ. દિલીપ જયસ્વાલે વિપક્ષી ગઠબંધન, મહાગઠબંધન પર નિશાન સાધતા કહ્યું કે તેમની અંદર આંતરિક ઝઘડો ચાલી રહ્યો છે. તેમણે કહ્યું કે જ્યારે NDAના પાંચેય પાંડવો એક થઈને બેઠકોનું સૌહાર્દપૂર્ણ રીતે વિભાજન



કરીને ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે, ત્યારે કૌરવ સેના મહાગઠબંધનની અંદર આંતરિક ઝઘડો કરી રહી છે.તેમણે કહ્યું કે બિહારના લોકો સમજી રહ્યા છે કે જ્યારે ફક્ત સીટ વહેંચણીને કારણે આ પરિસ્થિતિ ઉભી થઈ શકે છે, ત્યારે તેઓ સરકાર કેવી રીતે ચલાવશે? બિહારના લોકો અને મતદારોએ બિહારમાં ફરીથી NDA સરકાર બનાવવાનો નિર્ણય લીધો છે.




### જન્મદિવસે જ પાટીદાર યુવકનું મોત:; વડોદરાના અકોટા દાંડિયા બજાર બ્રિજ પર લોહીનું ખાબોચિયું ભરાયું

# મિત્રો સાથે ડિનર કરી દિવાળીની રોશની જોવા નીકળ્યા ને કાળ ભરખી ગયો

(એજન્સી) વડોદરા | તા.19

વડોદરા શહેરમાં અવારનવાર અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે ત્યારે વધુ એક અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. જેમાં અકોટા દાંડિયા બજાર બ્રિજ પર એક્ટિવા લઈને રોશની( લાઈટિંગ) જોવા જઈ રહેલા ધિર પટેલ નામના યુવકને ટ્રકે ટક્કર મારતા ગંભીર ઈજાઓને કારણે યુવકનું મોત થયુ હતું. અકસ્માત બાદ ટ્રક ચાલક ફરાર થતા અકોટા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

યુવકનો જન્મ દિવસ હોવાથી બધા મિત્રો જમ્યા બાદ દિવાળીને લઈ કરાયેલ રોશની (લાઈટિંગ) જોવા નીકળ્યા હતા અને કાળ ભરખી ગયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે એક્ટિવા આખે આખું ટ્રકના આંગળના ભાગમાં ઘૂસી ગયું અને યુવાનને ગંભીર ઈજાઓ થતા લોહીનું ખાબોચિયું ભરાયું હતું. અકસ્માતને લઈ

### બેદરકારીથી ટ્રેલર ચલાવીને મોટર સાઈકલને ટક્કર મારી ચાલક ફરાર

તો અન્ય એક બનાવમાં સુરતથી ઘોઘંબા દિવાળી પર્વની ઉજવણી કરવા જઈ રહેલા 19 વર્ષીય યુવકનું વડોદરા નજીક નેશનલ હાઈવે પર દરજીપુરા એરફોર્સ સ્ટેશન પાસે ટ્રકની ટક્કરે મોત થયું છે. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના સાતલીયા ગામના રહેવાસી તખતભાઈ શંકરભાઈ બારીયા (ઉંમર 38 વર્ષ)એ હરણી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગઈકાલે(18 ઓક્ટોબર) શનિવારે મોડીરાત્રે તેમના સાળા પંકજભાઈ છત્રસિંહ બારીયા (ઉંમર 19 વર્ષ, રહે. પાદેડી (ઝાબકુવા), તા. ઘોઘંબા, જિ. પંચમહાલ)નું દરજીપુરા એરફોર્સ બ્રિજ પર થયેલા અકસ્માતમાં મોત થયું છે.

આ અકસ્માતમાં ટ્રેલરના ચાલકે બેદરકારીથી વાહન ચલાવીને મોટર સાઈકલને ટક્કર મારી હતી અને ત્યારબાદ ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

લોકોના ટોળા ભેગા થતા ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. સુરતથી ઘોઘંબા દિવાળી પર્વની ઉજવણી કરવા જઈ રહેલા 19 વર્ષીય યુવકનું વડોદરા નજીક નેશનલ હાઈવે પર દરજીપુરા એરફોર્સ સ્ટેશન પાસે ટ્રકની ટક્કરે મોત થયું છે, જેને પગલે પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. હરણી પોલીસે આરોપી ટ્રક ચાલકની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. મૃતક પંકજ અને અન્ય શખસ બાઈક લઈને ઘરે આવતા હતા તે દરમિયાન અકસ્માત થયો હતો. ઉલ્લેખનીય છે



કે મૃતકના એક વર્ષ પહેલા જ લગ્ન થયા હતા.

આ બનાવ અંગે મૃતકના પિતા દિનેશભાઇ હસમુખભાઈ પટેલે અકોટા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તરસાલી વિસ્તારમાં ઓમકારમોતી-1માં રહે છે અને ખાનગી કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવું છું. ગત રોજ નોકરી પૂરી કરી પરત ફરતા તેઓને આ બનાવ અંગે તેઓના સાળાના દીકરા દ્વારા જાણ કરવામાં આવી હતી કે તમારા દીકરા ધિરનો અકોટા બ્રીજ પાસે અકસ્માત થયો છે. બાદમાં તેઓ ઘરે પહોંચી ખાનગી હોસ્પિટલમાં પહોંચ્યા હતા.

તરસાલીથી સુશેન ચાર રસ્તા ખાતે હોટલમાં જમવા માટે ગયા હતાં. બાદમાં શહેરમાં લગાડેલ લાઈટીંગ -શો જોવા માટે નીકળ્યા હતા અને અકોટા સોલર પેનલથી આગળ અકોટા બ્રિજ તરફ જતા હતા તે દરમિયાન આગળ અને પાછળ ટ્રક હતા. દરમિયાન પાછળના ટ્રકે એક્ટિવાને ટક્કર મારતા ધિર અને ગૌતમ બારીયા બંને મિત્રોને ઈજાઓ પહોંચી હતી. જેમાં ધિરને માંથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં જ્યારે મિત્ર ગૌતમને સયાજી હોસ્પિટલમાં 108 મારફતે સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન ધિરનું કરૂણ મોત થયું હતું. આ ઘટના અંગે અકોટા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. આ અકસ્માતને લઈ બ્રિજ પર ભારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. હાલમાં બનાવ સંદર્ભે અકોટા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે અને ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે. તખતભાઈ બારીયાએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પંકજના એક વર્ષ પહેલા લગ્ન થયા હતા. તે સુરતમાં મારી સાથે કામ કરતો હતો. અમે સુરતથી દિવાળી કરવા માટે ઘરે જઈ રહ્યા હતા, તે સમયે વડોદરા નજીક દરજીપુરા એરફોર્સ બ્રિજ પર ટ્રક ચાલકે ટક્કર મારતા મારા સાળાનું મોત થયું છે.

## જીવ અધ્ધર કરી દેતો અકસ્માતનો : ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરી રહેલો યુવક ઊંધેકાંધ પટકાયો

અમદાવાદ | અમદાવાદમાં શહેરમાં ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવો એક યુવકને ભારે પડી ગયો. શહેરના ઓવરબ્રિજ પરથી પસાર થતી સમયે મોબાઈલનો ઉપયોગ કરી રહેલા મોપેડ ચાલકે કાબૂ ગુમાવતા બ્રિજ પર ઊંધેકાંધ પટકાયો હતો. સદનસીબે પાછળથી આવી રહેલા કારચાલકે બ્રેક મારી દેતા યુવકનો જીવ બચી ગયો હતો. આ સમગ્ર ઘટના પાછળ આવી રહેલી કારના ડેશકેમમાં કેદ થઈ હતી. જે વીડિયો અમદાવાદ ટ્રાફિક પોલીસે પણ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કર્યો છે.



સોશિયલ મીડિયામાં જે વીડિયો વાઈરલ થયો છે તે અમદાવાદ શહેરનો છે. ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહેલો મોપેડ સવાર યુવક એક હાથમાં મોબાઈલ અને એક હાથે મોપેડ ચલાવતા નજરે પડી રહ્યો છે. પાછળ અને આસપાસ વાહનો પસાર થઈ રહ્યા છે. ત્યારે અચાનક જ યુવકે બેલેન્સ ગુમાવતા બ્રિજ પટ પટકાયો હતો. યુવક જે મોપેડ પર સવાર હતો તે મોપેડ ફંગોળાઈને 15 થી 20 ફૂટ દૂર ફેંકાઈ ગયું હતું.

યુવક મોપેડ લઈને જઈ રહ્યો હતો ત્યારે પાછળ જ એક કાર પણ ચાલી રહી હતી. જે કારના ડેશકેમમાં અકસ્માતનો સમગ્ર બનાવ કેદ થયો છે. આ અકસ્માત સર્જાયો ત્યારે કારચાલકે સમયસૂચકતા વાપરી તુરંત જ બ્રેક મારી દેતા અને યુવકે હેલ્મેટ પહેર્યું હોવાના કારણે ચમત્કારિક બચાવ થયો હતો.

ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવો જોખમી હોવા છતા વાહનચાલકો બેદરકારી પૂર્વક ઉપયોગ કરતા હોય છે. ત્યારે આ અકસ્માતનો વીડિયો અમદાવાદ ટ્રાફિક પોલીસે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને લખ્યું છે કે,

ઘટનાથી લોકોમાં સંદેશ ગયો છે કે ડ્રાઈવિંગ દરમિયાન મોબાઈલ વાપરવું કેટલું જોખમજનક બની શકે છે.હેલ્મેટ જીવનરક્ષક છે પરંતુ ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ જીવલેણ સાબિત થઈ શકે છે.

### સાપુતારાના ગામડાઓમાં પવન સાથે વરસાદના ઝાપટા પડ્યા

## ગિરિમથક સાપુતારાના વાતાવરણમાં પલટો: ધીમીધારે વરસાદ વરસતા પ્રવાસીઓમાં ખુશી



આહવા | આહવા, વઘઈ, સુબીર અને ગિરિમથક સાપુતારા સહિતના ગામડાઓમાં ગાજવીજ અને પવન સાથે વરસાદના ઝાપટા પડ્યા. ગિરિમથક સાપુતારાના વાતાવરણમાં પલટો આવ્યો છે અને સાપુતારામાં વહેલી સવારે ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે, સાપુતારા અને આસપાસના પંથકમાં માવઠું થયું છે. ગુજરાતનું એક માત્ર ગિરિમથક સાપુતારા ખાતે વહેલી સવારથી વાતાવરણમાં પલટો આવ્યો છે, સાપુતારા ખાતે વેહલી સવારથી ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે, સાપુતારા ખાતે વરસાદ પડતા ઠંડરસ્ટોમ જેવો માહોલ ઉભો થયો છે, પ્રવાસીઓમાં ખુશીનો માહોલ તો બીજી તરફ ખેડૂતોની ચિંતા વધી છે. ડાંગ જિલ્લાનાં વિવિધ વિસ્તારો જેવા કે આહવા, વઘઈ, સુબીર અને ગિરિમથક સાપુતારા સહિતના ગામડાઓમાં ગાજવીજ અને પવન સાથે વરસાદના ઝાપટા પડ્યા હતા. એક તરફ આ વરસાદને કારણે વાતાવરણમાં ખુશનુમા ઠંડક પ્રસરી ગઈ છે અને ડાંગની લીલીછમ વનરાઈ વધુ સુંદર બની છે.

## આણંદમાં રહેણાંક મકાનમાં શોર્ટસર્કિટથી આગ લાગી...



આણંદ | આણંદ શહેરના દર્શન પાર્ક સોસાયટીમાં આવેલા એક રહેણાંક મકાનના બીજા માળે આજે બપોરે શોર્ટસર્કિટના કારણે આગ લાગી હતી. આણંદ ફાયરબ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી, જોકે, ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

આણંદના 100 ફૂટ રોડ નજીક રોયલ પ્લાઝા પાસે આવેલી દર્શન પાર્ક સોસાયટીમાં આ ઘટના બની હતી. આગની જાણ આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કંટ્રોલ રૂમને થતાં, ફાયર ઓફિસર ધર્મેશ ગોરના માર્ગદર્શન હેઠળ ફાયર ડ્રાઈવર સહદેવસિંહ રાઠોડ અને ફાયરમેન રઘુવીરસિંહ પઢીયાર, સતીશ બામણીયા તથા કૃષ્ણરાજ રાઉલજી ફાયર વાહન સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા.

ફાયર ટીમે પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવી હતી. આગના કારણે મકાનમાં રહેલી ઘરેલુ વસ્તુઓ બળીને નષ્ટ થઈ હતી. ફાયર વિભાગ દ્વારા ઘટનાસ્થળે જરૂરી તપાસ હાથ ધરવામાં આવી છે અને પ્રાથમિક તપાસમાં શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાનું અનુમાન છે.

## સંપત્તિ સર્જનના સુવર્ણ નિયમ

અમદાવાદ | પ્રશાંત પિમ્પલે, ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર - ફિક્સ્ડ ઈન્કમ, બરોડા બીએનપી પારિબા મ્યુચ્યુઅલ ફંડ દાયકાઓથી દાગીના સ્વરૂપે સોનું ભારતીય પરિવારોનો અભિન્ન હિસ્સો રહ્યો છે જે પરંપરા અને મૂલ્યને મૂર્ત રીતે સાચવવાનું પ્રતીક છે. જોકે તેના સાંસ્કૃતિક આકર્ષણની સાથે સાથે એક વ્યવહારુ પડકાર પણ રહેલો છે. લગડી કે સિક્કા જેવા ભૌતિક સ્વરૂપે સોનાને ઘરમાં કે લોકરમાં સુરક્ષિત રીતે સાચવવું પડે છે જેના લીધે ચોરીનું જોખમ અને ઈન્શ્યોરન્સ જેવા વધારાના ખર્ચ વધી જાય છે. આજના જટિલ નાણાંકીય વિશ્વમાં દાગીના કે સિક્કાથી આગળ વધીનો સોનું તમારી રોકાણની સફરમાં કેવ રીતે ફિટ બેસી શકે છે તે અંગે તમારે ફરીથી વિચાર કરવાની જરૂર છે. પરંપરાગત રીતે ઈક્વિટીને સંપત્તિ સર્જન માટે પસંદ કરવામાં આવે છે પરંતુ હાલના બજારની અસ્થિરતાને જોઈને વધુ સંતુલિત અભિગમ અપનાવવો જોઈએ. સોનું તમારા પોર્ટફોલિયોમાં સ્થિરતા પ્રદાન કરી શકે છે જે ફુગાવા સામે હેજ અને અસ્થિર સમયમાં સુરક્ષાની જાળ પૂરી પાડી શકે છે.

## સાબરકાંઠામાં બે જૂથ વચ્ચે અથડામણ, 30 વાહનો સ્વાહા



(એજન્સી) | પ્રાંતિજ

સાબરકાંઠા જિલ્લાના મજરા ગામે શુક્રવારે રાતે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી જેમાં ૧૦ લોકો ઘાયલ થયા હોવાની માહિતી સામે આવી હતી. અથડામણમાં બે જૂથોએ સામસામે પથ્થરબાજી કરી હતી અને અનેક વાહનોને આગ લગાડી દીધી હતી. ૧૦ ફોર-વ્હીલર અને ૨૦ ટૂ-વ્હીલર સહિત ૩૦ વાહનોને આ જૂથ-અથડામણમાં બાળી નાખવામાં આવ્યાં હતાં. પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચીને હિંસાને શાંત પાડી હતી અને ૨૦ લોકોની ધરપકડ કરી હતી. મોડી રાતે ફાટી નીકળેલી હિંસાને પોલીસે ગામમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવીને શાંત પાડી હતી. આ બાબતે પોલીસે જણાવ્યું હતું કે 'શુક્રવારે મજરા ગામમાં રાતે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ હિંસાની ઘટના ઘટી હતી. લાંબા સમયથી આ બે જૂથો વચ્ચે દુશ્મનાવટ ચાલતી આવી હોવાની જાણકારી અમને મળી છે, એ જ કારણે બન્ને જૂથો ફરી લડી પડ્યાં હતાં. આ મામલે ફરિયાદ નોંધવામાં આવી છે અને ૧૨૦ લોકો સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે.'

### ભુજમાં ઈકો-ખાનગી બસ વચ્ચે અકસ્માત, 2 લોકોના મોત

ભુજ | ભુજના ખાવડા-ભીરંડીયારા વચ્ચે ઈકો અને ખાનગી બસ વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટનામાં બે લોકોના મોત નીપજ્યા છે. ખાનગી બસ અને ઈકો લુનિયા ફાટક નજીક સામસામે અથડાતા ટ્રાફિકજામના સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, ખાવડા-ભીરંડીયારા રોડ પર આજે રવિવારે ખાવડાથી ભુજ તરફ જતી ખાનગી લક્ઝરી બસ અને ઈકો વચ્ચે જોરદાર ટક્કર થતાં દુર્ઘટના બની હતી. ઈકો ઓવરટેક કરવા જતાં અકસ્માત થયો હતો, જેમાં બસ પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતને પગલે સ્થાનિકો દોડી આવ્યા હતા અને સમગ્ર મામલે જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માતના લીધે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

### સુચારુ આયોજનને લઈ કલેક્ટર મિહિર પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

## બનાસકાંઠામાં સરદાર પટેલની 150મી જન્મ જયંતિ પર યુનિટી માર્ચ પદયાત્રા યોજાશે

### યુનિટી માર્ચ પૂર્વે સ્વચ્છતા, વ્યસનમુક્તિ અને યોગ તથા આરોગ્ય શિબિરનું કરાશે આયોજન

પાલનપુર | સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી પર તેમની અમર વિરાસતને સમર્પિત રાષ્ટ્રવ્યાપી જન અભિયાન યુનિટી માર્ચના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લામાં પદયાત્રા સહિતના વિવિધ કાર્યક્રમનું આયોજન કરાશે. આજરોજ જિલ્લા ક્લેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને ક્લેક્ટર કચેરી પાલનપુર ખાતે સમગ્ર કાર્યક્રમના સુચારુ આયોજનને લઈને બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલે જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી અંતર્ગત સરદાર@૧૫૦ યુનિટી માર્ચ એક ભારત આત્મનિર્ભર ભારત અંતર્ગત જિલ્લા સ્તરીય પદયાત્રા તા.૧૦ થી ૧૮ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાશે. જેમાં વિધાનસભા દીઠ એક પદયાત્રાનું આયોજન કરાશે. આ પદયાત્રામાં



વિવિધ સામાજિક સંસ્થાઓ સહિત બહોળી સંખ્યામાં જિલ્લાના નાગરિકો જોડાશે. જિલ્લામાં પદયાત્રાઓ પૈકી એક પદયાત્રા જિલ્લા કક્ષાની પદયાત્રા તરીકે આયોજન કરાશે. પ્રત્યેક પદયાત્રા ૮ થી ૧૦ કિમીની રહેશે તેમજ પદયાત્રા પૂર્વ વિવિધ પ્રવૃત્તિઓનું પણ આયોજન કરાશે. આ પદયાત્રામાં ગામ અને નગરના તમામ નાગરિક, કોલેજ, સહકારી સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, ઔદ્યોગિક સંગઠનો, ઔદ્યોગિક એકમો, વાણિજ્ય સંગઠન, વાણિજ્ય એકમ, સ્વૈચ્છિક સંગઠન વગેરે જોડાશે.આ પદયાત્રા 'સમાજ દ્વારા સમાજ માટે'ના સિદ્ધાંત સાથે સંપૂર્ણ સમાજની પદયાત્રા બને તેવું આયોજન કરાશે.

તેમણે જણાવ્યું કે, જિલ્લા કક્ષાની પદયાત્રા પૂર્વે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાશે. આગામી તારીખ ૨૫ નવેમ્બર સુધી સરદાર@૧૫૦ યંગ લીડર ક્વીઝ, સરદાર@૧૫૦ નિબંધસ્પર્ધા, રાષ્ટ્રીય રીલ પ્રતિયોગિતા યોજાશે. જેનું રજીસ્ટ્રેશન માય ભારત પોર્ટલ પર થશે. આ પદયાત્રા પૂર્વે સરદાર સ્મૃતિવન જેમાં એક પેડ મા કે નામ અભિયાન હેઠળ ૫૬૨ વૃક્ષો વાવવામાં આવશે અને સરદાર સ્મૃતિ વનની સ્થાપના પણ કરવામાં આવશે. એન.એસ.એસ કેમ્પનું આયોજન, મહાનુભાવોની પ્રતિમાની સફાઈ અભિયાન, સ્વચ્છતા અભિયાન, સામાજિક કલ્યાણ જેમાં વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા લેવડાવી યોગ અને આરોગ્ય શિબિરનું આયોજન કરાશે.

### અઢી વર્ષમાં આરોપી પૂજારીએ 117 કિલોગ્રામ ચાંદી ચોરી હતી

## પાલડીના જૈન દેરાસરમાં ચોરી મામલે પૂજારી સહિત 5 ઝડપાયા

અમદાવાદ | અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા પ્રતિષ્ઠિત શાંતિવન શીતલનાથ-વસુપુજ્ય જૈન દેરાસરમાંથી રૂ.1.64 કરોડના ચાંદીના આભૂષણો અને શૃંગાર સામાનની ચોરી થઈ હતી. આ મામલે પોલીસે પૂજારી અને સફાઈ કર્મચારી તરીકે કામ કરતા દંપતી સામે ગુનો નોંધ્યો હતો. સમગ્ર કેસ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મુખ્ય આરોપી પૂજારી સહિત પાંચ શખસની ધરપકડ કરી છે. અમદાવાદના પાલડીમાં આવેલા લક્ષ્મીવર્ધક જૈન દેરાસરમાં ચોરી મામલે શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘના જિલ્લા સચિવ રાજેશ ચંપકલાલ શાહે ફરિયાદમાં નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે મેહુલ રાઠોડ નામના પૂજારી, સફાઈ કર્મચારી કિરણ અને તેની પત્ની હેતલ ઉર્ફે પુરી, ચોરીનો વહીવટ કરનારા બે વેપારીમાં રોનક શાહ અને સંજય જાગરિયાની ધરપકડ કરી છે. પોલીસે આરોપીની પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, આરોપી મેહુલ રાઠોડ છેલ્લા 15 વર્ષથી પૂજારી તરીકે હતો, આ દરમિયાન છેલ્લા અઢી વર્ષમાં આરોપી પૂજારીએ ટુકડે-ટુકડે 117 કિલોગ્રામથી વધુ ચાંદી ચોરી કરી લીધું હતું. જેમાં ચોરી કરેલા ચાંદીની ઓળખ ન થાય અને તેનો વહીવટ પાડવા માટે બે વેપારીઓ ચોરીનું ચાંદી ગાળીને તેના બદલે નવું ચાંદી ખરીદી લેતા હતા. દેરાસરના ભોયરામાં મૂર્તિની પાછળનું ચાંદીનું જડતર મૂકેલું હતું. જેની ચાવી પૂજારી મેહુલ પાસે રહેતી હતી. આરોપી પૂજારી કટર વડે ચાંદી કટિંગ કરતો અને સફાઈ કર્મચારી મારફતે મંદિરની બહાર ચાંદી લઈ જવાતું હતું. આ પછી આરોપી પૂજારી રોનક અને સંજય નામના વેપારીને ચાંદી વેચી દેતા હતા અને પૈસાથી ફરી નવા ચાંદી ખરીદતા હતા.

## અમદાવાદમાં આંગડિયા પેઢીના કર્મીની અપહરણ અને લૂંટમાં 4ની ધરપકડ

અમદાવાદ | આરોપીઓએ આંગડિયા પેઢીના કર્મચારીનું અપહરણ કરી તેમને નંબર પ્લેટ વગરની ગાડીમાં બેસાડીને સુરેન્દ્રનગર ખાતે લઈ ગયા બાદ કર્મચારીને ઉતારી દઈને લૂંટ ચલાવી હતી. અમદાવાદમાં નોંધાયેલા લૂંટ વિથ અપહરણના ગંભીર ગુનામાં ગ્રામ્ય LCB (સ્થાનિક ગુના શોધક શાખા) એ ઝડપી કાર્યવાહી કરીને ચાર આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ આંગડિયા પેઢીના એક કર્મચારીનું અપહરણ કરીને લૂંટને અંજામ આપ્યો હતો. આરોપીઓએ આંગડિયા પેઢીના કર્મચારીનું અપહરણ કર્યું હતું અને તેમને નંબર પ્લેટ વગરની ગાડીમાં બેસાડીને સુરેન્દ્રનગર ખાતે લઈ ગયા હતા. ત્યાં કર્મચારીને ઉતારી દઈને આરોપીઓએ લૂંટ ચલાવી હતી. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગ્રામ્ય LCB ની ટીમે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા અને આ ગુનામાં સંડોવાયેલા ચાર આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આ આરોપીઓ છેલ્લા એક મહિનાથી આ અપહરણ અને લૂંટના ગુનાને અંજામ આપવા માટે રેકી કરી રહ્યા હતા. ગ્રામ્ય પોલીસે હાલમાં ધરપકડ કરાયેલા ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે, જેમાં લૂંટનો મુદ્દામાલ કબજે કરવો અને ગુનામાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલ છે કે કેમ તે જાણવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

### ડ્રાઈવરે રાહદારીના પગ પર બસ ચઢાવી દેતા બે શખસો રોષે ભરાયા

## અમદાવાદ : નારણપુરમાં 'અકસ્માત કેમ કર્યો' કહી BRTS બસમાં તોડફોડ કરી

અમદાવાદ | અમદાવાદના નારણપુરા પાસે ગઈકાલે મોડી રાત્રે BRTS બસના ચાલકે એક રાહદારીના પગ પરથી બસ ચડાવી દેતા બે શખ્સોએ ભેગા મળીને BRTS બસના કાચ તોડી બસમાં તોડફોડ કરી હતી. આ ઉપરાંત બસના ડ્રાઈવરને પણ બસમાંથી ઉતારીને માર માર્યો હતો. આ મામલે બસના ડ્રાઈવર ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બે શખ્સોએ ભેગા મળીને BRTS બસના કાચ તોડી બસમાં તોડફોડ કરી બે શખ્સોએ ભેગા મળીને BRTS બસના કાચ તોડી બસમાં તોડફોડ કરી બસના વળાંક સમયે રાહદારીના પગ પર બસનું ટાયર આવી ગયું વેજલપુરમાં રહેતા મહેબૂબ મંડલીએ ઘાટલોડિયા પોલીસ સ્ટેશનનો ફરિયાદ નોંધાવી છે કે, તેઓ છેલ્લા 4 વર્ષથી ડ્રાઈવર તરીકે નોકરી કરે છે અને BRTS બસ ચલાવે છે.

ગઈકાલે રાત્રે છેલ્લી ટ્રીપ સાણંદ ચોકડીથી જય મંગલ સુધીની હતી. જેમાં તેઓ જય મંગલ સ્ટોપ પાસે આવ્યા અને બસ લઈને શાસ્ત્રીનગર ચાર રસ્તાથી નારણપુરા બસ ડેપો ખાતે મૂકવા જતા હતા ત્યારે વળાંક પર બસની ખાલી સાઈડના ટાયરમાં એક રાહદારીનો પગ આવી ગયો હતો. જેથી, તેમણે બસની બ્રેક મારી હતી. જે બાદ બસ સાઈડમાં ઊભી રાખતા રાહદારી પગ પકડીને બેસી ગયો હતો. સાઈડના ટાયરમાં એક રાહદારીનો પગ આવી ગયો હતો મહેબૂબભાઈ બસ લઈને થોડા આગળ ગયા ત્યારે બે શખસોએ હાથમાં લાકડી અને પાઈપ વડે અકસ્માત કેમ કર્યો છે તેમ કહી બસનો કાચ તોડીને બસમાં તોડફોડ કરી હતી.મેહબૂબભાઈને બસમાંથી નીચે ઉતારીને લાફા અને ફેટ મારી દીધી હતી.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# દિવાળીનાં તહેવારને લઈ ફાયર વિભાગ સજ્જ...

## રાજકોટમાં 5 હંગામી ફાયર સ્ટેશન ઊભા કરાયા, 445 કર્મચારીઓનો કાફલો નવા વર્ષની સવાર સુધી ખડેપગે રહેશે



રાજકોટ | રાજકોટમાં દિવાળીનાં તહેવારને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકાના ફાયર અને ઇમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા આગની ઘટનાઓને તાત્કાલિક નિયંત્રણમાં લેવા માટે ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. ઇન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઝાલાએ માહિતી આપતા જણાવ્યું હતું કે ધનતેરસથી બેસતા વર્ષના સવાર સુધી સમગ્ર સ્ટાફ 24 કલાક ખડેપગે ફરજ પર રહેશે.

મનપાનાં ઇન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઝાલાએ જણાવ્યું હતું કે, તહેવારો દરમિયાન લોકોની અવરજવર વધવાથી અને ફટાકડા ફોડવાના કારણે આગ લાગવાની ઘટનાઓમાં વધારો થતો હોય છે. આથી, કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને અને બને તો તેને ઝડપથી કાબૂમાં લઈ શકાય તે માટે ફાયર વિભાગે પૂરતી વ્યવસ્થા કરી છે. જેમાં 5 હંગામી ફાયર સ્ટેશન ઊભા કરાયા છે. તેમજ 445 કર્મચારીઓનો કાફલો નવા વર્ષની સવાર સુધી ખડેપગે રાખવામાં આવશે. શહેરમાં આવેલા ભીડવાળા અને મોટી માર્કેટ ધરાવતા વિસ્તારો તેમજ સાંકડી શેરીઓ અને ગીચ બજારોને ધ્યાનમાં રાખીને 5 અલગ-અલગ સ્થળોએ હંગામી ફાયર સ્ટેશન ઊભા કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં પરાબજાર, ફૂલછાબ ચોક, યુનિવર્સિટી રોડ, પંચાયત ચોક અને વેરક રોડનો સમાવેશ થાય છે. આ તમામ 5 હંગામી ફાયર સ્ટેશનો પર 24 કલાક માટે એક ફાયર ટેન્ડર વાહન અને એક ટીમ સંપૂર્ણ સજ્જતા સાથે તહેનાત રહેશે, જેથી તાત્કાલિક રિસ્પોન્સ આપી શકાય. આગામી ત્રણ દિવસ માટે ફાયર વિભાગનો કુલ 445 માણસોનો મેનપાવર 24 કલાક માટે સેવા આપવા ઉપલબ્ધ રહેશે. ફાયર વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર, સામાન્ય રીતે દિવાળીના તહેવારોમાં સરેરાશ 125થી 150 જેટલા કોલ ફાયરના આવતા હોય છે, જેમાં નાના-મોટા તમામ બનાવનો સમાવેશ થાય છે. આ પ્રકારની ઘટનાઓને પહોંચી વળવા માટે ફાયર વિભાગ સંપૂર્ણ રીતે સજ્જ છે.

ઇન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઝાલાએ શહેરની જનતાને તહેવારો દરમિયાન વિશેષ સાવચેતી રાખવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ફટાકડા ફોડતી વખતે નાના બાળકોને ક્યારેય એકલા ન મૂકવા જોઈએ અને તેમની સાથે રહેવું જોઈએ. સુરક્ષા માટેના અન્ય પગલાંઓમાં જો કોઈ આગ લાગે તો તેને બુઝાવવા માટેના તમામ પ્રાથમિક ઇક્વિપમેન્ટ્સ, જેમ કે પાણીની ડોલ, નજીકમાં તૈયાર રાખવા, ફટાકડા ફોડતી વખતે ફૂલ સ્લીવના કપડાં પહેરવા સહિતની સલાહ તેમના દ્વારા આપવામાં આવી છે.



# 15,000થી વધુ મુસાફરોએ ભૂખ્યા-તરસ્યા રસ્તા પર રાત વિતાવી

## સુરતના ઉધના રેલવે સ્ટેશન પર 3 કિમી લાંબી લાઇન, PM મોદી પાસે મદદની માગ કરી...

સુરત | દિવાળી, છઠ , છઠ પૂજા અને બિહાર વિધાનસભા ચૂંટણીને કારણે ઉત્તર ભારત તરફ જનારા યાત્રીઓનો અભૂતપૂર્વ ધસારો સુરતનાં ઉધના રેલવે સ્ટેશન પર જોવા મળી રહ્યો છે. છેલ્લા 24 કલાકથી હજારોની સંખ્યામાં યાત્રીઓ સ્ટેશન પર ઉત્તર ભારત જવા માટેની ટ્રેનોની રાહ જોઈને ઊભા છે, પરંતુ ટ્રેન ફૂલ થઈ જતાં અનેક યાત્રીઓમાં હતાશા અને નિરાશા વ્યાપી વ્યાપી છે. રેલવેએ સુવિધા મુદ્દે કરેલા દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે.

રેલવે તંત્રને રવિવારના દિવસે સૌથી વધુ ભીડ થવાની જાણ હોવા છતાં પણ ગત રાત્રે 8 વાગ્યાથી લઈને આજે 11 વાગ્યા સુધીમાં માત્ર બે ટ્રેન જ ઉધના રેલવે સ્ટેશન ખાતેથી ઉપડી છે. બાળકો મહિલાઓ અને વૃદ્ધોને સૌથી વધુ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. ભૂખ્યા તરસ્યા લાઇનમાં ઊભા હોવાથી હવે તેમનો આક્રોશ પણ ફાટી નીકળ્યો છે. આ સાથે પીએમ મોદીને વધુ તેનો મુકવા માટે અપીલ પણ કરી રહ્યા છે.

સુરત અને ઉધનાથી દોડતી બિહાર, ઉત્તરપ્રદેશ, ઝારખંડ તરફની ટ્રેનોમાં મુસાફરોની ભીડ વધી રહી છે. આજે ટ્રેનમાં બેસવા માટે ગતરોજ સાંજથી જ ઉધના રેલ્વે સ્ટેશનની બહાર ભીડ થવાની શરૂઆત થઈ ગઈ હતી. કેટલાક લોકો તો બે થી ત્રણ વાર ટિકિટ કેન્સલ કરાવીને ફરી ટ્રેનમાં બેસવા માટે છેલ્લા 12 થી 15 કલાકથી લાઇનમાં ઊભા છે. જેમાં બાળકો મહિલાઓ અને વૃદ્ધોને વધારે પ્રોબ્લેમ થઈ રહ્યો છે. મહિલાઓ જણાવી રહી છે કે તેમના બાળકો ભૂખ્યા તરસ્યા રડી રહ્યા છે અને છેલ્લા 15 થી 20 કલાકથી લાઈનમાં ઊભા છે. રેલવે તંત્ર દ્વારા જે પ્રકારે વ્યવસ્થા કરવી જોઈએ તે પ્રકારની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. ટ્રેનો વધુ મૂકવી જોઈએ પણ અહીં ગતરાજ થી અત્યાર સુધીમાં માત્ર બે ટ્રેન જ મૂકવામાં આવી છે અને તે જતી રહી છે. આજે વધુ ટ્રેન મૂકવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી રહી છે જોકે તેમાં બેસતા હજુ 12 કલાક જેટલો સમય થાય તેવી પણ શક્યતાઓ છે.

આજે સવારથી સાંજ સુધીમાં 7,000 થી વધુ લોકો ટ્રેન મારફતે પોતાના વતન તરફ જાય તેવી શક્યતાઓ છે. જેના માટે પશ્ચિમ રેલવે દ્વારા 21 જેટલી ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે આ ટ્રેનની વ્યવસ્થા થોડી મોટી થવાના કારણે લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

**પબ્લિક બહુ આક્રોશમાં છે અને રેલવેએ કશું કર્યું નથી, એવા કંઈક આક્ષેપ કરી રહ્યા છે?** | દિવાળી અને છઠ, તેમનો તહેવાર છે, તેના માટે પશ્ચિમ રેલવે હંમેશાથી તૈયાર છે. મુસાફરોની સંખ્યાની મોનિટરિંગ થઈ રહી છે. તેને જોતા અમે સ્પેશિયલ ટ્રેનોની સંખ્યા પણ વધારી રહ્યા છીએ. તો, અમારો પૂરો પ્રયાસ રહેશે કે દરેક મુસાફર પોતાના ઘરે યુપી અને બિહાર જઈને પોતાના પરિવારની સાથે તહેવાર મનાવી શકે, અને તેના માટે અમે પ્રતિબદ્ધ છીએ. આજે સવારે જેમ તમે જોયું, જયનગર માટે અમે બે એક્સ્ટ્રા ટ્રેનો બીજી એનાઉન્સ કરી છે, અને મોનિટરિંગ કરવામાં આવી રહી છે, જો જરૂર પડી તો બીજી ટ્રેનો પણ ચલાવવામાં આવશે.' અમારા જે ટિકિટ ચેકિંગ સ્ટાફ છે અને રેલવે સુરક્ષા બળના જવાન છે, સિક્યુરિટી સ્ટાફ છે, તેમને અમે ડિપ્લોય કર્યા છે. તે મુસાફરોની મદદ કરી રહ્યા છે. હોલ્ડિંગ એરિયાઝ બનેલા છે, જે લાઈનમાં લાગેલા છે, તેમને કહે છે કે, પીવાના પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. હોલ્ડિંગ એરિયામાં સીટિંગની વ્યવસ્થા છે, પાણીની વ્યવસ્થા છે, તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

## ન્યૂઝ ફ્લેશ

### ગોત્રી સેવાસી રોડ પર જ્વેલર્સ શોપમાં આગ

વડોદરા | વડોદરા શહેરમાં દિન-પ્રતિદિન આગના બનાવોમાં સતત વધતો થઈ રહ્યો છે. વડોદરાના ગોત્રી સેવાસી રોડ પર આવેલ બિલ્ડિંગના બીજા માળે સોનાના દાગીના બનાવતી જ્વેલર્સ શોપની પાછળના ભાગે આગ લગતા અફરાતફરી મચી ગઈ હતી. આ બનાવને લઈ વાસણા ફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

શહેરના ગોત્રી સેવાસી રોડ પર આવેલ રોમા એમ્પોરિયમ કોમ્પ્લેક્સમાં બીજા માળે આવેલ યશોદા જ્વેલર્સના પાછળના ભાગે આગનો બનાવ સામે આવ્યો હતો. આ બનાવમાં ફાયર વિભાગનું કહેવું છે કે, સોનુ ઓગાળવાની પ્રોસેસ દરમિયાન ચીમની પાસે આગ લાગી હતી. આ આગ લગતા અફરાતફરી મચી ગઈ હતી. જોકે, સમયસૂચકતા અને માલિકે કરેલા ફાયર વિભાગને કોલ ગણતરીના સમયમાં વાસણા ફાયર સ્ટેશનની ટીમ પહોંચી પહેલા ફાયર સાધનો વડે આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. વીજ પ્રવાહ ચાલુ હોવાથી પાણીનો મારો પાછળથી ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આ અંગે ફાયરને કોલ આપનાર અને જ્વેલર્સ માલિક પ્રવીણભાઈ સોનીએ જણાવ્યું હતું કે, આ અંગે અમને જાણ થતા અમે ફાયર વિભાગને જાણ કરી હતી. અમારે અહીંયા દાગીના બનાવવાની શોપ છે અને પાછળના ભાગે શોર્ટ સર્કિટ ક્યા કારણોસર આગ લાગી તે ખબર નથી. પાછળના ભાગે ધુમાડો વધુ દેખાતા અમે ફાયર વિભાગને જાણ કરી હતી.

### ચીખલીમાં કરોડોની જમીનના બનાવટી દસ્તાવેજો

નવસારી | નવસારી જિલ્લાના ચીખલી ખાતે જમીન વેચાણના બહાને 1.51 કરોડથી વધુની છેતરપિંડી થઈ છે. એક નિવૃત્ત વેપારીને વિશ્વાસમાં લઈ નવસારી અને વલસાડની ચાર જમીનો પચાવી પાડવાનો પ્રયાસ કરાયો હતો. આ મામલે ચીખલી પોલીસે ચાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, દિલીપ નટુભાઈ રાજપૂત, ઝુબેર ઇકબાલ મેમણ, ગોકુળ મોરારભાઈ વર્મા અને ધર્મેન્દ્રકુમાર મગનલાલ રાઠોડ નામના આરોપીઓએ પૂર્વઆયોજિત ગુનાહિત કાવતરું રચ્યું હતું. તેઓએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી જમીન વેચાણનો સોદો નક્કી કર્યો હતો. આરોપીઓએ ગણદેવી તાલુકાના ધનોરી, ચીખલીના આમધરા અને સાદકપોર ગામની જમીનો તેમજ વલસાડ જિલ્લાના અબ્રામા ગામની બ્લોક સર્વે નંબર 259/1 (નવો બ્લોક નંબર 446) વાળી જમીન વેચવાનું નક્કી કર્યું હતું. આરોપીઓએ ઉપરોક્ત જમીનોના બનાવટી સાટાખત અને વેચાણ દસ્તાવેજો તૈયાર કર્યા હતા. આ દસ્તાવેજોમાં સરકારી કચેરીના બનાવટી સહી-સિક્કા, જમીનના મૂળ માલિકોની ખોટી સહીઓ અને ખોટા ફોટાઓનો ઉપયોગ કરી તેને સાચા તરીકે રજૂ કર્યા હતા. આ રીતે ફરિયાદી મહાવીરપ્રસાદ સુમેરચંદ જૈન પાસેથી ચારેય જમીનો પેટે કુલ 1,51,98,000/- (એક કરોડ એકાવન લાખ અઠ્ઠાણું હજાર રૂપિયા) પડાવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવામાં આવી હતી.

'મારો આભાર માનો, મેં સીટ ખાલી કરી એના માટે'

# રાજ્યકક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોરનું ગેનીબેને સ્વાગત કર્યું

## સાંસદના નિવેદનથી બનાસકાંઠાનું રાજકારણ ગરમાયું

(એજન્સી) બનાસકાંઠા (પાલનપુર) | તા. 19

ભૂપેન્દ્ર પટેલ 2.0 સરકારના મંત્રીમંડળમાં ફેરબદલ અને વિસ્તરણ કરાયું છે. જેમાં વાવના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોરને રાજ્યકક્ષાના મંત્રી બનાવાયા છે. ત્યારે કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે રાજ્યકક્ષાના પ્રધાન સ્વરૂપજી ઠાકોરનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ગેનીબેન ઠાકોરે સ્વરૂપજી ઠાકોરને કહ્યું કે, 'મારો આભાર માનો, મેં સીટ ખાલી કરી તેના માટે.' આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

તાજેતરમાં ભૂપેન્દ્ર પટેલ 2.0 સરકારના મંત્રીમંડળમાં ફેરબદલ અને વિસ્તરણ કરાયું છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં વાવ બેઠકના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોરને રાજ્યકક્ષાના મંત્રી બનાવવામાં આવ્યાં છે. જેને પગલે જિલ્લામાં તેઓનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવી રહ્યું છે. રાજ્યકક્ષાના પ્રધાન બન્યા બાદ સ્વરૂપજી ઠાકોર પ્રથમવાર ભાભર પહોંચ્યા હતા. તેમના સમર્થકો દ્વારા ભાભરમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દમિયાન કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે પણ તેમનું સ્વાગત કર્યું હતું. તેઓએ હસતા હસતા કહ્યું કે, 'મારો આભાર માનો, મેં સીટ ખાલી કરી તેના માટે.' જોકે, ગેનીબેનના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

વાવ-થરાદ જિલ્લાના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોરને તાજેતરમાં રાજ્યકક્ષાનું મંત્રી પદ આપવામાં આવ્યું હતું. આ પદ મળ્યા બાદ પાલનપુરના ચડોતર ખાતે આવેલ કમલમ કાર્યાલયમાં ભાજપના કાર્યકર્તાઓ, ધારાસભ્યો, જિલ્લા ભાજપ પ્રમુખ અને અન્ય આગેવાનો દ્વારા તેમનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. પાલનપુરમાં કમલમ કાર્યાલયમાં સન્માન સમારોહ બાદ સ્વરૂપજી ઠાકોર પોતાના મતવિસ્તારમાં પહોંચ્યા હતા. મંત્રી પદ મળતા તેમના સમર્થકોમાં ખુશીનો માહોલ હતો અને અનેક વિસ્તારોમાં તેમનું ઉષ્માભેર સન્માન કરવામાં આવ્યું હતું. આ જ સમય દરમિયાન ભાભરમાં યોજાયેલા સન્માન સમારોહમાં ગેનીબેન ઠાકોર પણ જોડાયા હતા.



**કોણ છે સ્વરૂપજી ઠાકોર?**

ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોર 2022માં વાવ બેઠક પરથી ગેનીબેન ઠાકોર સામે ચૂંટણી લડ્યા હતા અને 15,601 મતથી હારી ગયા હતા. ઠાકોર સેનાના પ્રદેશ ઉપાધ્યક્ષ રહી ચૂકેલા સ્વરૂપજી ઠાકોર વાવ તાલુકાના બીયોક ગામના રહેવાસી છે. તેઓ 2019માં બનાસકાંઠા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે લોકસભાની ચૂંટણી લડ્યા હતા. તેમને 48,634 મત મળ્યા હતા. જે બાદ ગેનીબેન સાંસદ બનતા વાવ બેઠક ખાલી થઈ હતી. જેથી વર્ષ 2024માં વાવ વિધાનસભાની બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસના ગુલાબસિંહને હરાવી સ્વરૂપજી ઠાકોરની 2442 મતથી જીત થઈ હતી. ઉલ્લેખનીય છે કે, આ પેટા ચૂંટણીમાં કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતને જીતાડવા માટે સાંસદ ગેનીબેન ઠાકોરે એડીચોટીનું જોર લગાવ્યું હતું, તેમ છતાં પેટા ચૂંટણીમાં ગુલાબસિંહની હાર થઈ હતી. બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભામાં ગેનીબેન ઠાકોર ધારાસભ્ય હતાં, એ બાદ કોંગ્રેસ દ્વારા ગેનીબેન ઠાકોરને લોકસભાના ઉમેદવાર તરીકે જાહેર થયાં હતાં અને બનાસકાંઠા જિલ્લામાં સાંસદ તરીકે ચૂંટાઈઆવ્યાં હતાં. એના કારણે વાવ વિધાનસભા બેઠક ખાલી થઈ હતી. જે બાદ પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસના ગુલાબસિંહને હરાવી સ્વરૂપજી ઠાકોર વાવના ધારાસભ્ય બન્યા હતા.

# ખારી નદીમાં છકડો ઘૂસતાં ચાલકનું મોત

## વિસનગરના બાસણા ગામે પુલ પાસે અકસ્માત

(એજન્સી) વિસનગર | તા. 19



વિસનગર તાલુકાના બાસણા ગામે ખારી નદીના પુલ નજીક એક છકડો નદીમાં ઘૂસી જતાં તેના ચાલકનું મોત નીપજ્યું છે. આ ઘટના બાસણા બસ સ્ટેન્ડથી ગામ તરફ જતા રોડ પર બની હતી. પોલીસે મૃતકના ભત્રીજાની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૃતક ચાલક ફુલજીભાઈ જેસંગભાઈ ચૌધરી (રહે. બાસણા ગામ) છકડો લઈને બસ સ્ટેન્ડથી ગામ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન કોઈ અગમ્ય કારણોસર તેમનો છકડો ખારી નદીના પુલ પાસે નદીમાં ખાબક્યો હતો. આ અકસ્માતમાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી.

ઈજાગ્રસ્ત ફુલજીભાઈને તાત્કાલિક સારવાર અર્થે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગેની જાણ થતાં તેમના ભત્રીજા રાકેશકુમાર પ્રભુદાસ ચૌધરી પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. ફરજ પરના ડૉક્ટરે ફુલજીભાઈ ચૌધરીને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા, પોલીસે રાકેશકુમાર પ્રભુદાસ ચૌધરીના નિવેદનના આધારે ગુનો દાખલ કર્યો છે. રાકેશ ચૌધરીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે તેમને છકડાના માલિક અને તેના નંબર વિશે કોઈ જાણકારી નથી.

# ઘરે દિવાળી કરવા જતાં યુવકનું ટ્રકની અડફેટે મોત : સુરતથી ઘોઘંબા જતા નેશનલ હાઇવે પર બાઇક-ટ્રક વચ્ચે અકસ્માત, મૃતકના વર્ષ પહેલા જ લગ્ન થયા હતા

વડોદરા | સુરતથી ઘોઘંબા દિવાળી પર્વની ઉજવણી કરવા જઈ રહેલા 19 વર્ષીય યુવકનું વડોદરા નજીક નેશનલ હાઇવે પર દરજીપુરા એરફોર્સ સ્ટેશન પાસે ટ્રકની ટક્કરે મોત થયું છે, જેને પગલે પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. હરણી પોલીસે આરોપી ટ્રક ચાલકની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. મૃતક પંકજ અને અન્ય શખ્સ બાઇક લઈને ઘરે આવતા હતા તે દરમિયાન અકસ્માત થયો હતો. ઉલ્લેખનીય છે કે મૃતકના એક વર્ષ પહેલા જ લગ્ન થયા હતા.

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના સાતલીયા ગામના રહેવાસી તખતભાઈ શંકરભાઈ બારીયા (ઉંમર 38 વર્ષ)એ હરણી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગઈકાલે(18 ઓક્ટોબર) શનિવારે મોડીરાત્રે તેમના સાળા પંકજભાઈ છત્રસિંહ બારીયા (ઉંમર 19 વર્ષ, રહે. પાદેડી (ઝાબકુવા), તા. ઘોઘંબા, જિ. પંચમહાલ)નું દરજીપુરા એરફોર્સ બ્રિજ પર થયેલા અકસ્માતમાં મોત થયું છે. આ અકસ્માતમાં ટ્રેલરના ચાલકે બેદરકારીથી વાહન ચલાવીને મોટર સાઇકલને ટક્કર મારી હતી અને ત્યારબાદ ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

તખતભાઈ અને તેમના સાળા પંકજભાઈ સહિત ગામના અન્ય લોકો સુરતમાં સેન્ટિંગનું કામ કરી રહ્યા હતા. દિવાળીના તહેવારને કારણે તેઓ વતન પરત ફરી રહ્યા હતા. તખતભાઈ અને અન્ય સંબંધીઓ ઇકો વાનમાં મુસાફરી કરી રહ્યા હતા, જ્યારે પંકજભાઈ અને તેમના ગામના અશ્વિનભાઈ રમેશભાઈ બારીયા ટીવીએસ કંપનીની અપાચે મોટરસાયકલ (નંબર GJ-17-CH-8918) પર સવાર હતા. ટ્રાફિકને કારણે તેમની બાઇક આગળ નીકળી ગઈ હતી.

તખતભાઈ ફરજણ હાઈવે પર હતા, ત્યારે રાત્રે આશરે 7 વાગ્યે અશ્વિનભાઈના મોબાઇલથી અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો અને અકસ્માતની જાણ કરી હતી. ત્યારબાદ 108 એમ્બ્યુલન્સ તરફથી પણ ફોન આવ્યો હતો કે, ઇજાગ્રસ્તોને વડોદરાની સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. તખતભાઈ અને અન્ય લોકો એક કલાક પછી દરજીપુરા બ્રિજ પર પહોંચ્યા, ત્યારે ટ્રેલર (નંબર HR-46-E-1619) ઉભું હતું.

આસપાસના લોકોએ તેમને જણાવ્યું હતું કે, ટ્રેલરના ચાલકે પૂરપાટ ઝડપે અને બેદરકારીથી વાહન ચલાવીને બાઈકને ટક્કર મારી હતી. મોટરસાયકલ બ્રિજના ઉપરના ભાગે પડેલી હતી. સયાજી હોસ્પિટલમાં ફરજ પરના ડૉક્ટરે જણાવ્યું હતું કે, અકસ્માતમાં પંકજને ગંભીર ઇજા થઈ હતી અને રાત્રે 7.30 વાગ્યે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે અશ્વિનભાઈને સામાન્ય ઇજા થઈ હતી. હરણી પોલીસે અકસ્માતના કેસમાં તપાસ શરૂ કરી છે અને ટ્રક ચાલકને ઝડપી પાડ્યો હતો.

પંકજના એક વર્ષ પહેલા લગ્ન થયા હતા. તે સુરતમાં મારી સાથે કામ કરતો હતો. અમે સુરતથી દિવાળી કરવા માટે ઘરે જઈ રહ્યા હતા.

# પોલીસ પ્રજાનો મિત્ર : દિવાળીની ખરીદીમાં ભૂલાયેલી વૃદ્ધની ₹60,000ની 'મરણમૂડી' પોલીસે 15 CCTV ચેક કરી શોધી આપી

(એજન્સી) જૂનાગઢ | તા 19

દિવાળીના તહેવારની ધમધમતી ખરીદી વચ્ચે જૂનાગઢ પોલીસે ઈમાનદારી અને જનસેવાની ઉમદા મિસાલ રજૂ કરી છે. કેશોદથી ખરીદી કરવા આવેલા એક 70 વર્ષીય વૃદ્ધની રિક્ષામાં ભૂલાયેલી રોકડ 60,000 અને ખરીદેલા કરિયાણાની થેલીને પોલીસે માત્ર ગણતરીના કલાકોમાં શોધી કાઢીને વૃદ્ધને પરત સોંપી દીધી હતી, જેનાથી પોલીસ પ્રજાનો મિત્ર છે, તે સૂત્ર સાર્થક થયું છે.

કેશોદના ગોકુળનગર વિસ્તારના રહેવાસી વજુભાઈ વલ્લભભાઈ સુબા (ઉ.વ. 70) દિવાળીની ખરીદી કરવા જૂનાગઢ આવ્યા હતા. ખરીદી પૂર્ણ કર્યા બાદ તેઓ આઝાદ ચોક ખાતે એક રિક્ષામાં ઉતર્યા, પરંતુ ઉતાવળમાં પોતાની રૂ. 60,000 રોકડા અને અનાજ-કરિયાણું ભરેલી થેલી રિક્ષામાં જ ભૂલી ગયા હતા.

વૃદ્ધ વજુભાઈએ જણાવ્યું હતું કે હું કેશોદથી માલ લેવા જૂનાગઢ આવ્યો હતો. માલ લઈ રિક્ષામાં આઝાદ ચોક તરફ જતો હતો. હું રિક્ષામાંથી ઉતરીને ચાલવા લાગ્યો, ત્યાં જ ખબર પડી કે મારી મરણમૂડી રૂપિયા 60,000 અને સામાન રિક્ષામાં જ રહી ગયો છે અને રિક્ષાચાલક ગાયબ થઈ ગયો હતો.પોતાની જીવનભરની કમાણી ગુમ થવાથી વ્યથિત વજુભાઈ તાત્કાલિક જૂનાગઢ એ-ડિવિઝન પોલીસ સ્ટેશન પહોંચ્યા અને પીઆઈ આર.કે. પરમારને આખી ઘટનાની રજૂઆત કરી.



પીઆઈ આર.કે. પરમારે તરત જ સર્વેલન્સ સ્ક્વોડના માણસોને આઝાદ ચોક મોકલ્યા. પો. કોન્સ્ટેબલ ક્લેશ ચાવડાએ તાત્કાલિક નેત્રમ શાખાનો (CCTV કંટ્રોલ રૂમ) સંપર્ક કર્યો. નેત્રમ શાખાના વિજયભાઈ છૈયા અને સુખદેવસિંહ દ્વારા આઝાદ ચોક, તળાવ દરવાજા, વૈભવ ચોક, ગાંધી ચોક અને સુખનાથ ચોક ના એમ કુલ 15 જેટલા સરકારી અને ખાનગી સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા.

કેમેરા ફૂટેજમાં રિક્ષા તળાવ બાજુથી એક શેરીમાં અંદર જતી દેખાઈ. આખરે બ્લોચવાડાના સ્થાનિક કેમેરા ચેક કરતા આ રિક્ષા સંઘાડિયા બજાર તરફ જતી હોવાનું જણાયું. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આસપાસના મહોલ્લામાં તપાસ કરતા રિક્ષા મળી આવી. રિક્ષાની પાછળની સીટ પરથી વૃદ્ધની રોકડ ભરેલી થેલી હેમખેમ મળી આવી.

પોલીસે ગણતરીના કલાકોમાં, ટેક્નોલોજી અને માનવતાના સમન્વયથી, ગુમ થયેલી થેલીમાં રહેલા રૂ. 60,000 રોકડા અને કીમતી સામાન સાથે વૃદ્ધ વજુભાઈ સુબાને પરત સોંપ્યા.

# પારડી હાઇવે પર ટ્રકની અડફેટે બાઈક ચાલકનું મોત :

## અકસ્માત બાદ લોકોએ ચક્કાજામ કરી હોબાળો મચાવ્યો



(એજન્સી) વલસાડ | તા. 19

વલસાડના પારડી નેશનલ હાઇવે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પારડીના વલસાડી ઝાંપા પાસે બ્રિજ ઉપર એક ટ્રક ચાલકે બાઇક ચાલકને અડફેટે લેતા યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં રાહદારીઓ અને સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. બાઈક ચાલકના મોતથી રોષે ભરાયેલા લોકોએ હોબાળો મચાવ્યો હતો.

રોષે ભરાયેલા લોકોએ હાઇવે ચક્કાજામ કરી દીધો હતો. થોડા દિવસો અગાઉ પણ આ જ સ્થળે એક વ્યક્તિનું અકસ્માતમાં મોત થયું હોવાથી લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ઘટનાની જાણ થતા જ પારડી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મામલો થાળે પાડવા અને પરિસ્થિતિને નિયંત્રણમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

# ડીસામાં ફટાકડા વેપારીના મોત મુદ્દે 6 ખંડણીખોર પત્રકારો સામે ગુનો દાખલ, પૈસા પડાવ્યાનો આક્ષેપ

ડીસા : બનાસકાંઠાના ડીસા શહેરમાં ખંડણીખોર કથિત પત્રકારોના ત્રાસને કારણે એક ફટાકડાના વેપારીનું મોત નિપજતાં ખળભળાટ મચી ગયો છે. 17મી ઓક્ટોમ્બર 2025ના રોજ ફટાકડા વેપારી પાસે હપ્તા પેટે ખંડણી માંગવા આવેલા 6 કથિત પત્રકારો સાથે થયેલી રકઝક અને ઝઘડા બાદ વેપારી ઢળી પડ્યા હતા. હોસ્પિટલે પહોંચતા તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. વેપારી એસોસિયેશને ઉગ્ર વિરોધ નોંધાવતા પોલીસે છ આરોપીઓ સામે ખંડણી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ચારની ધરપકડ કરી છે. ડીસાના ખાડિયા વિસ્તારમાં કનૈયા સિઝનેબલ સ્ટોર્સ ચલાવતા અને દિવાળી નિમિત્તે ફટાકડાનો ધંધો શરૂ કરનારા વેપારી મુકેશ ઠક્કરના ભાગીદાર મુકેશ ઠક્કરે પોલીસ ફરિયાદમાં નોંધાવ્યા મુજબ, તંત્રની મંજૂરી મેળવી ધંધો શરૂ કરાયો હતો. બપોરના સમયે દિલીપ ત્રિવેદી અને પારસ મહારાજ નામના કથિત પત્રકારો વેપારી પાસે આવ્યા હતા. તેમણે ભાગીદાર મુકેશ ઠક્કરને અપશબ્દો બોલી તકરાર કરી હતી અને ગયા વર્ષની જેમ આ વખતે પણ 'હપ્તા' પેટે 25,000 રૂપિયા આપવા પડશે, નહીં આપો તો પેપરમાં છાપી હેરાન કરવાની ધમકી આપી હતી. વેપારીએ તેમને 10,000 રૂપિયા આપ્યા હતા, પરંતુ આરોપીઓએ બાકીના પૈસા માટે દબાણ કર્યું હતું. વેપારીએ ફટાકડા એસોસિયેશનની મીટિંગ બાદ પૈસા આપવાનું કહેતા રકઝક કરી આ લોકો ત્યાંથી જતાં રહ્યા હતા. એ જ રાત્રે, દિલીપ ત્રિવેદી અને પારસ મહારાજ ઉપરાંત તપન જયસ્વાલ, મેહુલ ખત્રી, રોહિત ઠાકોર અને હિતેશ રાજપૂત નામના અન્ય ચાર કથિત પત્રકારો દુકાને પહોંચ્યા હતા.

## ન્યુઝ ફ્લેશ

### વાસદ રેલવે ઓવરબ્રિજ પર હિટ એન્ડ રનમાં મહિલાનું મોત

આણંદ : આણંદ જિલ્લાના વાસદ - તારાપુર હાઈવે માર્ગ પર આવેલા વાસદ રેલવે ઓવરબ્રિજ ઉપર આજે બપોરના સુમારે બનેલી એક હિટ એન્ડ રનની ઘટનામાં અજાણ્યા ટ્રેલર જેવા વાહનના ચાલકે એક બાઈકને ટક્કર મારતા બાઈક પર સવાર મહિલાનું ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. જ્યારે બે બાળકો ઈજાગ્રસ્ત થયા હતા. આ બનાવ અંગે વાસદ પોલીસે અજાણ્યા ટ્રેલર ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આકલાવ તાલુકાના ભાણપુરા ગામે રહેતા ભરતસિંહ વિક્રમસિંહ રાજ આજે સવારના સુમારે પત્ની હેતલબેન (ઉ.વ. ૨૫) અને દીકરી અંજલીબેન(ઉ. વ. નવ) તથા છ વર્ષીય દીકરા મિતરાજને એક બાઈક ઉપર બેસાડી વાસદ ખાતે ખરીદી કરવા આવ્યા હતા. બે બાળકો સહિતનો આ પરિવાર વાસદ ખાતેથી ખરીદી બાદ પરત ભાણપુરા જવા નીકળ્યા હતા.

### આણંદ શહેર અને તાલુકા મથકોએ ખરીદી માટે લોકોની બજારોમાં ભીડ

આણંદ : આણંદ શહેર જિલ્લામાં આજે ધનતેરસની ઉલ્લાસભેર ઉજવણી થઇ હતી. આવતીકાલ રવિવારે કાળી ચૌદશની ઉજવણી થશે. આણંદ શહેરમાં આજે સવારના દસ વાગ્યાના આરસા બાદ બજારમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. લોકો ખરીદી માટે ઉમટી પડયા હતા. આણંદ શહેર, બોરસદ, આંકલાવ, પેટલાદ, ખંભાત,સોજિત્રા, ઉમરેઠ, તારાપુર તાલુકા મથકો ખાતે આજે દિવાળીના તહેવારોને કારણે બજારોમાં લોકોની ભીડ જોવા મળી હતી. આણંદ શહેરના જુના બસ સ્ટેન્ડ વિસ્તાર, અમૂલ ડેરી રોડ, સરકારી દવાખાના રોડ, લક્ષ્મી સિનેમા રોડ, ગોપાલ થિયેટર ચોકડી, આણંદ- વિદ્યાનગર રોડ, પોલીસન ડેરી વિસ્તારમાં લોકો ખરીદી માટે ઉમટી પડયા હતા. જેના કારણે લોકોને ચાલીને જવું પણ મુશ્કેલભર્યું બન્યું હતું.

### સાબરકાંઠા: હિંમતનગર રેલ્વે ટ્રેક પર ગમખ્વાર અકસ્માત, ટ્રેનની અડફેટે બે યુવકના મોત

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે એક અત્યંત કરૂણ અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. હિંમતનગર રેલ્વે ટ્રેક પર ટ્રેનની અડફેટે આવતાં બે યુવકના ઘટનાસ્થળે જ દર્દનાક મોત નિપજ્યા છે.મળતી માહિતી મુજબ, આ અકસ્માત હિંમતનગર નજીકના રેલ્વે ટ્રેક પર થયો હતો. અસરવાથી આગ્રા જઈ રહેલી ટ્રેનની અડફેટે બે યુવકો આવી ગયા હતા, આ અકસ્માતમાં બંનેના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. ઘટનાની જાણ થતાં જ રેલ્વે પોલીસ અને સ્થાનિક પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે બંને મૃતદેહોનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા.

'વોટ ચોર, ગદ્દી છોડ'ના ટી-શર્ટને મુદ્દો બનાવી શાસકોએ ખેલ પાડયો

# સામાન્ય સભામાં ભાજપની મેલીમૂરાદ, માર્શલોને બોલાવી વિપક્ષને બહાર કાઢ્યો

(એજન્સી) ભાવનગર | તા.19

ભાવનગર મહાનગરપાલિકાના સભાગૃહમાં મળેલી સામાન્ય સભાની શરૂઆત થઈ તે પહેલા જ કોંગ્રેસના સભ્યોએ પ્લે કાર્ડ દેખાડી સભાને તોફાની બનાવવાના મૂડનો પરચો આપી દીધો હતો. પરંતુ શાસક પક્ષ પણ વિપક્ષની કારી ન ફાવવા દેવાની તૈયારી કરીને જ આવ્યો હોય તેમ પ્રશ્નોત્તરી કાળની શરૂઆતમાં જ વિપક્ષના નેતા અને સભ્યોએ પહેરેલા 'વોટ ચોર, ગદ્દી છોડ' લખેલા ટી-શર્ટને મુદ્દો બનાવી મેયર અને ભાજપના સભ્યોએ ધૂંધવાતી આગમાં ઘી હોમી ધનતેસરમાં કાળી ચૌદશના કકળાટનો ભડકો કર્યો હતો.ટી-શર્ટ બદલી આવવા અને બોર્ડ રૂમમાંથી બહાર નીકળી જવાનું કહેતા કોંગ્રેસી સભ્ય ભરત બુધેલિયાએ અમે શું ગુનો કર્યો છે, કલમ દેખાડો તેવો સવાલ કરતા મેયર ગુસ્સે ભરાયા હતા અને માર્શલોને અંદર બોલાવી કોંગ્રેસ સભ્યોને ટીંગાટોળી કરાવી અને મહિલા સભ્યોને રજા વિના કેમ જતાં રહ્યા ?, કોઈનો આવી શકે તેમ કહી મેયરે બહાર કઢાવી મુક્યા હતા. ભારે વિરોધ અને દેકારા-પડકારા વચ્ચે મેયરે પ્રશ્નોત્તરી કાળ પૂરો કરવાની પણ તસ્દી લીધા વિના ફટાફટ તમામ ઠરાવને મંજૂર કરી સામાન્ય સભા પૂર્ણ કરાવી દીધી હતી.

શાસકના આવા વર્તનને કોંગ્રેસે લોકશાહીની હત્યા ગણાવી મનપામાં ભાજપનું તાલિબાની શાસન ગણાવી અમારે કયાં કપડાં પહેરવા એ તમારે નક્કી કરવાનું છે ? તેવા વેધક સવાલો કર્યા હતા. પૂર્વ વિપક્ષના નેતાએ કપડાં માંગ્યા તો સત્તારૂઢ ભાજપના સભ્યોએ ટીખળ કરતા તેમના મહિલા સભ્યોને સાડી, દુપટ્ટા આપવા કહીં શબ્દોની મર્યાદા ઓળંગ્યા હતા. કોંગ્રેસે 'વોટ ચોર, ગદ્દી છોડ' અને 'ભાજપ હાય..હાય..'ના નારા લગાવી વિરોધ દર્શાવ્યો હતો.ઉલ્લેખનિય છે કે, વિપક્ષના વિરોધનો ખેલદિલીથી સામનો કરવાના બદલે શાસકોએ બહુમતી અને બળજબરીનું શસ્ત્ર ચલાવ્યું હતું, તે ભાવનગરની પ્રજામાં નિંદનિય બન્યું છે.

૨૫ મિનિટ મોડા શરૂ થયેલી સામાન્ય સભા ૧૮ મિનિટમાં પૂરી કરી ભાજપના તમામ સભ્યોએ ચાલતી પકડી લીધી હતી. બીજી તરફ કોંગ્રેસે આખા કોર્પોરેશનને માથે લીધા બાદ સભ્યો ગાંધીચિંધ્યા માર્ગે સભા ગૃહમાં જ ધરણાં પર બેસી ગયા હતા. શાસકો અને અધિકારીઓએ અહીં પણ માનવતા નેવે મુકી દીધી હતી અને આજીજી કરવા છતાં સભા ગૃહના લાઈટ-પંખા, એસી શરૂ ન જ કરવાની જીદ પકડી રાખી હતી. જેથી કોંગ્રેસના સભ્યોને સવા કલાક સુધી લાઈટ વિના બેઠા રહેવું પડયું હતું. વિવાદના મધપૂડાનો ડંખ ન લાગે એટલે મેયર, કમિશનર અને અન્ય જવાબદાર અધિકારીઓએ કોર્પોરેશનમાંથી ચાલતી પકડી લીધી હતી.

પ્રથમ માર્શલોએ કોંગ્રેસના સભ્યોને બોર્ડ રૂમમાંથી બહાર હાંકી મુકવા પ્રયાસ કર્યા બાદ પોલીસના પાવરનો પણ ઉપયોગ કરવાના નિષ્ફળ પ્રયાસ થયા હતા. એક ફોને નિલમબાગ પોલીસ દોડતી આવી હતી અને સભા ગૃહમાં પ્રવેશી જતાં વિપક્ષના પૂર્વ નેતાએ નિયમનો અરીસો દેખાડતા પોલીસ સ્ટાફને લીલા તોરણે સભા ગૃહમાંથી બહાર નીકળી જવું પડયું હતું.કોંગ્રેસના સિનિયર સભ્ય ભરતભાઈ બુધેલિયાએ એવું જણાવ્યું હતું કે, સામાન્ય સભામાં તેમનો વધારોનો એક જ મુદ્દો હતો. જેમાં એસ્ટેટ વિભાગે અનઅધિકૃત ૩૯૩ ધાર્મિક દબાણોને જે નોટિસ આપી છે, તે તમામને ટોકનદરે જમીન ફાળવવા અને રેગ્યુલરાઈઝ કરવાની મંજૂરી આપવામાં આવે તેવી માંગ કરી હતી.

કોંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલે ભાજપ ઉપર આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, ભાજપે ભ્રષ્ટાચાર કર્યો છે, જનતાના કામ ન કરી તેમની સાથે મોટો અન્યાય કર્યો છે.

## પોલીસે પીછો કરીને ટ્રકમાં લઈ જવાતો રૂા. 14.76 લાખનો દારૂ પકડાયો

આણંદ : પેટલાદ તાલુકાના ચાંગા મલાતજ રોડ ઉપર પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને એક ટ્રકમાં છુપાવીને લઈ જવાતો રૂપિયા ૧૪.૭૬ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે વિદેશી દારૂ તથા ટ્રક મળી કુલ રૂપિયા ૩૫.૩૫ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જો કે,ટ્રક ચાલક અને મહિલા બુટલેગર અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા.વડતાલ ખાતે રહેતી નયનાબેન ઉર્ફે મુન્ની ભાઈલાલભાઈ ચાવડા વિદેશી દારૂનો ધંધો કરે છે અને એક ટ્રકમાં મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ભરી લાવી વલેટવા ચોકડીથી ચાંગા મલાતજ રોડ તરફ જનાર હોવાની માહિતી મહેળાવ પોલીસને મળી હતી. જેથી પોલીસની ટીમ ચાંગા મલાતજ રોડ ઉપર વોચમાં ગોઠવાઈ ગઈ હતી દરમિયાન માહિતી મુજબની ટ્રક આવી ચડતા પોલીસે તેને અટકાવવા ઈશારો કર્યો હતો. જોકે. પોલીસને જોઈને ચાલકે ટ્રક પૂરઝડપે હંકારી મૂકી હતી. પોલીસે ટ્રકનો પીછો કરતા ચાલકે ચાંગા પેટ્રોલ પંપ નજીક ટ્રકને ઉભી રાખી ટ્રકમાંથી ચાલક તથા મહિલા ઉતરીને ઝાડી ઝાંખરામાં નાસી છૂટયા હતા.

ચોપડા પૂજનનાં મુહૂર્ત

# ધન અને સમૃદ્ધિની પ્રાપ્તિ માટે રાશિ પ્રમાણેની પૂજા કરવાથી દેવી લક્ષ્મી અતિ પ્રસન્ન થશે

અમદાવાદ : પ્રકાશનું પર્વ દિવાળીનો તહેવાર ઉજવવામાં આવશે. આ દિવસે દેવી લક્ષ્મી અને ભગવાન ગણેશની પૂજાનું વિશેષ મહત્ત્વ છે. દર વર્ષે આસો અમાસના દિવસે ઉજવાતા દિવાળીના પાવન અવસર પર લક્ષ્મી પૂજનની સાથે સાથે ચોપડા પૂજન પણ કરવામાં આવે છે. પરંપરા અનુસાર, ચોપડા પૂજનમાં જૂના ખાતા બંધ કરી નવા ખાતાવહી ખોલીને પૂજા કરવામાં આવે છે.ચોપડા પૂજન

| અભિજીત મુહૂર્ત | લક્ષ્મી પૂજનનું મુહૂર્ત |
|---|---|
| બપોરે 12:13થી 12:59 સુધી | બપોરે 4:00થી સાંજે 8:55 સુધી |
| **પ્રદોષ કાળ** | **વૃષભ કાળ** |
| સાંજે 6:21થી 8:47 સુધી | સાંજે 7:49થી રાત્રે 9:48 સુધી |

**ચોપડા પૂજનના શુભ મુહૂર્ત**
**બપોરે - 3.૪૫ થી સાંજે - ૮.00 સુધી**
**રાત્રે - ૧૧.00 થી ૧૨.૩૬ સુધી**

દરમિયાન મુખ્યત્વે દેવી લક્ષ્મીની આરાધના કરાય છે, જેથી નવું વર્ષ આર્થિક રીતે સમૃદ્ધ અને ફળદાયી રહે. ઉપરાંત, જ્ઞાન-વિદ્યાની દેવી સરસ્વતીજીની પણ પૂજા કરાય છે.. દિવાળી પર રાશિ પ્રમાણે પૂજા કરો જ્યોતિષ શાસ્ત્ર અનુસાર, જો આ દિવસે દરેક રાશિના જાતકો પોતાની રાશિ પ્રમાણે લક્ષ્મી પૂજનમાં વિશેષ વસ્તુઓનો ઉપયોગ કરે અને કેટલાક ખાસ ઉપાયો કરે તો માતા લક્ષ્મીની કૃપા આખું

### દિવાળી પર લક્ષ્મીપૂજાનું વિશેષ મહત્ત્વ

દિવાળીના દિવસે ઘરમાં દેવી લક્ષ્મીની પૂજા કરવાનું વિશેષ મહત્ત્વ છે. એવું માનવામાં આવે છે કે ઘરમાં દેવી લક્ષ્મીની પૂજા કરવાથી સુખ-સમૃદ્ધિ અને સમૃદ્ધિ આવે છે. જે ઘરોમાં દેવી લક્ષ્મીની પિત્તળ કે ચાંદીની મૂર્તિ હોય છે ત્યાં નિયમિતપણે તેમની પૂજા કરવી જોઈએ. આ પાછળ ફક્ત ધાર્મિક કારણો જ નથી, પણ માનસિક કારણો પણ છે. એ આપણને પૈસા કમાવવા અને એનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવા પ્રેરણા આપે છે. મંદિરમાં લક્ષ્મીની સાથે ગણેશજીનું હોવું જરૂરી માનવામાં આવે છે, કારણ કે લક્ષ્મી ધનની દેવી છે.



## પંચમહાલના શહેરા-ગોધરા હાઈવે પર કારમાં ભીષણ આગ, પાંચ વ્યક્તિઓનો આબાદ બચાવ

પંચમહાલ : પંચમહાલ જિલ્લામાં શહેરા-ગોધરા હાઈવે પર ગમખ્વાર ઘટના બની હતી, જેમાં ચાલુ કારમાં અચાનક આગ ભભૂકી ઉઠતાં દોડધામ મચી ગઈ હતી. જોકે, કારમાં સવાર પાંચ વ્યક્તિઓની સમયસૂચકતાના કારણે તેમનો આબાદ બચાવ થયો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના શહેરાની વાઘજીપુર ચોકડી નજીક બની હતી. એક કાર મોડાસા તરફથી હાલોલ તરફ જઈ રહી હતી. આ દરમિયાન અગમ્ય કારણોસર કારના એન્જિનમાંથી ધુમાડો નીકળવાનો શરૂ થયો અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું. કારમાં આગ લાગવાની જાણ થતાં જ કારમાં સવાર તમામ પાંચ વ્યક્તિઓએ તુરંત જ સમયસૂચકતા વાપરીને કારમાંથી બહાર નીકળી ગયા હતા. થોડી જ વારમાં આગે સંપૂર્ણ કારને લપેટમાં લઈ લીધી હતી અને આખેઆખી કાર બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે, કારમાં સવાર તમામ વ્યક્તિઓ સુરક્ષિત રીતે બહાર નીકળી જતાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

2025 સ્કોડા ઓક્ટાવિયા RS પર્ફોર્મન્સ લોન્ચ

## ભારતમાં ફક્ત 100 યુનિટ વેચાશે; કિંમત ₹49.99 લાખ

નવી દિલ્હી : સ્કોડા ઓટો ઈન્ડિયાએ ભારતમાં તેની લક્ઝરી સેડાન, ઓક્ટાવિયા RS લોન્ચ કરી છે, જેની કિંમત 49.99 લાખ (એક્સ-શોરૂમ) છે. ભારતમાં ફક્ત 100 યુનિટ વેચાશે, અને 6 ઓક્ટોબર, 2025 ના રોજ ખુલ્યાના થોડા દિવસોમાં પ્રી-બુકિંગ વેચાઈ ગયું હતું. ડિલિવરી 6 નવેમ્બર, 2025 ના રોજ શરૂ થશે.ચેક કંપની સ્કોડાએ જાન્યુઆરી 2025 માં મોબિલિટી ગ્લોબલ એક્સ્પોમાં આ કારનું પ્રદર્શન કર્યું હતું. તેમાં 360-ડિગ્રી કેમેરા અને ADAS જેવી સલામતી સુવિધાઓ છે. તે સીધી હરીફ નથી, પરંતુ તે ફોક્સવેગન ગોલ્ફ GTI ને ટક્કર આપશે. તે Audi A4, BMW 2 સિરીઝ અને મર્સિડીઝ A-ક્લાસ કરતાં વધુ સ્પોર્ટી છે.2025 સ્કોડા ઓક્ટાવિયા RS એ રેગ્યુલર ઓક્ટાવિયાનું સ્પોર્ટી વર્ઝન છે. તેમાં ઘણા સ્ટાઈલિશ ડિઝાઈન ફેરફારો કરાયા છે. આગળના ભાગમાં બ્લેક ફિનિશ સાથે સ્કોડાની સિગ્નેચર બટરફ્લાય ગ્રિલ છે.તેમાં V-આકારના LED DRL સાથે ડ્યુઅલ-પોડ મેટ્રિક્સ LED હેડલાઈટ્સ છે. પાછળના ભાગમાં આકર્ષક રેપરાઉન્ડ LED ટેલલાઈટ્સ છે.આ કારમાં 18-ઈંચના ડ્યુઅલ-ટોન એલોય વ્હીલ્સ પણ છે, જે વધુ સારી હવા પ્રવાહ પ્રદાન કરે છે. બ્લેક બૂટ લિપ સ્પોઈલર અને બ્લેક ORVM તેના સ્પોર્ટી દેખાવમાં વધારો કરે છે.RS મોડેલના કેબિનમાં રેડ એક્સેન્ટ સાથે ઓલ-બ્લેક થીમ છે, જે તેને સ્પોર્ટી અનુભવ આપે છે. તેમાં સીટ પર લેધરેટ અપહોલ્સ્ટરી અને આગળ અને પાછળના મુસાફરો માટે સેન્ટર આર્મરેસ્ટ પણ છે.તેમાં 'સ્કોડા' અક્ષર સાથે 3-સ્પોક સ્ટીયરિંગ વ્હીલ, 13-ઈંચ ફ્રી-સ્ટેન્ડિંગ ટચસ્ક્રીન ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ અને 10-ઈંચ ડિજિટલ ડ્રાઈવર ડિસ્પ્લે હશે.




## નડિયાદની વુડલેન હોટલના રસોડામાં ગંદકી જણાતા 5 હજારનો દંડ

નડિયાદ : નડિયાદની વુડલેન હોટેલમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને નડિયાદ મનપાએ સંયુક્ત ચેકિંગ હાથ ધર્યું હતું. હોટેલમાં જમવા આવેલા ગ્રાહકને ભોજનમાંથી કાંકરો નિકળતા ફૂડ વિભાગને જાણ કરી હતી. બાદમાં હોટલમાં તપાસ કરતા રસોડામાં ગંદકી જણાતા પાંચ હજારનો દંડ કરાયો છે. નડિયાદ શહેરના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને નડિયાદ કોર્પોરેશન દ્વારા વુંડલેન હોટેલમાં ચેકિંગ હાથ ધર્યું હતું. કોર્પોરેશનની ટીમને હોટેલની તપાસ દરમિયાન રસોડાની બહારની બાજુએ ગંદકી જોવા મળી હતી. જે જાહેર આરોગ્યના નિયમોનું ઉલ્લંઘન સૂચવે છે. આ ગંભીરી મુદ્દાને ધ્યાનમાં રાખીને હોટેલને સ્થળ પર કોંપોરેશનને પાંચ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે વિવિધ ખાધ્ય પદાર્થોના નમૂના લઈને પુથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. આ નમૂનાનો રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.



## તળાજા યાર્ડની ચૂંટણીમાં ભાજપના 7 અને કોંગ્રેસ પ્રેરિત પેનલના 3 ઉમેદવારની જીત

તળાજા : તળાજા માર્કેટીંગ યાર્ડમાં ખેડૂત પેનલની યોજાયેલી ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલના સાત અને કોંગ્રેસ પ્રેરિત પેનલના ત્રણ ઉમેદવારોની જીત થઈ છે. ગત વર્ષ કરતા આ વર્ષની ચૂંટણીનું પરિણામ ઉલ્ટું રહેતા કોંગ્રેસનું સંખ્યાબળ ઘટયું હતું. ત્રિ-પાંખિયા જંગમાં ખેડૂત પેનલના ૧૦ ડિરેક્ટર ચૂંટવા માટે ૯૪.૮૯ ટકા મતદાન થયું હતું. આજે મતગણતરી થતાં ખેડૂત મતદારોએ ભાજપના ૭ અને કોંગ્રેસ પ્રેરિત ૩ ઉમેદારને ચૂંટી કાઢ્યા હતા. કોંગ્રેસના વિજેતા બનેલા ત્રણેય ઉમેદવારને સૌથી વધુ મત મળ્યાં હતા. આ ચૂંટણીમાં ભાજપના બે અને કોંગ્રેસના એક પૂર્વ પ્રમુખના શિરે પણ જીતનો કળશ ઢોળાયો હતો. ભાજપ ઉપર વેપારીઓ અને ખેડૂતોએ મુકેલા વિશ્વાસને લઈ જિલ્લા ભાજપ અધ્યક્ષ દિગુભા ગોહિલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતુ કે, તાલુકા સંગઠન, કાર્યકરોની ચૂંટણીલક્ષી કોઠાસૂઝ અને મહેનતનું પરિણામ છે. દરેક સમાજમાંથી ઉમેદવાર જીત્યા તે બાબતને તેમણે ગુદસ્તા સમાન ગણાવી હતી.

ભાવનગર સ્પેશિયલ ઓપરેશન ગૃપે છેલ્લા દોઢ વર્ષમાં

# ડ્રગ્સના ગુના સહિત 223 કેસના આરોપીઓને જેલભેગા કર્યાં

(એજન્સી) ભાવનગર | તા.19

ભાવનગર શહેર-જિલ્લામાં છેલ્લા દોઢ વર્ષ દરમિયાન સ્પેશિયલ ઓપરેશન ગૃપે એનડીપીએસ, બોગસ ડોક્ટર, નાસતા-ફરતા આરોપીઓ અને જીપી એક્ટ ૧૩૫ અને હથિયારના કેસો મળી કુલ ૨૨૩ કેસ કરી આરોપીઓને જેલ ભેગા કરી દીધા છે.ભાવનગર શહેર-જિલ્લામાં ગુનેગારો પર બાઝ નજર ગડાવી રાખતી અને એસપીની મહત્વની પાંખ ગણાતી એસઓજી સ્ક્વોર્ડ ખાસ કરીને ડ્રગ્સ, ગાંજો સહિત અનૈતિક પ્રવૃત્તિ પર સર્ચ ઓપરેશન કરી ગુનેગારોને દબોચી જેલ ભેગા કરે છે. તદુપરાંત ગાંજો, ચરસ અને ડ્રગ્સની હેરાફેરી કરતા અને વેચતા શખ્સોને ઉઠાવી લઈ કાયદેસરની પ્રક્રિયા હાથ ધરતી હોય છે. 'નો ડ્રગ્સ ઈન ભાવનગર'ના ધ્યેય સાથે નાર્કોટિક્સના ગુનાઓને ડામી દે છે. આમ, સ્પેશિયલ ઓપરેશન ગૃપ દ્વારા છેલ્લા બે માસમાં દરમિયાન નાર્કોટિક્સના ગુનામાં પકડાયેલા ઈસમો પર નજર બનાવી રાખી પીટ એનડીપીએસ એક્ટ મુજબ બે ઈસમો પર કાર્યવાહી કરી કરી જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત એસઓજી દ્વારા છેલ્લા દોઢ વર્ષ દરમિયાન એનડીપીએસ, બોગસ ડોક્ટર, નાસતા ફરતા આરોપીઓ અને જીપી એક્ટ ૧૩૫ અને હથિયારના કેસો મળી કુલ ૨૨૩ કેસ કરી તેના આરોપીઓને જેલ ભેગા કરી દીધા છે. આ ઉપરાંત નશિલા પદાર્થોના સેવન માટે ગોગો સ્મોકિંગ કોન, પેપરનો ઉપયોગ થતો હોવાનું ધ્યાને આવતા સ્મોકિંગ કોન અને પેપર પર ભાવનગરમાં સૌપ્રથમવાર પ્રતિબંધ લગાવાયો છે.

નાણાંકીય વર્ષ 2025-26 ના પ્રથમ બે ક્વાટરમાં

# ભાવનગરમાં 5 હજારથી વધારે કનેક્શનોમાં રૂ. 19.32 કરોડની વીજચોરી ઝડપાઈ

(એજન્સી) ભાવનગર | તા.19

પીજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરીએ ચાલુ નાણાંકીય વર્ષમાં પાંચ હજારથી વધારે વીજ કનેક્શનોમાં રૂ.૧૯.૩૨ કરોડની વીજચોરી ઝડપી પાડી છે. વીજતંત્રે જુદાં-જુદાં સમયે ડ્રાઈવ યોજી ૨૨ હજારથી વધારે વીજ કનેક્શનો ચકાસવામાં આવ્યા હતા. ગત નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૨૭ કરોડની વીજચોરી પકડાઈ હતી.

પીજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરીએ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ બે ક્વાટરમાં સમયાંતરે



જુદાં-જુદાં ડિવિઝનમાં વીજ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. વીજતંત્રએ છેલ્લા છ માસના સમયગાળામાં વીજ ચેકિંગ ડ્રાઈવ અંતર્ગત ૨૨,૭૮૯ વીજ કનેક્શન ચકાસવામાં આવ્યા હતા. જેમાંથી ૫૬૨૦ વીજ કનેક્શનોમાં કુલ રૂ.૧૯.૩૨ કરોડની વીજચોરી ઝડપાઈ હતી. જેમાં સૌથી વધારે ઓગસ્ટ માસમાં રૂ.૪.૫૩ કરોડની અને સૌથી ઓછી એપ્રીલ અને મે માસમાં રૂ.૨.૫૯ કરોડની વીજ ચોરી પકડાઈ હતી. ગત નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં પીજીવીસીએલે કુલ ૩૪,૮૫૨ વીજ કનેક્શન ચેક કર્યાં હતા. જેમાંથી ૮૦૩૨ વીજ કનેક્શનોમાં રૂ.૨૭.૯૮ કરોડની વીજચોરી પકડાતા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. ગત નાણાંકીય વર્ષમાં પકડાયેલી કુલ વીજચોરીના ૫૦ ટકા કરતા વધારે વીજચોરી ચાલુ નાણાંકીય વર્ષના ૬ મહિનામાં ઝડપાઈ

**22 હજારથી વધારે કનેક્શનો ચકાસ્યા હતા, 2024-25 માં રૂ. 27 કરોડની વીજચોરી પકડાઈ હતી**

## દિવાળીના તહેવારોમાં આણંદ સિવિલ હોસ્પિટલમાં અલાયદો વોર્ડ તૈયાર કરાયો

આણંદ : આણંદ જિલ્લામાં દિવાળીના તહેવારોમાં ઈમરજન્સી કેસો વધવાની સંભાવના છે. કરમસદ- આણંદ મહાનગરપાલિકાની સિવિલ હોસ્પિટલમાં બન્સ વોર્ડ તૈયાર કરાયો છે અને ઓપીડીની કામગીરી પણ ચાલુ રહેશે. આણંદ શહેર સહિત જિલ્લામાં દિવાળી પર્વમાં આગ લાગવાના અને દાઝી જવાના કેસ વધે છે. સિવિલ હોસ્પિટલમાં ઈમરજસ્સી દર્દીઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. હોસ્પિટલમાં તબીબો, નર્સિંગ સહિત ૪૦થી વધુ સ્ટાફ હાજર રહેશે. દાઝેલા વ્યકિતોની સારવાર માટે ખાસ અલયાદો વોર્ડ તૈયાર કરાયો છે. રજાના દિવસો દરમિયાન સિવિલ હોસ્પિટલના સત્તાધિશોએ સ્ટાફની ઘટ ન પડે તે માટે પણ વ્યવસ્થા ઉભી કરી છે. નોંધનીય છે કે, ગત દિવળીએ આણંદ શહેરમાં ફટાકડાથી દાઝી જતા ચાર વ્યકિતને દાખલ કરાયા હતા. કરમસદ- આણંદ મહાનગર પાલિકાના ફાયર ઓફિસરના જણાવ્યા મુજબ, ગત વર્ષે દિવાળીના તહેવારોમાં અંદાજીત ૭થી વધુ બનાવ આગ લાગવાના બન્યા હતા.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. સમજદારીપૂર્વક રોકાણ કરો. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે. તમારા સમર્પિત તથા અડગ પ્રેમમાં જાદુઈ રચનાત્મક શક્તિઓ છે. તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર



**વૃષભ (બ,વ,ઉ)**

કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ



**મિથુન (ક,છ,ઘ)**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો.



**કર્ક (ડ,હ)**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે.



**સિંહ (મ,ટ)**

તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર



**કન્યા (પ,ઠ,ણ)**

તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં



**તુલા (ર,ત)**

તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છે કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. કોઈ ત્રીજી વ્યક્તિની દખલ તમારા અને તમારા



**વૃશ્ચિક (ન,ય)**

તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ ક્રૂર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. કામ તથા જીવન તરફના તમારા અભિગમમાં વિદ્વાન તથા સંપૂર્ણતાના આગ્રહી બનો.



**ધન (ભ,ધ,ફ)**

ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હોમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.



**મકર (ખ,જ)**

તમને તમારા ટેન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે



**કુંભ (ગ,શ,સ)**

તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમને ખુશશ રાખવા માતા-પિતા તથા મિત્રો તેમનું શ્રેષ્ઠ આપશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં. વ્યાવસાયિક મોરચે જવાબદારીમાં



**મીન (દ,ચ,ઝ,થ)**

તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. દિવસના ઉત્તરાર્ધમાં તમને આરામ કરવાનું અને પરિવારના સભ્યો સાથે સમય વિતાવવાનું ગમશે.

ન્યૂઝ ટ્રેક

### મીશો IPOને SEBIની મળી મંજૂરી, રુ 7000 કરોડનો આવી શકે છે આઈપીઓ

નવી દિલ્હી : મીશો ડિસેમ્બર 2025 માં IPO લોન્ચ કરવાની તૈયારી કરી રહી છે, જેના માટે SEBI માં ડ્રાફ્ટ દરખાસ્ત ફાઈલ કરવામાં આવી છે. કંપની આ IPO દ્વારા 5,800-6,600 કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, જેમાં નવા શેરનું વેચાણ પણ સામેલ છે.ઈ-કોમર્સ પ્લેટફોર્મ મીશોએ તેના IPO માટે મૂડી બજાર નિયમનકાર SEBI ને અપડેટેડ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (UDRHP) સબમિટ કર્યું છે અને IPO માટે મંજૂરી પણ મળી ગઈ છે. IPO નું કદ લગભગ $700-800 મિલિયન (6,500-7,000 કરોડ) રહેવાની ધારણા છે. ઈ-કોમર્સ પ્લેટફોર્મ મીશોએ તેના IPO માટે મૂડી બજાર નિયમનકાર SEBI ને અપડેટેડ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (UDRHP) સબમિટ કર્યું છે અને IPO માટે મંજૂરી પણ મળી ગઈ છે. IPO નું કદ લગભગ $700-800 મિલિયન (6,500-7,000 કરોડ) રહેવાની ધારણા છે. કંપની નવા શેર જાહેર કરીને આશરે $480 મિલિયન (4,250 કરોડ) એકત્ર કરવાની યોજના ધરાવે છે.

### ધનતેરસના દિવસે સોનાનો ભંડાર પહેલી વાર 100 અબજ ડોલરને પાર ! RBI એ કેટલા ટન સોનું ખરીદ્યું ?

નવી દિલ્હી : ગઈકાલના રોજ એટલે કે 18 ઓક્ટોબરને શનિવારના રોજ ધનતેરસના દિવસે સોનાના ભાવમાં ગજબનો ઉછાળો જોવા મળ્યો છે. એવામાં વધુ એક સારા સમાચાર ધનતેરસના દિવસે બહાર આવ્યા છે.ભારતના 'સોના ભંડારે' પહેલી વાર ઐતિહાસિક 100 અબજ ડોલરનો આંકડો પાર કર્યો છે. આરબીઆઈના ડેટા અનુસાર, આની કુલ કિંમત 102.365 અબજ ડોલર પર પહોંચી ગઈ છે. વૈશ્વિક સ્તરે સોનાના ભાવમાં વધારાને કારણે Foreign Exchange Reservesમાં સોનાનો હિસ્સો 14.7 ટકા થયો છે, જે વર્ષ 1996-97 પછીનો સૌથી વધુ છે.ભારતના 'સોના ભંડારે' પહેલી વાર ઐતિહાસિક 100 અબજ ડોલરનો આંકડો પાર કર્યો છે. આરબીઆઈના ડેટા અનુસાર, આની કુલ કિંમત 102.365 અબજ ડોલર પર પહોંચી ગઈ છે. વૈશ્વિક સ્તરે સોનાના ભાવમાં વધારાને કારણે Foreign Exchange Reservesમાં સોનાનો હિસ્સો 14.7 ટકા થયો છે, જે વર્ષ 1996-97 પછીનો સૌથી વધુ છે.રોઈટર્સના અહેવાલ મુજબ, ભારતના કુલ Foreign Exchange Reservesમાં સોનાનો હિસ્સો હવે 14.7 ટકા થયો છે, જે વર્ષ 1996-97 પછીનો સૌથી વધુ છે. છેલ્લા 10 વર્ષમાં, આ હિસ્સો 7 ટકાથી વધીને લગભગ 15 ટકા થયો છે.

ભારત-અમેરિકા વચ્ચેના આંતરિક સંઘર્ષના મૂળમાં 'કરન્સી' !

# ભારતે રશિયન ક્રૂડનું પેમેન્ટ યુઆનમાં કરતા ડોલરને પડકાર

**પીએમ મોદીએ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી નજીકના સમયમાં બંધ કરવાની ખાતરી આપી : પ્રમુખ ટ્રમ્પનો ફરી દાવો**

**રશિયા પાસેથી ક્રુડની ખરીદી માટે યુઆનમાં ફરીથી ચૂકવણી ભારત અને ચીન વચ્ચે સંબંધો સુધર્યા હોવાના સંકેત**



નવી દિલ્હી : ભારતે રશિયા પાસેથી ક્રુડ ઓઈલ ખરીદવા માટે ચીનના ચલણ યુઆનમાં પેમેન્ટ કરવાનું શરૂ કરીને આંતરરાષ્ટ્રીય બજારમાં ડોલરના પ્રભુત્વને પડકાર્યું છે. ટ્રમ્પે બ્રિક્સ દેશોને ડોલરના વિકલ્પનું સમર્થન કરવા સામે ચેતવણી આપી હતી ત્યારે ભારત, રશિયા, ચીને બ્રિક્સનું ચલણ બનાવ્યા વિના જ ટ્રમ્પના ડોલરના અભિમાનને ચકનાચુર કરવાનો રસ્તો શોધી કાઢ્યો છે. બીજીબાજુ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ફરીથી દાવો કર્યો કે પીએમ મોદીએ રશિયાનું ક્રુડ ઓઈલ ખરીદવાનું ટૂંકમાં બંધ કરવાનું આશ્વાસન આપ્યું છે. ભારતે આંતરરાષ્ટ્રીય ઊર્જા બજારમાં રશિયન ક્રુડ ઓઈલની ખરીદી માટે ચીનના ચલણ યુઆનમાં પેમેન્ટ કરવાનું શરૂ કરીને હોબાળો મચાવી દીધો છે. જોકે, ભારતની કુલ ખરીદીની સરખામણીમાં ચીનના ચલણમાં થનારા પેમેન્ટનું પ્રમાણ ઘણું ઓછું છે, પરંતુ તેનાથી ભારત તરફથી પેમેન્ટ સિસ્ટમમાં થયેલું પરિવર્તન સામે આવ્યું છે. નિષ્ણાતો આ બાબતને ભારત, રશિયા અને ચીને બ્રિક્સનું નવું ચલણ બનાવ્યા વિના જ આંતરરાષ્ટ્રીય બજારમાં અમેરિકન ડોલરના પ્રભુત્વને ખતમ કરવાના પ્રયાસ તરીકે જૂએ છે.

ભારતના આ નાના પગલાંની ભૂ-રાજકીય સ્તરે મોટી અસર જોવા મળી છે. આંતરરાષ્ટ્રીય ચલણ બજારમાં એક યુઆનની કિંમત ૧૨.૩૪ ભારતીય રૂપિયા છે. રશિયાના નાયબ વડાપ્રધાન એલેક્ઝાન્ડર નોવાકે પુષ્ટી કરી છે કે ભારત હજુ પણ ક્રુડ ઓઈલ માટે મુખ્યરૂપે રશિયન ચલણ રુબલમાં પેમેન્ટ કરી રહ્યું છે, પરંતુ તેણે યુઆનનો પણ ઉપયોગ વધાર્યો છે. આ બાબત ભારત, રશિયા અને ચીનના ત્રિકોણીય ગઠબંધનને મજબૂત કરે છે, જેણે પ્રમુખ ટ્રમ્પની ડોલર ડિપ્લોમસીને મોટો ફટકો પહોંચાડયો છે.

એક મીડિયા રિપોર્ટ મુજબ ભારતની સરકારી કંપની આઈઓસીએ તાજેતરમાં જ રશિયન ક્રુડના બેથી ત્રણ કાર્ગો માટે યુઆનમાં પેમેન્ટ કર્યું છે. કેન્દ્ર સરકારનું આ પગલું ૨૦૨૩ના વલણમાં પરિવર્તનનો સંકેત આપે છે. તે સમયે ચીન સાથે તણાવપૂર્ણ સંબંધોના પગલે સરકારી રિફાઈનરીઓએ યુઆનમાં પેમેન્ટ અટકાવી દીધું હતું જ્યારે ખાનગી રિફાઈનરીઓએ યુઆનમાં પેમેન્ટ ચાલુ રાખ્યું હતું. જોકે, ભારત તરફથી ચીનના ચલણમાં ફરીથી પેમેન્ટ શરૂ કરવાની બાબત એવા પણ સંકેત આપે છે કે ભારત-ચીનના સંબંધો હવે સુધરી રહ્યા છે.

હવે ભારતે રશિયન ક્રુડ ઓઈલની ખરીદી માટે યુઆનમાં પેમેન્ટ કરતા ડોલરના પ્રભુત્વને પડકાર મળશે. ભારત, રશિયા અને ચીનનો યુઆન આધારિત વેપાર તેના પહેલા તબક્કાનું વાસ્તવિક સ્વરૂપ છે. જોકે, ભારતનો આ યુઆન પ્રયોગ ભૂ-રાજકીયના બદલે એક વ્યાવહારિક મિકેનિઝમ છે, જેથી તેને રશિયાનું ક્રુડ ઓઈલ સસ્તામાં મળી શકે અને પશ્ચિમી પ્રતિબંધોનો સામનો કરી શકાય.

દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ફરી એક વખત દાવો કર્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયા પાસેથી ક્રુડ ઓઈલની ખરીદી નજીકના સમયમાં બંધ કરી દેવાશે તેવું મને આશ્વાસન આપ્યું છે. યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી સાથે ચર્ચા સમયે શુક્રવારે ટ્રમ્પે કહ્યું કે, ભારતે રશિયા પાસેથી તેની ક્રુડ ઓઈલની ખરીદી ઘટાડી દીધી છે અને નજીકના સમયમાં સંપૂર્ણપણે બંધ કરી દેશે. ભારત રશિયા પાસેથી ૩૮ ટકા ક્રુડ ઓઈલ ખરીદતું હતું અને હવે ખરીદીમાં ક્રમશઃ ઘટાડો કરશે.

રેકોર્ડ

### મારૂતિએ તોડ્યો 35 વર્ષનો રેકોર્ડ, ધનતેરસ પર અધધ ગાડીઓનું વેચાણ, Hyundaiએ પણ પકડી ગતિ

નવી દિલ્હી : મારુતિ સુઝુકીને આશા છે કે આ ધનતેરસે કંપનીની વેચાણ સંખ્યા 50,000 યુનિટથી વધુ પહોંચી જશે.માત્ર શનિવારના રોજ સાંજ સુધીમાં 38,500 કારોની ડિલિવરી થઈ ગઈ હતી. દિવસ પૂરો થવાની સાથે આ આંકડો 41,000 યુનિટ સુધી પહોંચી ગયો. બાકી રહેતી 10,000 કાર ગ્રાહકોને રવિવારે આપવી છે.

#### Maruti Suzuki નું રેકોર્ડ બ્રેક વેચાણ

ઓટો સેક્ટરમાં આ અત્યારસુધીનો સૌથી મોટો ડિલિવરી દિવસ બન્યો છે. પ્રોડક્શનની ટીમે રજાના દિવસે પણ કામ કર્યુ જેના કારણે જે બાયર્સ છે તેઓને સમયસર કાર મળી રહે. મળતી માહિતી પ્રમાણે ગયા વર્ષે ધનતેરસે 41,500 યુનિટ્સનુ વેચાણ થયુ હતુ, આ વર્ષે આ આંકડો તેનો પણ રેકોર્ડ તોડશે. GST 2.0ના સુધારાઓના કારણે ગ્રાહકોમાં ઉત્સાહ જોવા મળે છે અને ઘણી જગ્યાએ તાત્કાલિક ડિલિવરી આપવી મુશ્કેલ બની રહી છે.

#### Hyundai ની પણ ધમાકેદાર વૃદ્ધિ

હ્યુન્ડાઈ મોટર ઇન્ડિયાના વેચાણમાં થયેલી જબરદસ્ત વૃદ્ધિની થઈ છે. જેમાં કંપનીને આ ધનતેરસે આશરે 14,000 યુનિટ્સની ડિલિવરીની અપેક્ષા છે, જે ગયા વર્ષે કરતાં 20% વધારે છે. આ તહેવારોનો માહોલ, મજબૂત માર્કેટ સેન્ટિમેન્ટ અને GST સુધારાઓને કારણે શક્ય બન્યું છે. ધનતેરસના બે દિવસ

### આ વર્ષે સ્વદેશી ભારતીય દિવાળી, મોદીના સ્વદેશી આહ્વાન અને જીએસટીની છૂટછાટોએ મચાવી ધમાલ

અમદાવાદ : દિવાળી ઉજવવાની તારીખો અંગે ફેલાયેલ ભ્રમણાની વચ્ચે, શાસ્ત્ર અને વિદ્વાનોના મતે હવે દેશભરના વેપારીઓ આવતીકાલે 20 ઓક્ટોબરના દિવસે ધૂમધામથી દિવાળી ઉજવી રહ્યાં છે. તેઓ પોતાના દુકાનો અને ઘરોમાં ભગવાન ગણેશ તથા મહાલક્ષ્મીજીની પૂજા કરશે. સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને કેટલાક વિસ્તારોમાં 21 ઓક્ટોબરે પણ દિવાળી મનાવવામાં આવશે, પરંતુ અયોધ્યા, વારાણસી, ઉજ્જૈન, મથુરા જેવી દેશની મુખ્ય ધાર્મિક નગરીઓમાં 20 ઓક્ટોબરે જ દીપોત્સવ ઉજવાશે.

#### ખરીદીનો આંકડો 5 લાખ કરોડ રૂપિયાથી વધુ પહોંચવાનો અંદાજ

દિલ્હીના ચાંદની ચોકના સાંસદ અને CAITના રાષ્ટ્રીય મહામંત્રી પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું કે આ વર્ષે દિવાળીમાં દેશભરમાં તહેવારની ખરીદીનો આંકડો 5 લાખ કરોડ રૂપિયાથી વધુ પહોંચવાનો અંદાજ છે, જે અર્થતંત્રમાં મૂડી પ્રવાહને ઝડપ આપશે, વેપારને પ્રોત્સાહન આપશે અને ગ્રાહક બજારમાં નવી ઉર્જાનો સંચાર કરશે.તેમણે કહ્યુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "સ્વદેશી" ના આહ્વાનથી પ્રેરાઈને, CAITએ આ વર્ષની દિવાળીને "સ્વદેશી ભારતીય દિવાળી" તરીકે ઉજવવાનો સંકલ્પ કર્યો છે.

#### સ્વદેશી ભારતીય દિવાળીનો સંકલ્પ

આ સંકલ્પ અંતર્ગત CAIT દ્વારા ચલાવવામાં આવેલ રાષ્ટ્રીય અભિયાન "ભારતીય સામાન આપણુ સ્વાભિમાન" દેશભરમાં ખૂબ સફળ રહ્યું છે. દેશના દરેક ખૂણામાં વેપારીઓ માત્ર ભારતીય ઉત્પાદનોને આગળ ધપાવી રહ્યા છે અને ગ્રાહકોમાં "મેક ઈન ઈન્ડિયા" પ્રતિ ગર્વ અને આત્મવિશ્વાસની ભાવના ઊંડે સુધી પહોંચેલી છે. તેમણે ઉમેર્યું કે GSTના દરોમાં સરકાર દ્વારા આપવામાં આવેલી રિયાયતોના કારણે વેપાર જગતને નવી શક્તિ મળી છે અને સ્વદેશી ઉત્પાદનો અપનાવવા માટે લોકોએ વધુ તૈયારી બતાવી છે.દિવાળીએ વેપારના ઈતિહાસમાં નવો રેકોર્ડ બનાવ્યોપરિણામસ્વરૂપે, આ વખતે વિદેશી અને ખાસ કરીને ચાઈનીઝ માલનો ક્યાંય અસ્તિત્વ નથી. CAIT દ્વારા 2021થી ચલાવવામાં આવેલ "ચાઈનીઝ માલના બહિષ્કાર"ના અભિયાનને હવે દેશવ્યાપી આંદોલનનું રૂપ મળ્યું છે. વેપારીઓ પણ પ્રતિબદ્ધ છે અને ગ્રાહકો પણ હવે ચાઈનીઝ વસ્તુઓથી પૂરી રીતે દૂર થઈ ગયા છે.આ વખતની દિવાળીએ વેપારના ઈતિહાસમાં નવો રેકોર્ડ બનાવી દીધો છે.

મિઠાઈ, સૂકા મેવાં, ફળો, અનાજ, કપડાં, ટેક્સટાઈલ્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઈલેક્ટ્રોનિક્સ (મોબાઈલ, ટીવી, ફ્રિજ, વોશિંગ મશીન, એસી), ઓટોમોબાઈલ્સ, બે-પહિયાં વાહનો, દાગીનાં, સોનું-ચાંદીના સિક્કાં, ગિફ્ટ આઈટમ્સ, ડેકોરેટિવ વસ્તુઓ, પૂજન સામગ્રી, માટીના દીયા અને લાઈટિંગ ઉત્પાદનો, ફર્નિશિંગ ફેબ્રિક્સ શામેલ છે. સાથે સાથે સેવા ક્ષેત્રમાં પણ દિવાળીએ નવી ચેતનાનો સંચાર કર્યો છે. ટ્રાન્સપોર્ટ, પેકેજિંગ, લોજિસ્ટિક્સ, કેટરિંગ, ઈવેન્ટ મેનેજમેન્ટ, બ્યુટી સેલૂન, ટ્રાવેલ, હૉસ્પિટાલિટી અને મનોરંજન ક્ષેત્રે આ તહેવારના કારણે મોટો આર્થિક લાભ થયો છે.

## બ્રિક્સ દેશોનો 90 ટકા વેપાર સ્થાનિક ચલણમાં

**આંતરરાષ્ટ્રીય વેપારમાં ડોલરનો વૈશ્વિક હિસ્સો 73 ટકાથી ઘટીને 54 ટકા થયો**

નવી દિલ્હી : વૈશ્વિક જીડીપીના લગભગ ૪૦ ટકા અને વસતીના ૪૫ ટકાનું પ્રતિનિધિત્વ ધરાવતા બ્રિક્સ દેશો આંતરરાષ્ટ્રીય બજારમાં ડોલરનું પ્રભુત્વ ખતમ કરવા માગે છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં આંતરરાષ્ટ્રીય વેપારમાં ડોલરનો વૈશ્વિક હિસ્સો ૭૩ ટકાથી ઘટીને ૫૪ ટકા રહી ગયો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ગયા વર્ષે બ્રિક્સ દેશોને બ્રિક્સનું નવું ચલણ બનાવવા સામે ૧૦૦ ટકા ટેરિફ નાંખવાની અને અમેરિકન બજારમાંથી વિદાય કરી દેવાની ધમકી આપી હતી. આવા સમયે અમેરિકન ડોલરનું વૈશ્વિક પ્રભુત્વ ઘટે અને પોતાના દેશોની આર્થિક અને ભૂ-રાજકીય સ્વાયત્તતા વધે તે માટે બ્રિક્સ દેશો ડી-ડોલરાઈઝેશન ઈચ્છે છે. યુક્રેન યુદ્ધ પછી અમેરિકાના નેતૃત્વમાં પશ્ચિમી દેશોએ રશિયા પર પ્રતિબંધ મૂક્યા અને રશિયાને સ્વિફ્ટ પેમેન્ટ સિસ્ટમમાંથી બહાર કરી દીધું. જેના પગલે બ્રિક્સ દેશોને ખ્યાલ આવ્યો કે અમેરિકા ડોલરનો ઉપયોગ 'હથિયાર' તરીકે પણ કરી શકે છે. જોકે, બ્રિક્સ દેશોના નવા ચલણ સામે ટ્રમ્પે ૧૦૦ ટકા ટેરિફની ચેતવણી આપ્યા પછી બ્રિક્સના નવા ચલણના પ્રસ્તાવ અંગેની પ્રક્રિયા ધીમી થઈ ગઈ છે. હવે બ્રિક્સ દેશો સ્થાનિક ચલણોમાં વેપાર પર ભાર મૂકી રહ્યા છે. આવા સમયે બ્રિક્સ પે એક વિકેન્દ્રીત પેમેન્ટ પ્લેટફોર્મના સ્વરૂપમાં વિકસી રહ્યું છે, જે સ્વિફ્ટનો વિકલ્પ બની શકે છે. ૨૦૨૫માં બ્રિક્સ દેશોનો ૯૦ ટકા વેપાર સ્થાનિક ચલણોમાં થયો છે.

**રશિયાને સ્વિફ્ટ પેમેન્ટ સિસ્ટમમાંથી બહાર કરી ડોલરનો 'હથિયાર' તરીકે ઉપયોગ ચોંકાવનારો**

## મુહૂર્ત ટ્રેડિંગ 2025: છેલ્લા પાંચ વર્ષમાં શેરબજારમાં દર વખતે પોઝિટિવ ટ્રેન્ડ

**ઘટતો ફુગાવો, સારી ચોમાસાની સ્થિતિ અને રિઝર્વ બેંકના સુધારાના પગલાં વપરાશ-આધારિત ક્ષેત્રોમાં તેજી દર્શાવશે**




**છેલ્લા પાંચ વર્ષમાં મુહૂર્ત ટ્રેડિંગમાં બજારનો દેખાવ**

| સંવત વર્ષ | તારીખ | સેન્સેક્સમાં વધારો | નિફ્ટીમાં વધારો |
|---|---|---|---|
| ૨૦૭૭ | ૧૪ નવેમ્બર, ૨૦ | +૧૯૫ પોઈન્ટ (૦.૪૫%) | +૬૦ પોઈન્ટ (૦.૪૭%) |
| ૨૦૭૮ | ૪ નવેમ્બર, ૨૧ | +૨૯૬ પોઈન્ટ (૦.૪૯%) | +૮૮ પોઈન્ટ (૦.૪૯%) |
| ૨૦૭૯ | ૨૪ ઓક્ટોબર, ૨૨ | +૫૨૫ પોઈન્ટ (૦.૮૮%) | +૧૫૫ પોઈન્ટ (૦.૮૮%) |
| ૨૦૮૦ | ૧૨ નવેમ્બર, ૨૩ | +૩૫૫ પોઈન્ટ (૦.૫૫%) | +૧૦૦ પોઈન્ટ (૦.૫૨%) |
| ૨૦૮૧ | ૧ નવેમ્બર, ૨૪ | +૩૩૫ પોઈન્ટ (૦.૪૨%) | +૯૯ પોઈન્ટ (૦.૪૧%) |

અમદાવાદ : દિવાળીના શુભ પ્રસંગે આ વર્ષે દલાલ સ્ટ્રીટ ઉત્સાહથી ભરપૂર રહેવાની તૈયારીમાં છે. દર વર્ષની જેમ, રોકાણકારો નવા વિક્રમ સંવત વર્ષ ૨૦૮૨ની શરૂઆત મુહૂર્ત ટ્રેડિંગ સાથે કરશે., જે હિન્દુ કેલેન્ડર મુજબ નવા વર્ષની શરૂઆત દર્શાવે છે. આ ખાસ સત્ર રોકાણકારો માટે પરંપરાનો ભાગ જ નથી પણ નવા વર્ષની શુભ શરૂઆતનું પ્રતીક પણ છે. ઐતિહાસિક રીતે, દિવાળી પર યોજાયેલા આ ટ્રેડિંગ સત્ર દરમિયાન ભારતીય શેરબજારમાં ઘણીવાર વધારો થયો છે. નિષ્ણાતો માને છે કે આ વખતે પણ બજારમાં સકારાત્મક વલણ જોવા મળી શકે છે, કારણ કે વર્તમાન આર્થિક વાતાવરણમાં સુધારાના સંકેતો દેખાઈ રહ્યા છે.

જો આપણે છેલ્લા પાંચ વર્ષના ડેટા પર નજર કરીએ તો, સેન્સેક્સ અને નિફ્ટી બંને દર વખતે પોઝીટીવ બંધ થયા છે.સંવત ૨૦૭૭ માં, ૧૪ નવેમ્બર, ૨૦૨૦ના રોજ, સેન્સેક્સ ૧૯૫ પોઈન્ટના વધારા સાથે અને નિફ્ટી ૬૦ પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો.સંવત ૨૦૭૮માં, ૪ નવેમ્બર, ૨૦૨૧ના રોજ, સેન્સેક્સ ૨૯૬ પોઈન્ટના વધારા સાથે અને નિફ્ટી ૮૮ પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો.સંવત ૨૦૭૯માં, ૨૪ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ, સેન્સેક્સ ૫૨૫ પોઈન્ટના વધારા સાથે અને નિફ્ટી ૧૫૫ પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો.સંવત ૨૦૮૦માં, ૧૨ નવેમ્બર, ૨૦૨૩ના રોજ, સેન્સેક્સ ૩૫૫ પોઈન્ટના વધારા સાથે અને નિફ્ટી ૧૦૦ પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો.જ્યારે સંવત ૨૦૮૧માં, ૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ, સેન્સેક્સ ૩૩૫ પોઈન્ટના વધારા સાથે ૭૯,૭૨૪ પર અને નિફ્ટી ૯૯ પોઈન્ટના વધારા સાથે ૨૪,૩૦૪ પર બંધ થયો હતો. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે આ શુભ દિવાળી સીઝન દરમિયાન બજાર સામાન્ય રીતે સકારાત્મક બનીસ રહે તેવી સંભાવના છે.બજારના નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં મુહૂર્ત ટ્રેડિંગમાં સતત સકારાત્મક વલણો જોવા મળ્યા છે. જીએસટી સુધારા, કર રાહત, વ્યાજ દરમાં ઘટાડો અને ઘટતો ફુગાવો જેવા પરિબળો આ વખતે પણ બજારની ભાવનાને મજબૂત રાખશે. ઘટતો ફુગાવો, સારી ચોમાસાની સ્થિતિ અને રિઝર્વ બેંકના સુધારાના પગલાં વપરાશ-આધારિત ક્ષેત્રોમાં તેજી તરફ દોરી જશે.

### સરકારે દિવાળી પર ખાસ અપીલ કરી, 2.5 મિલિયન ફાસ્ટેગ પાસ વાર્ષિક વપરાશકર્તાઓ, 5.6 કરોડથી વધુ વ્યવહારો

(એજન્સી) નવી દિલ્હી | તા 19

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે દિવાળીના અવસરે લોકોને ખાસ અપીલ કરી છે, જેમાં તેમને તેમના પ્રિયજનોને FASTag વાર્ષિક પાસ ભેટમાં આપવાનું કહેવામાં આવ્યું છે. હા, અમે FASTag વાર્ષિક પાસ વિશે વાત કરી રહ્યા છીએ, જે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ 15 ઓગસ્ટ, 2025 થી જાહેર સુવિધા માટે શરૂ કર્યો છે. આ વાર્ષિક પાસની કિંમત 3,000 છે અને તે એક વર્ષ અથવા 200 ટોલ પ્લાઝા ક્રોસિંગ માટે માન્ય છે. આ પાસનો ક્રેઝ એટલો મજબૂત છે કે બે મહિનામાં 2.5 મિલિયન વપરાશકર્તાઓ તેને પ્રાપ્ત કરી ચૂક્યા છે, અને આ પાસ દ્વારા કરોડો રૂપિયાના વ્યવહારો કરવામાં આવ્યા છે. આ વાર્ષિક પાસ માટે ચુકવણી UPI, ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ અથવા નેટબેંકિંગનો ઉપયોગ કરીને કરી શકાય છે.સરકારે લોકોને દિવાળી અને છઠ જેવા તહેવારોની ઋતુમાં પ્રવાસીઓ માટે આ પાસને એક મહાન ભેટ તરીકે ગણવા વિનંતી કરી છે. આ પાસ ટોલ પ્લાઝા પર વારંવાર રિચાર્જ કર્યા વિના સરળ મુસાફરીની મંજૂરી આપે છે અને ભારતભરના લગભગ 1150 ટોલ પ્લાઝા પર માન્ય છે.

# GSTમાં ઘટાડા બાદ નવરાત્રી સમયે બેંક ધિરાણમાં 11 ટકાથી વધુની વૃદ્ધિ

## ૩ ઓક્ટોબરના પખવાડિયામાં કુલ રૂ.૩.૬૩ લાખ કરોડનું ધિરાણ




મુંબઈ : ૩ ઓક્ટોબરના સમાપ્ત થયેલા પખવાડિયામાં દેશમાં ધિરાણ વૃદ્ધિ વાર્ષિક ધોરણે૧૧.૪૦ ટકા રહી છે જ્યારે થાપણમાં ૯.૯૦ ટકા વધારો જોવા મળ્યો છે. નવરાત્રી-દશેરાના તહેવારને કારણે ૩ ઓક્ટોબરના પખવાડિયામાં ધિરાણમાં વધારો જોવા મળ્યો હોવાનું બેન્કિંગ ક્ષેત્રના વર્તુળો જણાવી રહ્યા છે. ૨૦ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબરના પખવાડિયામાં બેન્કોએ રૂપિયા ૩.૬૩ ટ્રિલિયનનું ધિરાણ છૂટું કર્યું છે જે તે અગાઉના પખવાડિયામાં રૂપિયા ૧.૦૨ ટ્રિલિયન છૂટું કરાયું હતું. ૧૯ સપ્ટેમ્બરના સમાપ્ત થયેલા પખવાડિયામાં ધિરાણમાં ૧૦.૪૦ ટકા જ્યારે થાપણમાં ૯.૫૦ ટકા વૃદ્ધિ થઈ હતી. નવરાત્રીના પ્રારંભથી એટલે કે ૨૨ સપ્ટેમ્બરથી ગુડસ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જીએસટી)માં નોંધપાત્ર ઘટાડો કરાતા વાહનો, ટીવી, ફ્રીઝ ઉપરાંત અન્ય ચીજવસ્તુઓની માગમાં વધારો થયો હતો. માગને કારણે ધિરાણમાં પણ વૃદ્ધિને ટેકો મળ્યો હતો. ૩ ઓક્ટોબરમા પખવાડિયામાં થાપણમાં રૂપિયા ૫.૫૧ ટ્રિલિયનનો વધારો થયો હતો એમ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. ૩ ઓક્ટોબરના પખવાડિયાના અંતે નાણાં વ્યવસ્થામાં બાકી પડેલા ધિરાણનો આંક રૂપિયા ૧૯૨.૬૬ ટ્રિલિયન રહ્યો હતો જ્યારે થાપણનો આંક રૂપિયા ૨૪૦.૯૮ ટ્રિલિયન રહ્યો હતો. નાણાં વ્યવસ્થામાં ધિરાણમાં વધારો થાય તે માટે રિઝર્વ બેન્ક દ્વારા તાજેતરના સમયમાં વિવિધ પગલાં જાહેર કરવામાં આવ્યા છે. બેન્કોના ખર્ચમાં ઘટાડા સહિત રિઝર્વ બેન્કે એકંદરે ૨૨ જેટલા પગલાં લીધા છે.

દેશની નોન - ફાઈનાન્સિઅલ ક્ષેત્રની કંપનીઓના એક્વિઝિશન માટે ભંડોળ પૂરું પાડવા બેન્કોને મંજુરી, સિક્યુરિટીઝ સામે લોન્સ માટેની મર્યાદામાં વધારો તથા હોમ તથા અન્ય લોન્સ પરના રિસ્ક વેઈટમાં ફેરબદલ જેવા પગલાં તાજેતરમાં જાહેર કરાયા છે.

## ધમાકેદાર ઓફર...આ કંપની આપી રહી છે નવી કાર પર રૂ.2.25 લાખ સુધીની બચત કરવાની શાનદાર તક

(એજન્સી) નવી દિલ્હી | તા 19



ભારતમાં લોકો તહેવારોની મોસમ દરમિયાન ઘણીવાર નવી કાર ખરીદે છે.દિવાળી પર નવી કાર ખરીદવાનું વિચારી રહ્યા છો,તો આ સમાચાર ઉપયોગી થઈ શકે છે ભારતીય બજારમાં હાલમાં વેચાતી ટોચની 5 સેડાન વિશે જણાવવા જઈ રહ્યા છીએ જે હાલમાં ડિસ્કાઉન્ટ આપી રહી છે. આમાંના કેટલાક મોડેલો પર રૂ2 લાખથી વધુનું ડિસ્કાઉન્ટ મળી રહ્યું છે. ચાલો તેમને વિગતવાર સમજાવીએ. સ્કોડા સ્લેવિયા આ તહેવારોની મોસમમાં સૌથી વધુ વેચાતી કાર છે. ખરીદદારો રૂ2.25 લાખ સુધીનું ડિસ્કાઉન્ટ મેળવી શકે છે,જે આ મધ્યમ કદની સેડાનને વધુ આકર્ષક બનાવે છે.તે તેના દેખાવ રેન્જ અને ટર્બોચાર્જ્ડ એન્જિન વિકલ્પ માટે જાણીતી છે.ફોક્સવેગન વર્ચસ પણ પાછળ નથી.રૂ1.5 લાખ સુધીના ફાયદા સાથે.બંને મધ્યમ કદના મોડેલો ઘણી સામાન્ય સુવિધાઓ શેર કરે છે અને સમાન MQB A0 IN પ્લેટફોર્મ પર આધારિત છે. આ ઑફર્સ મુખ્યત્વે બંને મોડેલોના 1.5-લિટર પેટ્રોલ વેરિઅન્ટ પર આધારિત છે. આ દિવાળી ઑફર્સ તેમના મૂલ્યમાં વધુ વધારો કરે છે, જે પ્રદર્શન અને આરામ ઈચ્છતા લોકો માટે એક શ્રેષ્ઠ વિકલ્પ બનાવે છે.આ તહેવારોની સિઝનમાં હોન્ડાની સિટી સેડાન પણ ધ્યાન આકર્ષિત કરી રહી છે.રૂ1.27 લાખ સુધીના ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ છે.સિટી લાંબા સમયથી મધ્યમ કદના સેગમેન્ટમાં એક બેન્ચમાર્ક રહી છે.પરંતુ તાજેતરમાં વેચાણમાં ઘટાડો થયો છે.પેટ્રોલ અને હાઈબ્રિડ પાવરટ્રેન વિકલ્પો સાથે શ્રેષ્ઠ કાર છે. ગ્રાહકો આ ઑફર્સને લાભ ઉઠાવી શકે છે . નાની સેડાન શોધી રહેલા લોકો માટે, હોન્ડા અમેઝ રૂ98,000 સુધીની બચત આપે છે. તેનું કોમ્પેક્ટ કદ, એન્જિન અને વૈભવી આંતરિક ભાગ તેને વ્યક્તિગત અને ટેક્સી ઉપયોગ માટે આદર્શ બનાવે છે.તેવી જ રીતે,મારુતિ સુઝુકી સિયાઝ,સત્તાવાર રીતે બંધ કરવામાં આવી હોવા છતાં,હજુ પણ પસંદગીના ડીલરશીપ પર રૂ45,000 સુધીના લાભો સાથે વેચાણ પર છે.હ્યુન્ડાઇ ઓરા અને ટાટા ટિગોર શ્રેષ્ઠ દિવાળી ઑફર્સમાંની એક છે.ઓરા પર રૂ43,000 સુધીનું ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ છે, જ્યારે ટિગોર પર રૂ30,000 સુધીના લાભો ઉપલબ્ધ છે.બંને સેડાન શહેરી અને શહેરી મુસાફરો માટે ઉપયોગી સુવિધાઓ પ્રદાન કરે છે,અને આ તહેવારોની મોસમની ડિસ્કાઉન્ટ તેમને બજેટ પ્રત્યે સભાન ખરીદદારો માટે વધુ આકર્ષક બનાવે છે.

# જૂનાગઢના ભવનાથમાં ખાતે આવેલ પ્રકૃતિ ધામ પાસેનો પુલ ખુલ્લો મુકવામાં આવ્યો



નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮/૧૦. જૂનાગઢ શહેરના પ્રાકૃતિક આધ્યાત્મિક દેવસ્થાનો સમા ભવનાથ ક્ષેત્રમાં આવેલ પ્રકૃતિ ધામ પાસેનો પુલ કે જે ખૂબ જર્જરિત હતો, તેને સરકારશ્રીની ગ્રાન્ટમાંથી પરિક્રમા પહેલા પુલની બોક્ષકલવર્ટની કામગીરી પૂર્ણ થતાં આ પુલ જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવેલ છે.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ યોજાશે

નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮/૧૦. મહાનગરપાલિકા, જૂનાગઢ ધ્વારા નૂતન વર્ષની શુભેચ્છાઓ આપલે કરવા માટે 'સ્નેહ મિલન કાર્યક્રમ' શ્રી પંડિત દિનદયાલ ઉપાધ્યાય સભાખંડ, મહાનગરપાલિકા કચેરી, ત્રીજો માળ, જૂનાગઢ ખાતે તા.૨૭/૧૦/૨૦૨૫ ને સોમવારના રોજ સવારે ૧૧-૦૦ થી ૧૧-૩૦ કલાક સુધી મેયરશ્રી ધર્મેશભાઈ ડી પોંશીયા તથા મહાનુભવોની ઉપસ્થિતીમાં આયોજન કરવામાં આવેલ છે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

# ભાવનગર મનપાની સાધારણ સભા રાજકીય ઘર્ષણનું કેન્દ્ર બની

ભાવનગર | ભાવનગર મહાનગરપાલિકાની મળેલી સાધારણ સભા રાજકીય ઘર્ષણનું કેન્દ્ર બની હતી. જ્યાં વિપક્ષના સભ્યોએ અનોખી રીતે વિરોધ પ્રદર્શન કરતાં ભારે હોબાળો મચી ગયો હતો. વિપક્ષી સભ્યો વોટ ચોર, ગાદી છોડ લખેલી વિવાદાસ્પદ ટી-શર્ટ પહેરીને સભાગૃહમાં પહોંચ્યા હતા. જેને કારણે શાસક પક્ષ અને વિપક્ષના સભ્યો વચ્ચે ઉગ્ર રકઝક અને સૂત્રોચ્ચાર થયા હતા. વિપક્ષના આ આક્રમક વલણના કારણે સભા તેના નિર્ધારિત સમય કરતાં આશરે 30 મિનિટ મોડી શરૂ થઈ હતી. વિપક્ષે ધારણા મુજબ જ હોબાળો શરૂ કરી દીધો હતો અને શાસક પક્ષના સભ્યો પણ વિપક્ષના આ પહેરવેશને જોઈને અચરજમાં મુકાયા હતા. સત્તાધારી પક્ષના સભ્યોએ તરત જ મેયર સમક્ષ વિનંતી કરી હતી કે વિપક્ષના સભ્યોને સભાગૃહની ગરિમા જાળવીને તેમના ટી-શર્ટ કાઢી નાખીને સભામાં બેસવા માટે આદેશ આપવામાં આવે. શાસક પક્ષની આ માંગને પગલે વિપક્ષ વધુ ઉશ્કેરાયો હતો અને બંને પક્ષો વચ્ચે તીવ્ર સૂત્રોચ્ચાર શરૂ થયા હતા. સભાગૃહમાં જોરદાર સૂત્રોચ્ચાર વચ્ચે વાતાવરણ એટલું તણાવપૂર્ણ બની ગયું કે સભાનું સંચાલન કરવું અશક્ય બન્યું. પરિણામે મેયરના આદેશથી કાર્યવાહી હાથ ધરી હતી અને વિરોધ કરી રહેલા વિપક્ષના કેટલાક સભ્યોને ટીંગાટોળી કરીને સભાગૃહની બહાર કાઢી મૂક્યા હતા. સૂત્રોચ્ચાર અને અંધાધૂંધી વચ્ચે વહીવટી તંત્ર દ્વારા સાધારણ સભાને તેના નિયત મુદ્દાઓ પર લાંબી ચર્ચા કર્યા વિના જ જલદી આટોપી લેવામાં આવી હતી. વિપક્ષે આ કાર્યવાહીને લોકશાહીના અવાજને દબાવવાનો પ્રયાસ ગણાવ્યો હતો. જ્યારે શાસક પક્ષે સભાની ગરિમા જાળવવાનો કાયદેસરનો પ્રયાસ કર્યો હોવાનો દાવો કર્યો હતો. આ ઘટનાએ ભાવનગર મનપાના રાજકીય માહોલમાં ભારે ગરમાવો લાવી દીધો છે. ભાવનગર મહાનગર પાલિકાની સાધારણ સભા રાજકીય ઘર્ષણનું કેન્દ્ર બની હતી.

### સ.ગુ. શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ કૌશિકભાઈ વેકરિયાનું સ્વાગત કર્યું

# રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ શ્રી કષ્ટભંજન હનુમાનજી દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી





નરેન્દ્ર દવે | જૂનાગઢ

સાળંગપુરનું સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ સ્થિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે આજે તા. ૧૯-૧૦-૨૦૨૫, રવિવારના રોજ ભક્તજનોની ભારે ભીડના કારણે ભવ્ય ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો.

નવનિયુક્ત રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાએ સવારે ૦૯:૩૦કલાકે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુરધામ ખાતે દર્શનાર્થે પધાર્યા હતા. મંત્રીશ્રીએ શ્રી કષ્ટભંજનદેવ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.મંદિરના સંતો પ. પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા), કોઠારીશ્રી વિવેકસાગર દાસજી સ્વામી તેમજ સ.ગુ. શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયાનું સ્વાગત કર્યું હતું. સંતોએ મંત્રીશ્રીને ફૂલહાર પહેરાવી, રક્ષાસૂત્ર બાંધી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને તેમની સફળતા માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

# જૂનાગઢમાં શ્રી વૈષ્ણોદેવી મંદિરના નિર્માણ માટે શાસ્ત્રોકત વિધિથી ખાતમુહૂર્ત યોજાયું



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮/૧૦. જૂનાગઢમાં ગિરનાર પર્વતની ગોદમાં આવેલા પૌરાણિક શ્રી વાઘેશ્વરી ધામ ખાતે શ્રી વૈષ્ણોદેવી મંદિરના નિર્માણ માટે શાસ્ત્રોકત વિધિથી ખાતમુહૂર્ત યોજાયું હતું જે સંપૂર્ણ મંદિર નવનિર્માણના ખર્ચના દાતાશ્રી નટવરલાલ વછરાજ ચોક્સી અને પરિવાર દ્વારા આ વિધિ સંપન્ન થઈ હતી આસો મહિનાના પાવન તહેવાર ધનતેરસના દિવસે શુભ મુહર્તે આ પ્રસંગ યોજાયેલ. આ સમયે ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, મેયરશ્રી ધર્મેશભાઈ પોશીયા, ભાજપા શહેર પ્રમુખશ્રી ગૌરવભાઈ રૂપારેલિયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પલ્લવીબેન ઠાકર, શ્રી આકાશ કટારા, જીતુભાઈ ભીંડી તથા દાતા પરિવાર વિગેરે ઉપસ્થિત રહેલ.



# ભુજ શ્રીમતિ P.C.V મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે શૈક્ષણિક વિચાર ગોષ્ઠી યોજાઈ

મહેશ એલ. સોની | નખત્રાણા

ભુજની શ્રીમતિ પી. સી. વી મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે શાળાના ભૂતપૂર્વ શિક્ષિકા તેમજ જાણીતા લેખિકા રમીલાબેન મહેતા દ્વારા શાળાના વિધાર્થીઓ સાથે શૈક્ષણિક વિચાર ગોષ્ઠી યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ડૉ ચેતનભાઈ બારમેડાએ શાબ્દિક સ્વાગત સાથે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. રમીલાબેનએ શાળા ફરજ દરમ્યાનના પોતાના સંસ્મરણો તાજા કર્યા હતા.તેમજ વિધાર્થીઓને બોર્ડની પરીક્ષા માટે સફળતા મેળવવા માટેના ઉપયોગી સૂચનો કર્યા હતા. મેઘવાળ ગંગા, રાધા, પ્રિયંકા, વિધા, ગૌરવ, માનવ સહિત સમગ્ર ધોરણ ૧૦ ના વિધાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થઈ શકે તેવા પુસ્તકો તેમજ જરૂરિયાત મુજબ રમતના સાધનો રમીલાબેન મહેતા દ્વારા ભેટ આપવામાં આવ્યા હતા તે માટે આચાર્ય ડૉ. ચેતનભાઈ એ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે શાળાના શિક્ષકો દુષ્યંત વોરા, દિનેશ પાનસરા, ડી. આર. ઝાલા, માલતી બેન સોઢા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ શાળાના ટ્રસ્ટીઓ વાડીલાલ સાવલા, પંકજ મહેતા, સંદીપ દોશી, હશ્મીન દોશી, જયભાઈ મહેતાએ શુભેચ્છાઓ પાઠવી હતી. આભારવિધિ શિક્ષક રમેશભાઈ મતિયાએ કરી હતી.

# જીટીયુ ટેબલ ટેનિસ સ્પર્ધામાં SVIT કોલેજ સતત બીજા વર્ષે વિજેતા



વાસદ | ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી આંતર ઝોનલ ટેબલ ટેનિસ સ્પર્ધાનું આયોજન એસવીઆઈટી વાસદ દ્વારા તાજેતરમાં કરવામાં આવ્યું હતું. બે દિવસ ચાલેલી આ સ્પર્ધામાં પ્રથમ દિવસે ભાઈઓ ની કુલ 21 થી વધુ ટીમોએ ભાગ લીધો હતો અને બીજા દિવસે 15 થી વધુ બહેનોની ટીમોએ ભાગ લીધો હતો.ભાઈઓની સ્પર્ધામાં ફાઈનલમાં LDCE અમદાવાદની ટીમને 3-0 થી હરાવી SVITની ભાઈઓની ટીમ સતત બીજા વર્ષે GTU આંતર ઝોનલ ટેબલ ટેનિસ સ્પર્ધામાં વિજેતા બની હતી. બહેનોની સ્પર્ધામાં LDCE અમદાવાદની ટીમ એ VVP રાજકોટની બહેનોને 3-0 થી હરાવી સતત બીજા વર્ષે બહેનોમાં ચેમ્પિયનશિપ મેળવી હતી. સમગ્ર સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્તરના રેફરીઓ એ સેવાઓ પૂરી પાડી હતી. જીટીયુ સ્પર્ધામાં પ્રથમ વખત ટેબલ ટેનિસ સ્પર્ધામાં સ્કોરિંગ માટે ડિજિટલ સ્કોર કાર્ડ મૂકવામાં આવ્યા હતા.

### સાવરકુંડલાના વિવિધ વિસ્તારોમાં લાઈટિંગનું ભવ્ય સુશોભન

# પ્રકાશ અને ઉલ્લાસના પર્વ દિવાળીને આવકારવા ઉત્સુક સાવરકુંડલા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સમગ્ર દેશમાં પ્રકાશ અને ઉલ્લાસના પર્વ દિવાળીની ઉજવણી કરવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે નાવલી નદીના બંને કાંઠે વસેલું સાવરકુંડલા શહેર જાણે ઉત્સવમય બન્યું હોય તેવું વાતાવરણ જોવા મળે છે એક નવોઢાની માફક સોળે શણગાર સજીને સાવરકુંડલા શહેરના વિવિધ વિસ્તારોમાં લાઈટિંગનું ભવ્ય સુશોભન કરવામાં આવ્યું છે, જે સમગ્ર નગરને આકર્ષણનું કેન્દ્ર બનતું જોવા મળે છે.આમ તો સાવરકુંડલાની વાત કરીએ તો આ શહેર તેના ઉત્સવપ્રિય સ્વભાવ અને વર્ષો જૂની પરંપરાઓ માટે સમગ્ર ભારતવર્ષમાં જાણીતું છે. આ જ પરંપરાઓને ફરીથી જીવંત કરવા અને ઉત્સવની ભાવનાને દ્રઢ કરવાના ભાગરૂપે સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નગરપાલિકા તેમજ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે 'નાવલી ઉત્સવ' અંતર્ગત ત્રિવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે



ગુજરાતના ખ્યાતનામ કલાકારો રાજ ગઢવી, અપેક્ષા પંડ્યા અને કિશન રાદડિયા આ ભવ્ય લોક ડાયરા દ્વારા સાવરકુંડલા શહેરની જનતાને ભાતીગળ સંસ્કૃતિના ગીતો અને લોકગીતો દ્વારા ડોલાવશે.આ ઉપરાંત આકર્ષક આતિશબાજીનો કાર્યક્રમ, ઈંગોરિયાની લડાઈ (ઈંગોરિયા યુદ્ધ) જેવી સાવરકુંડલાની વર્ષો જૂની પરંપરાગત ઈંગોરિયા રમતનું આયોજન પણ કરવામાં આવેલ છે. આ અંગે સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, નાવલી નદીના બંને કાંઠે વસેલું આપણું સાવરકુંડલા ઉત્સવપ્રિય શહેર છે. વર્ષો જૂની પરંપરાઓને ફરીથી જીવંત કરવાનો સંકલ્પ છે. દિવાળી એ માત્ર એક તહેવાર નથી, પરંતુ આપણી સંસ્કૃતિ, અસ્મિતા અને પરંપરાઓનું પ્રતીક છે." તેમણે ઉમેર્યું હતું કે, સાવરકુંડલા નગરપાલિકા અને વહીવટી તંત્રના સહયોગથી આ ભવ્ય આયોજન શક્ય બન્યું છે, જે નગરજનોને એકતા અને ઉલ્લાસની ભાવના સાથે જોડે છે.શહેરના અનેક જાહેર સ્થળો, બજારો અને ચોકોને ઝળહળતી એલઈડી લાઈટોથી સાવરકુંડલા ઝળહળી ઉઠ્યું છે.

# SVIT NSS unit સ્વયંસેવકો દ્વારા દિવ્યાંગ બાળકોની મદદ

વાસદ | SVIT NSS Unit દ્વારા આ દિવાળી દિવ્યાંગ ભાઈઓ બહેનો સાથે ઉજવવાનું નક્કી કર્યું હતું અને લોકલ ટુ વોકલ ને પ્રાધાન્ય આપી આ દિવાળીના દિયા પણ આ દિવ્યાંગ બાળકો દ્વારા બનાવેલા ખરીદ્યા હતા SVIT NSS Unit ના સ્વયંસેવકો એ નક્કી કર્યું હતું કે સ્પેશિયલ બાળકો દ્વારા બનાવેલા સ્પેશિયલ દિયા પોતે પણ ખરીદશે અને અન્ય લોકોને પણ ખરીદવા માટે પ્રોત્સાહન આપશે. SVIT વાસદ કોલેજમાં ગુરુકૃપા રેસીડેન્સીયલ સ્કૂલ, આણંદ અને સાંઈ રેસીડેન્સીયલ સ્કૂલ, વડોદરાના સ્પેશિયલ બાળકો દ્વારા બનાવેલા દિયાનું એક્ઝિબિશન અને સેલ રાખવામાં આવ્યું. જેમાં રૂ. ૫૦૦૦ થી પણ વધુના દિયાનું વેચાણ કરી જે રકમ આવી તે આ બાળકોને આપી હતી. ,SVITના વિદ્યાર્થી, સ્ટાફ અને મેનેજમેન્ટ એ પણ દિવાળીમાં સ્પેશિયલ બાળકો દ્વારા બનાવેલા 'દિવ્ય જ્યોત' દિયાનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે.

### 19 વર્ષના યુવકે 7 વ્યક્તિઓના જીવનમાં દિવાળીના પાવન પર્વમાં પ્રકાશ પાથર્યો

# મૃત્યુ પછી પણ પોતાના અંગોના અમૂલ્ય દાન થકી જૂનાગઢના ભાર્ગવે કર્યું ભગીરથ કાર્ય

નરેન્દ્ર દવે | જૂનાગઢ

માંગરોળ તાલુકાના મુક્તુપુર ગામના વતની ભાર્ગવભાઈ રમેશભાઈ ધરસેંડા કે જેમની ઉંમર માત્ર ૧૯ વર્ષ જ હતી. તેઓને GMERS હોસ્પિટલ, જૂનાગઢ ખાતે ગત તા.૧૭/૧૦/૨૦૨૫ના રોજ બ્રેઈન ડેડ અવસ્થામાં પ્રાઈવેટ હોસ્પિટલમાંથી અત્રેની હોસ્પિટલ ખાતે શિફ્ટ કરેલા હતા. આવી નાજુક ઘડીએ કોઈપણ પરિવાર ઉપર દુઃખનો ભાર તૂટી પડે તેમ કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી. પરંતુ ભાર્ગવભાઈના પરિવારે કઠણ હૃદયે એક મહાન નિર્ણય લેવાનું નક્કી કર્યું. મૃત્યુ પછી પણ ભાર્ગવ આજે કોઈ બીજાના પરિવારમાં દિવાળીના પર્વ નિમિતે પ્રકાશ પાથરવા જઈ રહ્યો છે. ભાર્ગવના અંગોનું દાન કરવામાં આવ્યું છે અને ભાર્ગવે જતા જતા બીજાની જિંદગી બચાવી છે.

જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે રાજ્ય સરકારશ્રીની ગાઈડલાઈન્સ અનુસાર સેકન્ડ ઓપિનિયન ટેસ્ટ કર્યા બાદ તે પોઝિટિવ આવતા ભાર્ગવભાઈના પરિવારજનોએ તેમના અંગોનું દાન કરવાની સંમતિ આપી હતી. ત્યારબાદ તા.૧૮/૧૦/૨૦૨૫ ના રોજ ધનતેરસના દિવસે રાજ્ય સરકારશ્રીની ગાઈડલાઈન્સ અનુસાર તેઓના લીવર, બંને કિડની, હાર્ટ તથા બંને કોર્નિયા એટલે કે આંખની કીકીનું દાન કરવામાં આવ્યું હતું. જે સીમ્સ હોસ્પિટલ, અમદાવાદ તથા ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદના ડોક્ટરો દ્વારા અંગોને અમદાવાદ ખાતે લઈ જવામાં આવ્યા હતા. ભાર્ગવભાઈના દાન કરવામાં આવેલા અંગો થકી અંદાજિત સાતેક વ્યક્તિઓને હવે નવું જીવન મળશે. ભાર્ગવભાઈના પરિવારજનોના આ ઉમદા નિર્ણય બદલ સિવિલ હોસ્પિટલ, જૂનાગઢ પરિવાર તેમનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરેલ છે. આ ઉપરાંત સમસ્ત ઘેડિયા કોળી સમાજનો પણ હૃદયપૂર્વક આ કાર્યમાં રોકાયેલા સૌએ આભાર માન્યો હતો. આ તકે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા પોલીસ વડા તથા પોલીસ સ્ટાફે પણ ગ્રીન કોરિડોર બનાવવામાં વ્યવસ્થા કરી હતી. આ સદકાર્યને સફળ બનાવવા શ્રી ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ, શ્રી ડો.દિગંત સિકોતરા, શ્રી ડો.કન્વી વાણિયા, શ્રી ડો.કુબાવત, શ્રી ડો.અલ્પેશ વૈષ્ણાણી, શ્રી ડો.ઝીલ બાલસ, શ્રી હેમલતાબેન પટેલ, શ્રી જાહિદભાઈ કોયડા, શ્રી સુમિતભાઈ વડસરિયા, કુ. ખ્યાતિબેન ટીંબા, શ્રી ઋષિરાજભાઈ ડાંગર, તમામ લેબ સ્ટાફ, ICU, OT અને ટેક્નીકલ ટીમ, વર્ગ ૪ નો સ્ટાફ, સિક્યુરિટી સ્ટાફ તથા સિવિલ હોસ્પિટલ જૂનાગઢના પરિવારના તમામ કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

આ તકે મહત્તમ લોકો અંગદાન કરે અને અંગદાન વિશે વધુને વધુ જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવા બદલ જૂનાગઢની તમામ જાહેર જનતાને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વડોદરા મંડળ દ્વારા ટિકિટ તપાસમાં રેકોર્ડનું સર્જન



વડોદરા | વડોદરા મડળના મંડળ રેલવે મેનેજર શ્રી રાજૂ ભડકેના કુશળ માર્ગદર્શન અને સિનિયર મંડળ કોમર્શિયલ મેનેજરના નેતૃત્વમાં વાણિજ્ય વિભાગની ટિકિટ તપાસ ટીમ દ્વારા 18 ઓક્ટોબર, 2025 ના રોજ ઘનિષ્ઠ ટિકિટ તપાસ આયોજિત કરવામાં આવી, જેમાં દિવાળી/છઠ સ્પેશિયલ વગેરે ટ્રેનોમાં ઘનિષ્ઠ તપાસ કરીને મંડળ દ્વારા કોઈ એક દિવસમાં સૌથી વધુ ટિકિટ તપાસ આવક રૂ. 16 લાખ 27 હજાર પ્રાપ્ત કરવામાં આવી. આ વડોદરા મંડળ દ્વારા ટિકિટ તપાસ ઈતિહાસમાં એક નવો રેકોર્ડ છે. આ દરમિયાન કુલ 2223 અનિયમિત યાત્રાના કેસ નોંધવામાં આવ્યા.સદર ઘનિષ્ઠ તપાસ આવનારા દિવસોમાં ચાલુ રહેશે.

### રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા

# હેડ કોન્સ્ટેબલ રાજેશ પ્રધાનને પોલીસ મેડલ એનાયત કરાયો



વડોદરા | રેલવે સુરક્ષા બળ સ્થાપના દિવસ પરેડ દરમિયાન પશ્ચિમ રેલવે, ના વડોદરા મંડળ, ના રેલવે સુરક્ષા બળ માટે આ ગર્વ અને ગૌરવની ક્ષણ છે કે વડોદરા મંડળ ના મંડળ કાર્યાલય મા કાર્યરત હેડ કોન્સ્ટેબલ શ્રી રાજેશ પ્રધાનને વર્ષ 2024 માટે મહામહિમ રાષ્ટ્રપતિ મહોદયા તરફથી પોલીસ મેડલ સન્માનિત કરવા માં આવ્યો. માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા તારીખ 13 ઓક્ટોબર 2025 ના રોજ આયોજિત 41મા રેલવે સુરક્ષા બળ સ્થાપના દિવસ પરેડ દરમિયાન વલસાડમાં સંપન્ન થયેલ ભવ્ય સમારંભમાં આ સન્માન આપવામાં આવ્યું.આ પુરસ્કાર શ્રી રાજેશ પ્રધાનને તેમની ઉત્કૃષ્ટ સેવાઓ, કર્તવ્યનિષ્ઠા અને રેલવે સંપત્તિ અને યાત્રીઓની સુરક્ષા માટે સમર્પણના સન્માન સ્વરૂપે આપવામાં આવ્યો છે.

### તા.25 ઓક્ટોબર થી 4 નવેમ્બર સુધી ભવ્ય અને દિવ્ય આયોજન

# રામના પગલે પગલે પુ.મોરારિબાપુની રામયાત્રા

તખુભાઈ સાંડસુર | વેળાવદર

પુ. મોરારીબાપુનું જીવન પર બ્રહ્મસ્વરૂપ ભગવાન રામને સમર્પિત છે. બાપુએ ઘણીવાર એ વાતનો ઉલ્લેખ કરેલો છે કે મારી જીભ ભગવાન રામ માટે પેટન્ટ કરેલી છે.તેથી જ રામના જીવન યાત્રાના તમામ સ્થળો પર બાપુએ રામ ગુણગાનનું ભવ્ય અને દિવ્યનું ગાન કરેલું છે. તેમાં વધુ એક પ્રસંગ અને ઘટના,દિવ્યતાનું છોગું કહી શકાય તેવી ઉમેરાઈ રહી છે.



ભગવાન શ્રીરામની વનગમન યાત્રા જ્યાંથી પ્રારંભ થઈ હતી તે ચિત્રકૂટ ધામથી શરૂ થઈને અયોધ્યામાં રામ રાજ્યાભિષેક સાથે સમાપન થઈ હતી. આ સમગ્ર યાત્રા જ્યાં જ્યાંથી પસાર થઈ રામ ભગવાનના ચરણ જ્યાં જ્યાં પડ્યા તે સ્થળો પર જઈને રામનું સ્મરણ ચિંતન અને મનન કરવાનો પ્રસંગ પુ.બાપુએ સાકાર કર્યો છે.તેઓશ્રીના પરમ પાવન માર્ગદર્શન અને આશીર્વાદથી સંપન્ન થઈ રહ્યો છે.આ કથાના સ્થળો પર નવ દિવસ સુધી તેનું ગાન થઈને એક ઐતિહાસિક ઘટના મૂર્તરૂપ બનવા તરફ ગતિ કરી દે છે.

વિગતો મુજબ આ રામયાત્રા ટ્રેન, અને હવાઈ માર્ગે સંપન્ન થશે તેમ જાણવા મળે છે.આ ટ્રેન તારીખ 24 ના રોજ દિલ્હીથી પ્રારંભ થશે. તા.25 ના રોજ પ્રથમ દિવસની કથા અત્રિ મુની આશ્રમ ચિત્રકૂટ ધામ મધ્યપ્રદેશ ખાતેથી મંગલાચરણ થશે. બીજા દિવસે અગસ્ય મુની આશ્રમ સતનામા તા.26 ઓક્ટોબરના રોજ કથાનું આયોજન છે.ત્રીજો દિવસ મહારાષ્ટ્રના પંચવટી ખાતે તા.27-10 ના રોજ સંપન્ન થશે. 28 -10 શબરી આશ્રમ સુરી બાના કર્ણાટક ખાતે અને 29- 10 ઋષિમુખ પર્વત હમ્પી કર્ણાટક ખાતે, 30 -10 પ્રવર્ષણ પર્વત કર્ણાટક ખાતે કથાઓનું ગાન થવાનું છે. ભારતમાં સાતમા દિવસની કથા તા.1 નવેમ્બરના રોજ ભગવાન રામે જ્યાં શિવ સ્થાપન કર્યું એ સ્થળ રામેશ્વર ભગવાનના ચરણોમાં રામના ગુણગાન ગવાશે. આ ટ્રેન યાત્રા ત્યાં સંભવત પૂર્ણ થશે.પછી હવાઈ માર્ગે શ્રદ્ધાળુઓ કોલંબોની યાત્રા કરશે. અશોકવાટિકા કે જ્યાં માં જાનકીનું સ્થાન હતું ત્યાં કથાનું આઠમા દિવસનું આયોજન થશે. તે માટેની તારીખ નિયત થઈ છે 3 નવેમ્બર. નવમો અને અંતિમ દિવસ ભગવાન રામના શ્રી ચરણોમાં કથા આવી પહોંચશે અને અયોધ્યામાં તા. 4 નવેમ્બર કથા વિરામ પામશે. આ સમગ્ર આયોજન ભારત સરકારના રેલવે વિભાગ સહયોગ અને ભગવાન શ્રી નાથજીના સંકલ્પથી યોજાઈ રહ્યું છે.

# શ્રી કષ્ટભંજન દાદાને હીરાજડિત ચાંદીના વાઘાનો કરાયો શણગાર

નરેન્દ્ર દવે જૂનાગઢ

દેશ-દુનિયામાં દિવાળી પર્વની ઉજવણી થઈ રહી છે. ત્યારે સાળંગપુરધામમાં આવેલા સુપ્રસિદ્ધ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં આજે, 19 ઓક્ટોબર 2025, રવિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને સિલ્વર ડાયમંડ વાઘાનો દિવ્ય શણગાર ધરાવવામાં આવ્યો હતો. તો આજે હનુમાનજીના સિંહાસને કાંચમાંથી બનાવેલ મહેલની થીમનો શણગાર કરાયો. આ શણગાર કરતા 4 દિવસનો સમય લાગ્યો હતો. આજના શુભ દિવસે શણગાર આરતી સવારે 5:45 કલાકે કોઠારીશ્રી



વિવેકસાગરદાસજી સ્વામી અથાણાવાળા દ્વારા કરવામાં આવી હતી. ભક્તોએ દાદાના દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સાળંગપુરમાં શ્રી કષ્ટભંજનદેવને ચાંદીના 1 લાખ 8 હજાર પ્લસ હીરાજડિત વાઘા પહેરાવવામાં આવ્યા છે. હનુમાનજીને પહેરાવવામાં આવનાર આ વાઘાનું વજન 15 કિલો છે. સાથે જ શ્રી કષ્ટભંજનદેવના મુગટમાં 7000 અને કુંડળમાં 3000 હીરા લગાવવામાં આવ્યા છે. સાળંગપુર મંદિરને આ વાઘા વડતાલ મંદિરના પિઠાધિપતિ આચાર્ય રાકેશપ્રસાદ સહિત મહંત પુરાણી વિષ્ણુપ્રકાશદાસજી તથા હરિપ્રકાશદાસજી સ્વામી દ્વારા અર્પણ કરવામાં આવ્યા હતા. આ સુવર્ણ વાઘાનું સંપૂર્ણ કાર્ય સાળંગપુર મંદિરના કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામીની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું.

# અમદાવાદીઓ માટે ટ્રાફિકની સમસ્યા માથાનો દુઃખાવો બની, એક વર્ષમાં 73 કલાક વેડફાયા

(એજન્સી) અમદાવાદ | તા. 19

અમદાવાદીઓ માટે ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે વિકટ સ્થિતિ સર્જી રહી છે. પિક અવર્સમાં ટ્રાફિકમાં ફસાવવાથી અમદાવાદીઓના એક વર્ષમાં સરેરાશ 73 કલાક વેડફાતા હોવાનું સામે આવ્યું છે. એક વર્ષમાં ટ્રાફિકમાં સૌથી વધુ કલાક વેડફાયા હોય તેવા શહેરમાં બેંગલુરુ 117 કલાક સાથે મોખરે જ્યારે અમદાવાદ 11માં સ્થાને છે.



ટ્રાફિક જામની દ્રષ્ટિએ અમદાવાદ ભારતનું સાતમું સૌથી ધીમું શહેર

તાજેતરમાં એક સંસ્થા દ્વારા જીપીએસ ડેટાનો ઉપયોગ કરીને વાસ્તવિક સમયની ટ્રાફિક પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જે અનુસાર, અઠવાડિયાના પીક અવર્સ દરમિયાન અમદાવાદ અને મુંબઈ બંને શહેરોમાં પ્રવાસીઓને 10 કિલોમીટરનું અંતર કાપવામાં સરેરાશ 29 મિનિટ લાગે છે. ટ્રાફિક જામની દ્રષ્ટિએ અમદાવાદ ભારતનું સાતમું સૌથી ધીમું શહેર હતું. કોલકાતા 35 મિનિટ સાથે રાષ્ટ્રીય સ્તરે સૌથી ધીમું શહેર હતું. હૈદરાબાદમાં 32 મિનિટ અને ચેન્નઈમાં આ અંતર કાપવામાં 30 મિનિટ લાગી હતી. કોલકાતા અને અમદાવાદ વચ્ચે માત્ર છ મિનિટનો તફાવત હતો.

અમદાવાદના ટ્રાફિક હોટ ઝોન પશ્ચિમમાં વસ્ત્રાપુર અને જુહાપુરાથી લઈને પૂર્વમાં લાલ દરવાજા અને કાલુપુર સુધી ફેલાયેલા છે, જ્યાં સવારે વાહનોની ગતિ 18.81 કિલોમીટર પ્રતિ કલાક સુધી ઘટી જાય છે અને સાંજના સમયગાળામાં તેની સ્પીડ વધુ ઘટીને 17.4 કિલોમીટર પ્રતિ કલાક થઈ જાય છે. પાલડી, જીમખાના અને દાણાપીઠ જેવા મધ્ય વિસ્તારમાં પ્રવાસીઓ શહેરી સરેરાશનો અનુભવ કરે છે.

### અમદાવાદમાં ટ્રાફિક પોલીસની 50 ટકા જગ્યા ખાલી

અમદાવાદ શહેરમાં દિવસેને દિવસે ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે ત્યારે સરકારે વિધાનસભામાં રજૂ કરેલી માહિતી મુજબ અમદાવાદ શહેરમાં ટ્રાફિક પોલીસની 3484 મંજૂર જગ્યાઓ સામે 1709 જગ્યાઓ ખાલી છે. આમ 50% જેટલી જગ્યા હજુ ખાલી છે. ગુજરાત વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ગૃહ વિભાગ દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો કે 31 જાન્યુઆરી 2025ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ટ્રાફિક પોલીસની 3484 મંજૂર જગ્યાઓ છે અને જેની સામે 1709 જગ્યાઓ ખાલી છે, જ્યારે 1775 જગ્યાઓ ભરાયેલી છે.

# ગાંધીનગર ડેપો દ્વારા દિવાળી પર્વમાં ૨૦૨ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરાશે

## ગાંધીનગર શહેરમાંથી અમદાવાદ તબક્કાવાર બસ મોકલવામાં આવશે

(એજન્સી) ગાંધીનગર | તા. 19

હિન્દુ સંસ્કૃતિના સૌથી મોટા તહેવાર દિવાળીનો પ્રારંભ થઈ ગયો છે.ત્યારે મોટી સંખ્યામાં લોકો પોતાના વતન તરફ પર્વની ઉજવણી કરવા જતા હોય છે.તો વેકેશનના દિવસો હોવાના કારણે ધામક તેમજ પિકનીક પ્લેસની મુલાકાત અંગે આયોજન હાથ ધરતા હોય છે.ત્યારે અવર-જવરમાં સરળતા મળી શકે તે માટે એસટી તંત્ર દ્વારા તહેવારોના દિવસોમાં ખાસ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ગાંધીનગર ડેપો દ્વારા અમદાવાદ બસ મોકલવામાં આવી રહી છે.



ગાંધીનગર એસ.ટી ડેપો દ્વારા દિવાળીના પર્વને ધ્યાને રાખી વધારાની બસોનું સંચાલન કરવાનું આયોજન ધરવામાં આવ્યું છે. શહેરમાં વસવાટ કરતા નગરજનોને વતન તરફ તેમજ ધામક સહિત અન્ય સ્થળોની મુલાકાતે આવન-જાવનમાં સાનુકૂળતા મળી શકે તે પ્રકારે સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. ૧૭ ઓક્ટોબરથી દિવાળી પર્વનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે ગાંધીનગર એસ.ટી ડેપો દ્વારા એક્સ્ટ્રા બસ વિવિધ રૂટ ઉપર દોડાવવામાં આવશે.સૌરાષ્ટ્ર, કચ્છ તથા દક્ષિણ અને ઉત્તર ગુજરાતના રૂટ ઉપર આ દિવસો દરમિયાન એક્સ્ટ્રા બસ અવરજવર કરશે.જે અંતર્ગત ૨૩ ઓક્ટોબર સુધી અમદાવાદ બસ મોકલવામાં આવશે.તો હાલમાં ટિકિટ બુકિંગ પણ કરાવવામાં પણ ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

# ટાટા નેક્સન ADAS ફીચર સાથે લોન્ચ ઇમર્જન્સીની સ્થિતિમાં કાર પોતે જ બ્રેક લગાવશે

નવી રેડ ડાર્ક એડિશન પણ રજૂ કરાઈ



(એજન્સી) અમદાવાદ | તા. 19

નેક્સોન EV માં લેવલ-2 ADAS (એડવાન્સ્ડ ડ્રાઈવર આસિસ્ટન્સ સિસ્ટમ) ફીચર રજૂ કર્યાના એક મહિના પછી, ટાટા મોટર્સે હવે નેક્સોનના પેટ્રોલ વર્ઝનન જેવા જ ફીચર સાથે અપડેટ કર્યું છે.કંપનીની સૌથી લોકપ્રિય કારમાં હવે ફોરવર્ડ કોલિજન વોર્નિંગ, ઓટોમેટિક ઇમરજન્સી બ્રેકિંગ, લેન ડિપાર્ચર વોર્નિંગ, લેન-કીપ આસિસ્ટ, હાઇ-બીમ આસિસ્ટ અને ટ્રાફિક સાઈન ઓળખ જેવા ફીચર્સ હશે.આ લેવલ-2 ADAS સુવિધાઓ ફક્ત ટોપ-સ્પેક નેક્સોન ફિયરલેસ +PS વેરિઅન્ટ પર જ ઉપલબ્ધ હશે, જે ટર્બો-પેટ્રોલ એન્જિન અને ડ્યુઅલ-ક્લચ ઓટોમેટિક ગિયરબોક્સ સાથે આવે છે.ADAS ફીચર્સ સાથેની નેક્સન ફીયરલેસ +PS ની કિંમત 13.53 લાખ છે, જે વર્તમાન કિંમત (13.26 લાખ) કરતા 27,000 નો વધારો છે. ટાટાએ ADAS ફીચર્સ સાથે અપડેટેડ નેક્સન રેડ ડાર્ક એડિશન પણ રજૂ કરી છે.

# દિવાળી પહેલા કાર્યવાહી: અમદાવાદ પોલીસે રૂ. 2 કરોડથી વધુના દારૂ પર બુલડોઝર ફેરવ્યું

(એજન્સી) અમદાવાદ | તા. 19

દિવાળીના તહેવાર અગાઉ શહેરમાં પ્રોહિબિશનના કાયદાનું કડક પાલન કરાવવા માટે અમદાવાદ પોલીસે સખ્ત કાર્યવાહી હાથ ધરી છે. શહેરના બે અલગ-અલગ પોલીસ ઝોન દ્વારા પકડાયેલા કુલ 2 કરોડ 6 લાખ રૂપિયાથી વધુના વિદેશી દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવીને તેનો નાશ કરવામાં આવ્યો છે. પોલીસે આ કાર્યવાહી દ્વારા બૂટલેગરોને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તહેવારો દરમિયાન પણ ગેરકાયદે પ્રવૃત્તિઓ ચલાવી લેવામાં આવશે નહીં.

અમદાવાદ પૂર્વના ઝોન 5ના રામોલ, નિકોલ, ઓઢવ, રખિયાલ, ગોમતીપુર, બાપુનગર, અને અમરાઈવાડી સહિતના પોલીસ સ્ટેશનો દ્વારા વિવિધ દરોડામાં કુલ 1.69 કરોડ રૂપિયાની કિંમતનો ઈંગ્લિશ દારૂનો જથ્થો જપ્ત કરાયો હતો. જ્યારે ઝોન 7ના સરખેજ, વાસણા, સેટેલાઇટ, બોડકદેવ, વેજલપુર, એલિસબ્રિજ અને આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કુલ 37 લાખ રૂપિયાનો દારૂ ઝડપી લેવાયો હતો. આમ, બંને ઝોનના પોલીસ સ્ટેશનો દ્વારા પકડાયેલા કુલ રૂ. 2 કરોડ 6 લાખનો દારૂનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો.



પોલીસ દ્વારા ઝડપાયેલા દારૂના આ વિશાળ જથ્થાનો બે અલગ-અલગ જગ્યાએ વૈધાનિક રીતે નાશ કરવામાં આવ્યો હતો. જમીન પર દારૂની બોટલો પાથરી તેના પર બુલડોઝર ફેરવીને સંપૂર્ણ નાશની કાર્યવાહી કરાઈ હતી. આ કાર્યવાહી દરમિયાન ડીસીપી, એસીપી સહિતના અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# અમદાવાદમાં ધો.6માં ભણતી બાળકીને ફોસલાવી દુષ્કર્મ કર્યું

## આરોપી સામે POCSO હેઠળ ગુનો દાખલ

(એજન્સી) અમદાવાદ | તા. 19

કથિત રીતે મહિલાઓ અને બાળકીઓ માટે સુરક્ષિત કહેવાતા અમદાવાદમાં ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરના વટવા વિસ્તારમાં આરોપીએ છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે હાલ સગીરાના માતા-પિતા દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.



અમદાવાદના વટવા વિસ્તારમાંથી છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની રોજની જેમ શાળાએ જઈ રહી હતી. ત્યારે આરોપી પ્રફૂલ ઉર્ફે પ્રિન્સ નામના યુવકે છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને 100 રૂપિયા અને ફરવા લઈ જવાની લાલચ આપી અવાવરૂ જગ્યાએ લઈ ગયો અને તેના પર દુષ્કર્મ આચર્યું હતું. આરોપી મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટના વિશે બાળકીએ પરિવારને જાણ કરતા માતા-પિતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી છે. હાલ, પોલીસે આરોપી વિરૂદ્ધ પોક્સો (POCSO) એક્ટ સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે.

# ST વિભાગના 36 હજાર કર્મીઓ માટે દિવાળી પહેલા ખુશખબર

## ST નિગમના 36,000થી વધુ કર્મચારીને હવે ₹10,000 'તહેવાર પેશગી એડ્વાન્સ'

(એજન્સી) ગાંધીનગર | તા. 19

દિવાળીને તહેવાર પર ગુજરાત સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ(GSRTC)ના કર્મચારીને લઈને મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જેમાં ST નિગમના 36,000થી વધુ કર્મચારીને હવે 10,000 'તહેવાર પેશગી ઍડ્વાન્સ' તરીકે આપવામાં આવશે.

ગુજરાતના નવા મંત્રીમંડળમાં હર્ષ સંઘવીને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી બનાવ્યા છે. નાયબ મુખ્યમંત્રીએ વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો યોજી હતી. જેમાં સરકારે દિવાળી પહેલા GSRTCના ફિક્સ પગારના કર્મચારીઓને બદલે તમામ કર્મચારીઓને 'તહેવાર પેશગી ઍડ્વાન્સ'ની રકમ અપાશે.જેમાં નિગમના તમામ કર્મચારીઓને હવે 10,000 રૂપિયા 'તહેવાર પેશગી ઍડ્વાન્સ' તરીકે આપવામાં આવશે. અગાઉ માત્ર ફિક્સ પગારના કર્મચારીઓને રૂ.5,000 સુધી આ પેશગી મળતી હતી. આ ઉપરાંત, આગામી 26મીથી 30 ઑક્ટોબર દરમિયાન સ્વચ્છતા અને જળ બચાવો ઝુંબેશ અંતર્ગત રાજ્યની તમામ આરટીઓ કચેરીઓ તેમજ તમામ એસ.ટી બસ સ્ટેશનમાં ખાસ ડ્રાઈવ યોજવાનો નિર્ણય લેવાયો છે. આ ડ્રાઈવમાં લીકેજ નળની મરામતની કામગીરી શરુ કરાશે.




# અમેરિકા મોકલવાના બહાને રૂપિયા ૪૦ લાખની છેતરપિંડી

(એજન્સી) ગાંધીનગર | તા. 19

ગાંધીનગર શહેર નજીક આવેલા સરઢવ ગામના ખેડૂતના પુત્ર અને પુત્રવધુને અમેરિકા મોકલવાના બહાને એજન્ટો દ્વારા ૧.૨૦ કરોડ રૂપિયામાં સોદો નક્કી કરીને દંપતીને થાઈલેન્ડ અને બાલીમાં દોઢ મહિના ફેરવી પરત મોકલી દીધા હતા.જોકે ૪૦ લાખ રૂપિયા પરત નહીં કરતા આ ચાર એજન્ટો સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

હાલમાં લોકોને વિદેશ મોકલવા માટે ઠગ એજન્ટો દ્વારા લાખો કરોડો રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે ત્યારે આ વખતે ગાંધીનગર શહેર નજીક આવેલા સરઢવ ગામમાં રહેતા ખેડૂત જશવંતભાઈ બળદેવભાઈ પટેલને નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમના પુત્ર સાગરને અમેરિકા જવાનું હોવાથી જશવંતભાઈ એજન્ટની શોધમાં હતા તે દરમિયાન ગત મે ૨૦૨૪માં સાગરની મુલાકાત એજન્ટ સંજય ચંડીદાસ ગઢવી, રહે સ્વાગત એપાર્ટમેન્ટ સરગાસણ, નિલેશ શામળદાસ પટેલ રહે, શુભ રેસિડેન્સી, પ્રાંતિજ, પિનાકીન ભગુભાઈ પટેલ અને તેની પત્ની નીલમ પટેલ રહે, રાધે બંગલો જનતાનગર તલોદ સાથે મુલાકાત થઈ હતી. આ એજન્ટો દ્વારા દંપતીને અમેરિકા મોકલી આપવાની વાત કરી ૧.૨૦ કરોડ રૂપિયામાં સોદો નક્કી કર્યો હતો. જેથી જશવંતભાઈ દ્વારા ભેગા કરેલા રૂપિયા સંજય ગઢવી, નિલેશ પટેલ અને પિનાકીન પટેલને ૬૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. ત્યારબાદ આ એજન્ટો સાગર અને તેની પત્નીને એરપોર્ટ લઈ ગયા હતા. જ્યાં સંજય ગઢવીએ દંપતીને પહેલા મુંબઈ લઈ જઈ ત્યાંથી અમેરિકા ન્યૂયોર્કમાં ઉતારી બધી વ્યવસ્થા કરી હોવાની ખાતરી આપી હતી.

# અમદાવાદમાં રિંગ રોડ પરનો આ બ્રિજ-અંડરપાસ 40 દિવસ બંધ રહેશે

## કામગીરી: ત્રાગડ અંડરપાસના બોક્સના રિપેરિંગની કામગીરી

(એજન્સી) અમદાવાદ | તા. 19

અમદાવાદના સરદાર પટેલ રિંગ રોડ પર આવેલા ત્રાગડ અંડરપાસ અને વટવા રેલવે ઓવરબ્રિજ પર ઔડા (AUDA) દ્વારા રિપેરિંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે, જેને પગલે અમદાવાદ ટ્રાફિક પોલીસે મહત્ત્વપૂર્ણ ડાયવર્ઝન જાહેર કર્યાં છે. આ બંને સ્થળોએ આગામી 40 દિવસ સુધી તબક્કાવાર ટ્રાફિક બંધ રહેશે. આ ઉપરાંત કાલુપુર અને રિવરફ્રન્ટ પૂર્વ પર પણ બ્રિજ અને બુલેટ ટ્રેનની કામગીરીને કારણે ડાયવર્ઝન લાગુ કરાયા છે.



વટવા રેલવે ઓવરબ્રિજ પર રિપેરિંગની કામગીરી 40 દિવસ ચાલશે. પહેલો તબક્કો (20 દિવસ): હાથીજણ સર્કલથી અસલાલી સર્કલ સુધીનો રસ્તો બંધ રહેશે. બીજો તબક્કો (20 દિવસ): અસલાલી સર્કલથી હાથીજણ સર્કલ તરફનો રસ્તો બંધ રહેશે. વૈકલ્પિક રસ્તો: વાહનચાલકો રીંગ રોડથી રોપડા ચાર રસ્તા થઈને સરસ્વતી ચાર રસ્તાનો ઉપયોગ કરી શકશે.

આગામી છ મહિના સુધી ડીસીપી ઝોન-3થી રિલીફ રોડના છેડા સુધીનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે. વૈકલ્પિક રસ્તો: કાલુપુર રેલવે સ્ટેશનની સામેનો રસ્તો વાહનવ્યવહાર માટે ઉપયોગમાં લઈ શકાશે. કામગીરી: બુલેટ ટ્રેનના પિલર અને બ્રિજની કામગીરી. બંધ: નારણઘાટથી બુલેટ ટ્રેનના પિલર સુધીનો 100 મીટરનો રસ્તો બંધ રહેશે.

# દિવાળીના તહેવારની સાચી મજા તો પરિવાર સાથે જ આવે......

## ચાલો ને આ વર્ષે દિવાળી પછી ના તહેવાર ગામડે જઈને કરીએ, સ્પર્શ અને હેલી ને પણ એના દાદા દાદી,નાના નાની,ભાઈ બહેનો,ફઈ,કાકા વગેરે ને મળવાનો મોકો મળશે



પરિવાર

- રુપાલી દવે

"Dipavali is festival of family,sweets, lights & crakers"

નેહા એ ઊંડો નિસાસો નાખતા કહ્યું કે ઓહ!!અંશુલ, ત્રીસ વર્ષ પહેલા ના દિવસો યાદ આવતા લાગે છે કે કેટલા સુંદર હતા એ દિવસો? દિવાળી ના તહેવાર ની સાચી મજા તો પરિવાર સાથે જ આવે,પરિવાર વગર દિવાળી નો પર્વ સુના પડી જાય છે. ખબર નહી કેમ પણ દિવાળીના તહેવાર માં ઘર શણગારવા થી લઈને બધુજ કરીએ છીએ છતાંય એમાં કંઈક ખૂટતું હોય એવું ફીલ થાય છે..અંશુલ!!આટલા વર્ષ સુધી તમારી જીદ ને લીધે ચૂપ રહી હતી પરંતુ અત્યારે મને મારી મમ્મી અને પપ્પા ની ખૂબ યાદ આવે છે.ચાલો ને આ વર્ષે દિવાળી પછી ના તહેવાર ગામડે જઈને કરીએ, સ્પર્શ અને હેલી ને પણ એના દાદા દાદી,નાના નાની,ભાઈ બહેનો,ફઈ,કાકા વગેરે ને મળવાનો મોકો મળશે. તમને ખબર છે વ્હાલ નો દરિયો તમારી નાનકડી ભત્રીજી મીરાની સગાઈ નક્કી થઈ ગઇ છે.છેલ્લા ત્રીસ વર્ષથી દિવાળી ના તહેવાર ની ઝાંખી પડી ગયેલ રોનક માં પરિવાર ની ખુશી ભળી જાય તો...મને ખબર છે તમને પણ બધા ની યાદ દિવાળી ના તહેવાર આવે છે પણ મનમાં જીદ ની ગાંઠ બાંધી ને બેઠા છો એ છોડવા માંગતા નથી એટલે..બોલતા બોલતા નેહા ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી.. અંશુલ એ રડતી નેહા ને માનવતા કહ્યું કે તારા પ્રેમ અને ખુશી માટે જીદ નું બલિદાન આપવા તૈયાર છું પણ તારા અને મારા પપ્પા મમ્મી એ ત્રીસ વર્ષ પહેલા આપણા સાથે બધા પ્રકાર ના સબંધો તોડી નાખ્યા છે. જો એને થોડો પણ આપણા પ્રત્યે લગાવ હોત તો મીરાની સગાઈ માં મને અને તને બોલાવવા જાણ કરી હોત. નેહા!!મારી મીઠુડી,આમ તું રડી રડી ને આંખ લાલ લાલ કરીશ તો હું ડરી જઈશ આમ પણ તું જમાદાર થી કમ નથી મારા પર રોફ ચલાવવા માં મિનિટ ની પણ વાર લગાડતી નથી. તું એટલું સમજ કે એ લોકોએ એનું આપણા થી અલગ વિશ્વ બનાવી લીધું છે એટલે તો તારા પરિવાર એ તારી અને મારા પરિવારે મારી બાદબાકી કરી નાખી છે. શું ફર્ક પડે છે? આપણા ને હેલી અને સ્પર્શ જેવા સુંદર પ્રેમાળ બાળકો છે. જ્યારથી હેલી મેડિકલ કોલેજ માં ભણવા ગઈ છે અને સ્પર્શ કેનેડા ગયો છે ત્યારથી તને ગામડા ની યાદ વધારે સતાવવા લાગી છે. નેહા,વેરી અનફેર આવું ન ચાલે દુનિયા આખી પ્રત્યે તને લગાવ છે પણ તારા અંશુલની લગીરેય ચિંતા નથી..

ભોળા ભટક અંશુલનો હેન્ડસમ ચહેરો નિહાળતા જ રડતી નેહા એ સાડીના પાલવ થી આંસુ લૂછી ને એકએક હસવા લાગી.નેહા એ અંશુલ ને પૂછ્યું કે અચ્છાજી, મને ચિંતા નથી તો બોલ બાળપણ થી યુવાની સફર માં સૌથી વધારે દિવાળીનો તહેવાર ક્યારે તને વધારે સુંદર લાગ્યો હતો? અંશુલ એ નેહાનો હાથ પોતાના હાથ માં લઈને પ્રેમથી પંપાળતા કહ્યું કે મારી મીઠુડી,તારા સાથે વિતાવેલ એ ખૂબ સુરત ખાસ દિવસોની યાદી મેં સુવર્ણ અક્ષરે મારા દિલમાં કોતરાવી નાખ્યા છે. તારા સાથે પ્રથમ મુલાકાત ની યાદ કરોડો ની લોટરી કરતા પણ મારા માટે મૂલ્યવાન છે. આમ તો તને જોતાવેંત જ પ્રેમ થઈ ગયો હતો? તારી કાળી મોટી આંખો નિહાળતા જ સાત માં ધોરણ માં ભણતા અંશુલ ના દિલ માં પ્રેમ શબ્દ એ આકાર લઈ લીધો હતો. બન્નેના ઘર વચ્ચે એકજ દીવાલ હતી એટલે સવારે ઉઠતાવેંત રૂમ ની બારી માંથી તને નિહાળતો ત્યારે તું મીઠું મધ જેવું સ્માઈલ આપીને શરમાઈ જતી હતી.ઘણીવાર મારા અને તારા વર્તણૂંક ના લીધે દીદી ને શક પડતો હતો પણ એણે "ભાઈ બહેન" ના સબંધો વધારે જીવ્યા હતા એટલે આપણા બન્ને ના પ્રેમ સબંધો પણ ભાઈ બહેન ના છે એવું માનતી હતી. પ્રેમથી અંશુલ સામે જોઈને સહેજ સ્માઈલ કરતા નેહા બોલી કે અંશુ, તું ત્યારે મારા પાછળ કેટલો પાગલ હતો શહેર માં નોકરી મળ્યાના મહિના માંજ મને ભગાડી ને શહેર માં નાસી ગયો હતો.આપણા બન્ને ના કૃત્ય ને લીધે બિચારા પપ્પા અને શાહ કાકાની વર્ષો જૂની ભાઈબંધી એક રાત માંજ તૂટી ગઈ હતી.વરસો સુધી પ્રસંગો અને તહેવારોની મજા ભેગા મળી ને માનવતા બન્ને પરિવાર વચ્ચે ત્રણ ચાર વર્ષ સુધી અબોલા રહ્યા હતા.સાચું કહું અંશુ,ખોટું ન લગાડતો પણ એ ત્રણ વર્ષ માં દિવાળી ના તહેવાર આવતો ને ત્યારે મને મારા અને તારા ઘરના બધા જ ખૂબ યાદ આવતા હતા.ઘણીવાર તારી ગેર હાજરી માં રડી પણ પડતી હતી પણ તું સેડ થઈ જઈશ એ બીકે ઘર વાળા ને ફોન કરતી નહતી.ત્યારે લાગતું હતું કે શહેર માં આવી ને આપણે આપણો સુખી સંપન્ન પરિવાર વસાવી લીધો પરંતુ આપણા સ્વાર્થ ને લીધે બે પરિવાર ની ખુશીઓ આડે કાયમી દિવાલ મુકાઈ ગઈ. અંશુલ એ નેહા ના લિસા કાળા વાળ માં પ્રેમથી હાથ ફેરવતા કહ્યું કે નોકરી મળ્યા બાદ મારે સાસરું શોધવા દૂર ફાંફા મારવા ન પડે એટલે પડોશણ ને ભગાડી ત્યારે વિચાર્યું હતું કે બન્ને પરિવાર પડોશી ને બદલે સબંધીઓ બની જશે. એન્જિનિયરિંગ પૂરું કર્યા બાદ બાપા ની અપેક્ષા મુજબ ની સરકારી નોકરી મળી ત્યારે આટલા જલ્દી લગ્ન કરવાની સહેજ પણ ઈચ્છા નહતી પણ જે ફ્લેટ માં રહેતો હતો ને એની બાજુના ઘરમાં મારી મીઠુડી રહેતી નહતી.મને સાતમા ધોરણથી જ રાત દિવસ તારો ખુબ સુરત ચહેરો જોવા ની આદત પડી ગઇ હતી એટલે મેં પડોશણ ને ઘરવાળી બનાવવા નો નિર્ણય દ્રઢ મને લઈ ને તને રાતોરાત ભગાડી ગયો હતો.બે ત્રણ ભાઈબંધો ને બોલાવી ને બીજે જ દિવસે તારા સાથે લગ્ન પણ કરી નાખ્યા હતા જેથી બાપા દાદાગીરી ની અજમાયશ મારા પર ન કરે. ભલે સગા સબંધીઓ અને તું મને સ્વાર્થી કહે પણ તારા સાથેના પ્રેમની પ્રત્યેક પળ માટે મને સ્વાર્થી બનવું મંજૂર છે.નેહા,તહેવારો આવતા ત્યારે તારા જેમ હું પણ પરિવાર ને ખૂબ મીસ કરતો હતો.ફટાકડા થી લઈને બપોર નું ભોજન પણ આપણે બધા સાથે કરતા હતા દિવાળી ના દિવસે તારા ઘરે મારા ઘરના જમતા હતા ને બેસતા વર્ષના દિવસે તારા ઘરના મારે ત્યાં જમવા આવતા હતા. બા ના હાથ નો રવાનો શીરો અને કાકી ના હાથ ની ખીર નો સ્વાદ એવો ને એવો સહેજ પણ બદલાયો નહતો. આકાશ માં રન બેરંગી આતશ બાજી ને નિહાળતા નેહા બોલી કે અંશુ,આતશ બાજી ના રંગો નો નજરો જોઈ ને આનંદ તો આવે છે પણ એ અમુક મિનિટ બાદ વિખરાઈ ને ધુમાડા માં ફેરવાઈ જાય છે ને ત્યારે થાય છે કે એક ના એક દિવસ હું પણ તમને છોડી ને ધુમાડામાં..અંશુલ એ નેહા ના મુખ પર આંગળી મૂકતા કહ્યું કે મેડમ,સાતમા ધોરણ થી પ્રેમ છે એમ તો તમને એકલા ન જવા દઉં, ઘરેથી સાથે ભાગ્યા હતા તો વિદાઈ પણ સાથે જ થશું. અંશુલ નું વાક્ય પૂરું થાય એ પહેલા આકાશી તારો રોકેટ બની ને લાંબો તિખારો કરતો ખર્યો..





# ફિલ્મ 'થામા'ને રિલીઝ પહેલાં જ મોટો ઝટકો

## સેન્સર બોર્ડે ઘણા સીન સામે વાંધો ઉઠાવ્યો, કિસિંગ સીન ઓછા કર્યા - ઘણા વાંધાજનક ડાયલોગ બદલાવ્યા...

આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદાના અભિનીત ફિલ્મ 'થામા' 21 ઓક્ટોબરે દિવાળીના દિવસે રિલીઝ થઈ રહી છે. ફિલ્મના નિર્માતાઓને આશા છે કે તહેવારોનો ફાયદો ફિલ્મની કમાણીમાં જોવા મળશે, જોકે ફિલ્મને લઈને લોકોમાં બહુ ઓછો ઉત્સાહ જોવા મળ્યો છે. હવે, ફિલ્મની રિલીઝ પહેલાં જ, સેન્સર બોર્ડે ફિલ્મને ઝટકો આપ્યો છે. સેન્સર બોર્ડે ફિલ્મના ઘણા વાંધાજનક સીન સામે વાંધો ઉઠાવ્યો છે અને તેમાં ફેરફાર સૂચવ્યા છે. બોલિવૂડ હંગામાના તાજેતરના અહેવાલ મુજબ, સેન્સર બોર્ડે ફિલ્મના ઘણા વાંધાજનક સીનમાં ફેરફારની માગ કરી છે, જેમાં લોહી પીનારા સીન દર્શાવવા માટે વાસ્તવિક અવાજોનો ઉપયોગ કરતો સીન પણ સામેલ છે. આ અવાજને ઘટાડવાનું સૂચન કરવામાં આવ્યું છે. વધુમાં, ફિલ્મમાં 'એલેક્ઝાન્ડર' શબ્દને 'સિકંદર' થી બદલવાનું કહેવામાં આવ્યું છે. ફિલ્મના બીજા ભાગમાં દર્શાવવામાં આવેલા એક સીનમાં, 'આઝાદી દૂંગા' નામનો ડાયલોગ છે, જેને બદલીને 'અય્યાશી કરતા હું' કરવો પડશે. સેન્સર બોર્ડે લાંબા કિસિંગ સીનમાં 30 ટકાનો ઘટાડો કરવાની માંગ કરી છે, જેના પરિણામે સીનમાં 5 સેકન્ડનો ઘટાડો થશે.

### ફિલ્મમાં કાતર ફરતાં નુકસાન થઈ શકે છે

છેલ્લી ઘડીના આ ફેરફારો ફિલ્મ પર ઊંડી અસર કરી શકે છે. અવાજમાં ફેરફાર સીનને અજીબ બનાવી શકે છે, જ્યારે 'સિકંદર, અય્યાશી કરતા હૂં' જેવા ડાયલોગ બદલવા પણ નિર્માતાઓ માટે મુશ્કેલ બની શકે છે, કારણ કે ફિલ્માંકન ખૂબ વહેલું પૂર્ણ થઈ ગયું હતું. આ ફેરફારો લિપ-સિંકિંગને મુશ્કેલ બનાવશે, અને સીનની રીતે પણ અજીબ બની શકે છે.

આ ફેરફાર સાથે, સેન્સર બોર્ડે ફિલ્મને U/A 16+ રેટિંગ આપ્યું છે. આનો અર્થ એ થયો કે તે 16 વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે જોવા માટે ઉપલબ્ધ રહેશે નહીં. ફિલ્મનો રનટાઇમ હવે 149.59 મિનિટ અથવા 2 કલાક અને 29 મિનિટ છે.

'થામા' ફિલ્મનું એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયું છે, જોકે અત્યાર સુધી એડવાન્સ બુકિંગથી ફક્ત 5 કરોડ (આશરે $50 મિલિયન) નો નફો થયો છે, જે દિવાળીના અનુસંધાને ઓછો છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર 'એક દીવાને કી દીવાનીયાત' ફિલ્મ સાથે ટકરાશે, જેણે પહેલાથી જ 1.5 કરોડ (આશરે $1.50 મિલિયન) ની કમાણી કરી લીધી છે. સોશિયલ મીડિયા પર પણ, 'એક દીવાને કી દીવાનીયાત' નો ક્રેઝ 'થામા' કરતા વધારે છે.

ફિલ્મ, 'થામા' આશરે 145 કરોડના જંગી બજેટમાં બનાવવામાં આવી હતી, તેનું બજેટ પુનઃપ્રાપ્ત કરવા માટે તેને 10 કરોડથી વધુ કમાણી કરવી જરૂરી બનશે

# પ્રાર્થના સભામાં જેકી શ્રોફે પાપારાઝીને ઝાટક્યા

## પાછળ-પાછળ ફરતા કેમેરામેન પર ગુસ્સે થઈ કહ્યું- તમારા ઘરમાં બનાવ બનશે, ત્યારે તમને સમજાશે...!



(એજન્સી) મુંબઈ । તા. 19

તાજેતરમાં દિવંગત એક્ટર પંકજ ધીરના નિધન પછી પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. જેમાં મોટા ભાગના સેલેબ્સે હાજરી આપી હતી. મુંબઈના જુહુ સ્થિત ઈસ્કોન મંદિરમાં આયોજિત આ સભાના અનેક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. એક વીડિયો સામે આવ્યો છે જેમાં જેકી શ્રોફ પાપારાઝી દ્વારા ફોલો કરવામાં આવતા ગુસ્સે ભરાયેલા જોવા મળે છે.

ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલા એક વીડિયોમાં, જેકી તેની કાર તરફ આગળ વધી રહ્યા છે અને પાપારાઝી તેમની પાછળ આવતા જોવા મળે છે. જેકી અટકી જાય છે અને ગુસ્સાથી એક પાપારાઝી તરફ જુએ છે. પછી તે તેની પાસે આવે છે અને કહે છે- "તમારા કે આપણા ઘરમાં બનશે ત્યારે સમજાશે." એક્ટરનો ગુસ્સો જોઈને, તેને જવાબ આપ્યો કે- હું કંઈ નથી કરી રહ્યો.

સોશિયલ મીડિયા પર જેકીની રિએક્શનની પ્રશંસા થઈ રહી છે. યુઝર્સ કહી રહ્યા છે કે, "શાબાશ. આ કોઈને હેરાન કરવાની જગ્યા નથી." આ દરમિયાન, કેટલાક યુઝર્સ જેકીને ન્યાયી ઠેરવી રહ્યા છે, "શાબાશ. આ કોઈ ફેશન શો નથી."

પંકજ ધીરની પ્રાર્થના સભાની વાત કરીએ તો, ટીવી અને બોલિવૂડના ઘણા અગ્રણી હસ્તીઓ 17 ઓક્ટોબરના રોજ ઈસ્કોન મંદિરમાં અભિનેતાને શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા હતા. જેમાં શિલ્પા શેટ્ટી, તેમના પતિ રાજ કુંદ્રા, ડિરેક્ટર રોહિત શેટ્ટી, જેકી શ્રોફ, પૂનમ ઢિલ્લોન, સોનુ સૂદ, મુકેશ ખન્ના અને રજત બેદીનો સમાવેશ થાય છે.

એક્ટર પંકજ ધીર (68) નું 15 ઓક્ટોબરની સવારે અવસાન થયું. તે લાંબા સમયથી કેન્સર સામે લડી રહ્યા હતા. તેમણે બી.આર. ચોપરાના લોકપ્રિય ટીવી શો મહાભારતમાં ઉદાર કર્ણની ભૂમિકા ભજવી હતી.



# સૂરજ બડજાત્યાના આગામી પ્રોજેક્ટ માટે આયુષ્માન-શર્વરીની જોડી...

## 1 નવેમ્બરથી શૂટિંગ શરૂ; આયુષ્માને કહ્યું- ફિલ્મ માસ ઓડિયન્સ માટે હશે

(એજન્સી) મુંબઈ । તા. 19

આયુષ્માન ખુરાના હાલમાં તેની ફિલ્મ 'થમ્મા' ની તૈયારી કરી રહ્યો છે, જે આ દિવાળી 21 ઓક્ટોબરે રિલીઝ થવાની છે. તેની હોરર કોમેડી રિલીઝ થયાના દસ દિવસ પછી, આયુષ્માન ડિરેક્ટર સૂરજ બડજાત્યાની ફેમિલી ડ્રામા ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. ફિલ્મનું નામ હાલમાં નક્કી નથી. તેનું નિર્માણ રાજશ્રી પ્રોડક્શન્સ અને મહાવીર જૈન ફિલ્મ્સ દ્વારા કરવામાં આવશે.

સૂત્રના જણાવ્યા અનુસાર, સૂરજ બડજાત્યાની છેલ્લી ફિલ્મ, ઊંચાઈ (2022) પછી, રાજશ્રી પ્રોડક્શન્સે ફરી એકવાર મહાવીર જૈન ફિલ્મ્સ સાથે હાથ મિલાવવાનો નિર્ણય લીધો છે. સૂરજ બડજાત્યા અને મહાવીર જૈન બંનેને 'ઊંચાઈ'માં એકબીજા સાથે કામ કરવાનો ખૂબ આનંદ થયો અને તેથી, તેમણે ફરી એકવાર સાથે કામ કરવાનું નક્કી કર્યું.

સૂત્રએ વધુમાં ઉમેર્યું, 'આ ફિલ્મ 1 નવેમ્બરથી ફ્લોર પર જશે. તે એક રોમેન્ટિક ફેમિલી મનોરંજક ફિલ્મ છે અને તેમાં સૂરજ બડજાત્યાની ટ્રેડમાર્ક ટચ હશે. આયુષ્માન ઉપરાંત, તેમાં શર્વરી પણ છે.'

મહાવીર જૈનની આ ફેમિલી મનોરંજક ફિલ્મ 'નાગઝિલા' પછીનો તેમનો આગામી મોટો પ્રોજેક્ટ છે. કાર્તિક આર્યન અભિનીત આ ફિલ્મનું દિગ્દર્શન મૃગદીપ સિંહ લાંબા દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું નિર્માણ કરણ જોહરના ધર્મા પ્રોડક્શન્સ સાથે મળીને કરવામાં આવ્યું છે. દરમિયાન, શર્વરી યશ રાજ ફિલ્મ્સની સ્પાય યુનિવર્સની પ્રથમ મહિલા લીડ ફિલ્મ, 'આલ્ફા'ની રિલીઝ માટે પણ તૈયારી કરી રહી છે, જેમાં આલિયા ભટ્ટ અને બોબી દેઓલ પણ છે. આ ફિલ્મ આ વર્ષે ક્રિસમસ પર સિનેમાઘરોમાં રિલીઝ થશે. ગયા અઠવાડિયે, આયુષ્માન ખુરાનાએ FICCI ફ્રેમ્સ 2025 ના સિલ્વર જ્યુબિલી એડિશનના પહેલા દિવસે હાજરી આપી હતી. ત્યાં જ તેણે પહેલીવાર પુષ્ટિ કરી હતી કે તેણે સૂરજ બડજાત્યાની આગામી ફિલ્મ સાઈન કરી છે. તેમણે કહ્યું, 'જ્યાં સુધી મારી ફિલ્મોનો સવાલ છે, 'થમ્મા' મારી પહેલી મોટી દિવાળી રિલીઝ છે. આ પછી, હું સૂરજ બડજાત્યા અને ધર્મા પ્રોડક્શન્સ સાથે એક ફિલ્મ કરી રહ્યો છું.'

# 'હાથ નીચે...હાથ નીચે રખો!!':સેલ્ફી લેવાના ચક્કરમાં ફેને ખભે હાથ મૂક્યો, દીકરીની હાજરીમાં અક્ષય કુમારનો પિત્તો છટક્યો...

(એજન્સી) મુંબઈ । તા. 19

શનિવારે મુંબઈ એરપોર્ટ પર બોલિવૂડના ખિલાડી કુમાર અક્ષયને જોવા માટે ભીડનો જમાવડો જોવા મળ્યો અને લોકોએ સેલ્ફી લેવા માટે એક્ટરને ઘેરી લીધો હતો. એવામાં એક ઉત્સુક ફેને એક્ટરના ખભા પર હાથ મૂકી દીધો, જેનાથી તે લાલઘૂમ થઈ ગયો. મુંબઈ એરપોર્ટ પરથી અક્ષય કુમારનો એક વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં, અક્ષય કુમાર પોતાની બેગ લઈને એરપોર્ટમાં એન્ટ્રી કરી રહ્યો હોય છે, ત્યારે ગેટ પર પહોંચે તે પહેલાં જ ફેન્સ તેને ઘેરી લે છે. આ દરમિયાન, ફોટો લેતી વખતે એક ચાહકે ઉત્સાહમાં એક્ટરના ખભા પર હાથ મૂકી દીધો હતો. જેનાથી એક્ટર ચીડાઈ જાય છે. અક્ષયે તરત જ ગુસ્સામાં ફેનને ખભા પરથી હાથ હટાવવા માટે કહ્યું. બાદમાં ફેન પણ ઝડપથી પોતાનો હાથ હટાવી લે છે. ત્યારબાદ અક્ષયે કેટલાક ચાહકો માટે પોઝ આપી એક્ટરે ફોટો પડાવ્યો. પરંતુ દીકરીની હાજરીમાં અક્ષય ફેન પર ચીડાઈ ગયો અને ગુસ્સે થઈ ગયો એવી ઘટના ભાગ્યે જ બને છે. અક્ષય નેવી બ્લૂ શર્ટ અને બ્લેક ચશ્મા પહેરીને એરપોર્ટ પહોંચ્યો. અક્ષય કુમારની સાથે તેમની પુત્રી નિતારા પણ હતી, જેણે વાદળી ટી-શર્ટ અને સફેદ ટ્રાઉઝર પહેર્યું હતું. અક્ષય કુમાર પાસે ઘણી મોટી ફિલ્મો અક્ષય કુમારે તાજેતરમાં જ જોલી LLB ફ્રેન્ચાઇઝના ત્રીજા ભાગમાં અરશદ વારસી સાથે એક્ટિંગ કરી હતી. તેમની આગામી ફિલ્મ, 'ભૂત બાંગ્લા' ટૂંક સમયમાં રિલીઝ થશે, જેમાં પરેશ રાવલ, વામિકા ગબ્બી, શરમન જોશી અને જાવેદ જાફરી કો-એક્ટર છે. તે 'હૈવાન', 'હેરા ફેરી 3' અને 'વેલકમ ટુ ધ જંગલ'માં પણ જોવા મળશે.

# રજત બેદીની પુત્રી વેરા ઐશ્વર્યા-કરીના સાથેની સરખામણીથી નારાજ

(એજન્સી) મુંબઈ । તા. 19

એક્ટર રજત બેદી લાંબા સમય પછી આર્યન ખાનની ડેબ્યૂ સિરીઝ 'બેડ્સ ઓફ બોલિવૂડ' સાથે પડદા પર પાછા ફર્યા. જ્યારે અભિનેતા પોતાના પરિવાર સાથે શોના સ્ક્રીનિંગમાં પહોંચ્યા ત્યારે તેમની પુત્રી વેરા બેદીના લુકે બધાનું ધ્યાન ખેંચ્યું. વેરાની સરખામણી યુવાન કરીના કપૂર અને ઐશ્વર્યા રાય સાથે કરવામાં આવી હતી.

ઈન્સ્ટન્ટ બોલિવૂડ સાથેના એક ઈન્ટરવ્યૂમાં, રજત બેદીએ આ સરખામણીઓ પર તેમની પુત્રીની પ્રતિક્રિયા શેર કરી.

તેણે કહ્યું, 'તે ખૂબ જ ગભરાયેલી અને ડરેલી હતી. એક દિવસ, તે પોતાના કામ પર ધ્યાન કેન્દ્રિત કરી શકી નહીં અને કહ્યું, 'પપ્પા, લોકો AI નો ઉપયોગ કરીને મારી ખોટી છબીઓ બનાવી રહ્યા છે. કેટલાક લોકો પોસ્ટ કરી રહ્યા છે અને મારી સરખામણી ઐશ્વર્યા અને કરીના સાથે કરી રહ્યા છે અને બકવાસ કહી રહ્યા છે. જેમ કે, હું 10 ઐશ્વર્યા કે કરીનાને ખાઈ જઈશ.' એક્ટરે લોકોને તેમની પુત્રી કે પુત્રની AI-જનરેટેડ છબીઓ ન બનાવવા વિનંતી પણ કરી. તેમણે કહ્યું, 'મારો મતલબ છે કે તે ખોટું છે. તે પણ ખુશ છે.

# કપડાં મેચિંગ, મનડાં મેચિંગ, દલડાં મેચિંગ....!

## સગાઈની અફવાઓ વચ્ચે હુમા કુરૈશી બોયફ્રેન્ડ સાથે દેખાઈ, 'થામા'ની સ્ક્રિનિંગમાં રૂમર્ડ કપલે લાઈમલાઈટ લૂંટી








(એજન્સી) મુંબઈ । તા. 19

શનિવારે સાંજે મુંબઈમાં ફિલ્મ 'થામા' ના સ્ક્રીનિંગમાં એક્ટ્રેસ હુમા કુરેશીએ હાજરી આપી હતી. સગાઈની અફવાઓ વચ્ચે, તેની સાથે એક્ટર અને એક્ટિંગ કોચ રચિત સિંહ પણ હતો.બંને રેડ કાર્પેટ પર હાથમાં હાથ નાખીને પહોંચ્યા અને પાપારાઝી માટે હસતાં હસતાં પોઝ આપ્યા. ઈવેન્ટના વીડિયો સામે આવ્યા પછી, ચાહકોએ તેમની કેમેસ્ટ્રીની પ્રશંસા કરી હતી.

નોંધનીય છે કે ગયા મહિને જ સમાચાર આવ્યા હતા કે હુમા અને રચિતની સગાઈ થઈ ગઈ છે. સિંગર અકાસા સિંહે ઈન્સ્ટાગ્રામ પર બંનેનો ફોટો શેર કરીને લખ્યું હતું કે- હુમા, તારી નાની સ્વર્ગ જેવી ક્ષણ માટે અભિનંદન. તે એક અદ્ભુત રાત હતી.

જોકે હુમાએ હજુ સુધી સગાઈના સમાચારની પુષ્ટિ કરી નથી, પરંતુ પાછળથી તેણે સાઉથ કોરિયાથી એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરી, જેમાં લખ્યું, 'દરેક વ્યક્તિએ શાંત રહેવું અને પોતાના કામ પર ધ્યાન આપવું.'

હવે, 'થામા' ફિલ્મના સ્ક્રીનિંગમાં રચિત સાથે તેના દેખાવથી સગાઈની અફવાઓ ફરી શરૂ થઈ છે. ફેન્સ જાણવા માટે ઉત્સુક છે કે શું આ બંને લગ્ન કરવાનું વિચારી રહ્યા છે. રચિત એક ફેમસ એક્ટિંગ કોચ છે અને ઘણી વખત હુમા સાથે દેખાયા છે. આ વર્ષે ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં તેમની ફિલ્મ 'બયાન' ના સ્ક્રીનિંગમાં પણ તેઓ તેમની સાથે ગયા હતા. તેણે જૂન 2024માં સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલના લગ્નમાં પણ હાજરી આપી હતી. હુમા અગાઉ ડિરેક્ટર મુદસ્સર અજાઝ સાથે રિલેશનશિપમાં હતી, જેણે તેને ફિલ્મ 'ડબલ એક્સએલ' માં દિગ્દર્શિત કરી હતી. બંનેએ 2022માં અલગ થવાનો નિર્ણય લીધો. હુમા ટૂંક સમયમાં વેબ સિરીઝ 'દિલ્હી ક્રાઈમ સીઝન 3' માં મીના ઉર્ફે બડી દીદી તરીકે જોવા મળશે. આ શો 13 નવેમ્બર, 2025ના રોજ રિલીઝ થશે.

# પરવીન બાબીના છેલ્લા દિવસો અંત્યત ભયાનક હતા!

## એક્સ બોયફ્રેન્ડ કબીર બેદીની દીકરી પૂજાને કહ્યું - સિક્રેટ સર્વિસ, FBI, CIA... મને મારવા પીછો કરે છે

(એજન્સી) મુંબઈ । તા. 19



ફેમસ એક્ટ્રેસ પરવીન બાબી અને કબીર બેદી એક સમયે રિલેશનશિપમાં હતા. કબીર બેદીની પુત્રી, એક્ટ્રેસ પૂજા બેદી બાળપણમાં ઘણી વાર તેમને મળતી હતી, પરંતુ થોડા વર્ષોમાં જ પરવીન અને કબીર બેદી અલગ થઈ ગયા. પૂજા બેદીએ તાજેતરમાં ખુલાસો કર્યો હતો કે જ્યારે પરવીન બાબી ભારત પરત ફર્યા, ત્યારે બધા કહેવા લાગ્યા કે તેમની સાથે કંઈક થયું છે. તેમના પિતાના બ્રેકઅપ છતાં, તે એક્ટ્રેસને મળવા ગયા. તેમણે જોયું કે પરવીનનું વજન ઘણું વધી ગયું હતું અને તેમના વાળ અસ્તવ્યસ્ત હતા. તે ફક્ત ઈંડા ખાઈને જીવી રહ્યા હતા.

તાજેતરમાં, સિદ્ધાર્થ કન્નને એક ઈન્ટરવ્યૂ દરમિયાન પૂજા બેદીને પૂછ્યું કે- શું તે ક્યારેય પરવીન બાબી (તેના પિતાની પૂર્વ પ્રેમિકા)ને મળ્યા છે. પૂજાએ જવાબ આપ્યો, હું બાળપણમાં પરવીન બાબીને મળી હતી, કારણ કે અમે ઘણીવાર તેમના ઘરે જતા હતા, જે અમારા ઘરથી ખૂબ નજીક હતું. અમે બધા એક જ હોલમાં સાથે રમતા હતા. તે ખૂબ જ સ્વિટ અને સૌમ્ય લાગતા હતા.'

'પછી તેમનું (પરવીન બાબી અને કબીર બેદી) બ્રેકઅપ થઈ ગયું, અને જ્યારે તે ઘણા વર્ષો પછી ભારત પાછા આવ્યા, ત્યારે બધા કહી રહ્યા હતા તેમની સાથે કંઈક ખોટું થયું છે. હું જોની બક્ષી સાથે તેના ઘરે ગઈ. અમે દરવાજો ખખડાવ્યો અને તેમણે દરવાજો ખોલ્યો અને તેઓ ખૂબ જ અલગ દેખાતા હતા. તેમનું વજન ઘણું વધી ગયું હતું, તેમના વાળ વિખરાયેલા હતા, પરંતુ તે મને જોઈને ખૂબ ખુશ થઈ ગયા, કહ્યું, 'પૂજા, અંદર આવ' અને મને ગળે લગાવી.'

પૂજા બેદીએ આગળ કહ્યું- 'અમે બેઠા અને વાત કરવાનું શરૂ કર્યું, બધું સામાન્ય લાગતું હતું. પછી અચાનક તેણે કહ્યું, 'હું તમને ખાવા માટે કંઈ આપી શકતી નથી કારણ કે હું માત્ર ઈંડા ખાઉં છું.' મેં પૂછ્યું, 'ફક્ત ઈંડા જ કેમ?' તેમણે કહ્યું- 'કારણ કે તે એકમાત્ર વસ્તુ છે જેને તે સ્પર્શ કરી શકતા નથી.' મેં પૂછ્યું, 'તે કોણ છે?' તેમણે કહ્યું, 'સિક્રેટ સર્વિસ, એફબીઆઈ, સીઆઈએ... તે બધા.' જોની અને મેં એકબીજા સામે જોયું. પછી તેમણે કહ્યું, 'હું સુપરમાર્કેટમાંથી મેકઅપ પણ ખરીદી શકતી નથી કારણ કે તેઓ તેમાં ઝેર નાખી શકે છે.' મેં કહ્યું, 'પણ તેઓને કેવી રીતે ખબર પડે કે તમે આજે કયા સ્ટોર પર જવાના છો અને કયા બ્રાન્ડના કયા બોક્સમાં જવાના છો?' તેમણે કહ્યું, 'તેઓ બધું જાણે છે.'

પૂજાએ આગળ કહ્યું, 'મેં જોની તરફ જોયું અને મને ખ્યાલ આવ્યો કે કંઈક ગંભીર રીતે ખોટું છે. હું તેમની સાથે જે બન્યું તે અંગે ખૂબ જ ચિંતિત અને મૂંઝવણમાં હતી. તે એક મોટો આઘાત હતો, કારણ કે બાળપણમાં મેં તેમને ખૂબ જ અલગ, ખુશ-ખુશાલ રીતે જોયા હતા, અને હવે, વર્ષો પછી, તે આ સ્થિતિમાં હતો. પછી તેમણે એક સુપરસ્ટારને દોષ આપવાનું શરૂ કર્યું.

## ઓસ્ટ્રેલિયાએ ભારતને હરાવીને

# સુલ્તાન ઓફ જોહર કપ 2025નો દાવો કર્યો

### ત્રણ ફાઈનલમાં હાર્યા બાદ ઓસ્ટ્રેલિયાએ ચોથા પ્રયાસમાં ટ્રોફી જીતી લીધી

(એજન્સી) ચેન્નઈ । તા. 19

ભારત ટુર્નામેન્ટમાં ફક્ત બે મેચ હારી ગયું, બંને ઓસ્ટ્રેલિયા સામે. ભારત ટુર્નામેન્ટમાં ફક્ત બે મેચ હારી ગયું, બંને ઓસ્ટ્રેલિયા સામે. | ફોટો ક્રેડિટ: ખાસ વ્યવસ્થા ઓસ્ટ્રેલિયાએ શનિવારે મલેશિયાના જોહર બહરુના તમન દયા હોકી સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલમાં ભારત સામે 2-1થી સાંકડી જીત સાથે સુલ્તાન ઓફ જોહર કપ 2025નો ખિતાબ જીત્યો. ત્રણ ફાઈનલમાં હાર્યા બાદ ઓસ્ટ્રેલિયાએ આખરે હૂડુ તોડી નાખ્યો, કારણ કે તેણે ચોથા પ્રયાસમાં ટ્રોફી જીતી લીધી. મેચની શરૂઆત ખૂબ જ ખરાબ રહી, જેમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ક્વાર્ટરમાં પ્રથમ મેચ હારી. રમતના બે મિનિટ બાકી હતી ત્યારે ઈયાન ગ્રોબેલરે ઓસ્ટ્રેલિયાના પ્રથમ પેનલ્ટી કોર્નરને ગોલમાં રૂપાંતરિત કર્યો.



પ્રથમ બ્રેક પછી પાછળ રહીને, ભારત બીજા ક્વાર્ટરમાં નવા જોશ સાથે બહાર આવ્યું. પેનલ્ટી કોર્નર કન્વર્ઝન સાથે ટુર્નામેન્ટ લાંબા સંઘર્ષ છતાં - 47 પ્રયાસોમાંથી ફક્ત સાત સફળ ફ્લિકનું સંચાલન કરવા છતાં - ભારતને સફળતા મળી. ભારતના 48મા પ્રયાસમાં, અનમોલ એક્કાએ હાફટાઈમ પહેલા જ સ્કોરને બરાબર કરવા માટે જોરદાર ફ્લિક શરૂ કર્યો. બીજા હાફની શરૂઆતમાં ભારત માટે ગતિ ચાલુ રહી, કારણ કે તેણે ઘણા હુમલાઓ શરૂ કર્યા અને અનેક શોર્ટ કોર્નર મેળવ્યા, પરંતુ દબાણને ગોલ-અહેડમાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ ગયા.

ત્રીજો ક્વાર્ટર રક્ષણાત્મક યુદ્ધમાં પરિવર્તિત થયો, બંને ટીમોએ સર્કલ એન્ટ્રી કરી પરંતુ બે નિશ્ચિત બેકલાઈન્સથી આગળ કોઈ રસ્તો શોધી શક્યો નહીં. ટાઈ-બ્રેકિંગ ગોલ ઘડિયાળ પર ફક્ત બે મિનિટ બાકી હતી ત્યારે આવ્યો. ભારતના કેપ્ટન, રોહિતે, ઈન્જેક્શન પહેલાં સમય પહેલા લાઈન છોડીને પેનલ્ટી કોર્નરનો બચાવ કરતી વખતે એક મહત્વપૂર્ણ ભૂલ કરી. આના પરિણામે પેનલ્ટી મળી, જેના કારણે ભારતને ફક્ત ત્રણ આઉટફિલ્ડ ખેલાડીઓ સાથે શોર્ટ કોર્નરનો બચાવ કરવો પડ્યો.

ગ્રોબેલરે આ ફાયદાનો લાભ ઉઠાવ્યો, ફરીથી ગોલ કરીને ઓસ્ટ્રેલિયાને નિર્ણાયક 2-1ની લીડ અપાવી અને ગોલ્ડ મેડલ સુરક્ષિત કર્યો. આ ફાઈનલમાં ભારતનો કુલ 12 દેખાવમાંથી સુલ્તાન ઓફ જોહર કપ ફાઈનલમાં રેકોર્ડ આઠમો દેખાવ હતો. દિવસની શરૂઆતમાં, ગ્રેટ બ્રિટને પાકિસ્તાનને 3-2થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો.

## ડોપિંગના ગુનેગારોમાં વહેલા પ્રવેશ માટે 3 વર્ષનો પ્રતિબંધ ફટકારવામાં આવ્યો હતો



(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ત્રણ સગીરો, બે એથ્લેટિક્સમાંથી અને એક વેઈટલિફ્ટિંગમાંથી, રમતગમતના ઘણા ડોપ અપરાધીઓમાં સામેલ હતા જેમને રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી એજન્સી (NADA) દ્વારા આરોપ લગાવ્યાના 20 દિવસની અંદર પોતાનો ગુનો સ્વીકાર્યા પછી ચારને બદલે ત્રણ વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

બે નાના ટ્રેક અને ફિલ્ડ એથ્લેટ્સે લો બ્લડ પ્રેશરની સારવાર માટે વપરાતી દવા મેફેન્ટરમાઈન માટે સકારાત્મક પરીક્ષણ કર્યું હતું, પરંતુ હવે મોટાભાગે તે બંધ કરવામાં આવે છે. NADA એ 29 સપ્ટેમ્બરના રોજ પ્રતિબંધ ઘટાડ્યો હતો, પરંતુ યાદી ગુરુવારે જ અપડેટ કરવામાં આવી હતી.

નાના વેઈટલિફ્ટરે મેટેન્ડીએનોન, એક એન્ડ્રોજન અને એનાબોલિક સ્ટીરોઈડ માટે સકારાત્મક પરીક્ષણ કર્યું હતું. દરમિયાન, ચાર અન્ય - જ્યોતિ (મહિલાઓનું મધ્યમ અંતર/અંતર), રુનજુન પેગુ (મહિલાઓનું ભાલા), અને મીનુ (સ્ટીપલચેઝ), તેમજ સલોની ત્યાગી (પાવરલિફ્ટર) - ને 'ચોરી' માટે ત્રણ વર્ષનો ઘટાડો દંડ મળ્યો છે.

અન્ય બે, પ્રભાત કુમાર (નાવડી, ટેસ્ટોસ્ટેરોન) અને થંગટનર નૌરહા મેઈતેઈ (વુશુ, મેફેન્ટરમાઈન), ને પણ ચારને બદલે ત્રણ વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

NADA એન્ટી-ડોપિંગ નિયમ 2021 ના કલમ 10.8 અને 8.3 માં પૂરા પાડવામાં આવેલ 'કેસ રિઝોલ્યુશન એગ્રીમેન્ટ' હેઠળ ડોપ અપરાધીઓને તેમના પ્રતિબંધ સમયગાળામાં એક વર્ષનો ઘટાડો મળ્યો.

પહેલા ગુના માટે મહત્તમ પ્રતિબંધ સમયગાળો ચાર વર્ષ છે. તેમ છતાં, NADA નિયમોની કલમ 10.8 'પરિણામ વ્યવસ્થાપન કરાર' ની જોગવાઈ કરે છે જેના હેઠળ રમતવીરો વહેલા પ્રવેશ અને મંજૂરીની સ્વીકૃતિના આધારે ઓછી સજા મેળવી શકે છે.

વધુમાં, કલમ 10.8.1 ચાર વર્ષના પ્રતિબંધનો આરોપ લગાવવામાં આવેલા રમતવીરોને એક વર્ષના ઘટાડાનો લાભ મેળવવાની મંજૂરી આપે છે જો તેઓ ઉલ્લંઘન સ્વીકારે છે અને આરોપ લગાવ્યાના 20 દિવસની અંદર દંડ સ્વીકારે છે.

કલમ 10.8.2 રમતવીરને NADA અને WADA (વર્લ્ડ એન્ટી-ડોપિંગ એજન્સી) સાથે કેસ રિઝોલ્યુશન એગ્રીમેન્ટમાં પ્રવેશવાની તક પૂરી પાડે છે જેમાં કેસના તથ્યોના આધારે અયોગ્યતાના લાગુ સમયગાળા પર સંમતિ આપી શકાય છે.

## GTU ટેબલ ટેનિસ સ્પર્ધામાં SVIT કોલેજ બીજા વર્ષે વિજેતા

(એજન્સી) અમદાવાદ । તા. 19

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી આંતર ઝોનલ ટેબલ ટેનિસ સ્પર્ધા નું આયોજન એસવીઆઈટી વાસદ દ્વારા તાજેતરમાં કરવામાં આવ્યું હતું. બે દિવસ ચાલેલી આ સ્પર્ધામાં પ્રથમ દિવસે ભાઈઓ ની કુલ 21 થી વધુ ટીમોએ ભાગ લીધો હતો અને બીજા દિવસે 15 થી વધુ બહેનોની ટીમોએ ભાગ લીધો હતો. ભાઈઓ ની સ્પર્ધામાં ફાઈનલમાં LDCE અમદાવાદની ટીમને 3-0 થી હરાવી SVITની ભાઈઓની ટીમ સતત બીજા વર્ષે GTU આંતર ઝોનલ ટેબલ ટેનિસ સ્પર્ધામાં વિજેતા બની હતી.બહેનોની સ્પર્ધામાં LDCE અમદાવાદની ટીમ એ VVP રાજકોટની બહેનોને 3-0 થી હરાવી સતત બીજા વર્ષે બહેનોમાં ચેમ્પિયનશિપ મેળવી હતી. સમગ્ર સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્તરના રેફરીઓ એ સેવાઓ પૂરી પાડી હતી. જીટીયુ સ્પર્ધામાં પ્રથમ વખત ટેબલ ટેનિસ




સ્પર્ધામાં સ્કોરિંગ માટે ડિજિટલ સ્કોર કાર્ડ મૂકવામાં આવ્યા હતા. ખેલાડીઓએ ટેબલ ટેનિસના ટેબલ, લાઈટીંગ, સ્કોરિંગ અને અમ્પાયરિંગના ખૂબ વખાણ કર્યા હતા. સ્પર્ધા ની અંતે સંસ્થાના અધ્યક્ષ શ્રી ભાસ્કરભાઈ પટેલ અને ઉપાધ્યક્ષ શ્રી સંદીપભાઈ પટેલ, ટ્રસ્ટી શ્રી રાહુલભાઈ પટેલ ના વરદહસ્તે વિજેતા ખેલાડીઓને ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન આચાર્ય ડૉ.ડી પી સોનીની સીધી દેખરેખ નીચે કોલેજના ડીપીઈ ડૉ. વિકાશ અગ્રવાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## લિયોનેલમેસ્સીનીહેટ્રિકથીઈન્ટરમિયામીએ નેશવિલ પર 5-2થી વિજય મેળવ્યો

(એજન્સી) નેશવિલ । તા. 19

મેસ્સી આ સિઝનમાં 29 ગોલ સાથે MLS સ્કોરિંગમાં આગળ છે. તેણે છેલ્લી વખત હેટ્રિક ફટકારી હતી, જ્યારે તેણે ગયા ઓક્ટોબરમાં ઈન્ટર મિયામીની ન્યૂ ઈંગ્લેન્ડ રિવોલ્યુશન પર 6-2થી જીત મેળવી હતી.

'એ સ્પષ્ટ છે કે તે (મેસ્સી) દરરોજ રાત્રે આપણને ફાયદો અપાવે છે,' ઈન્ટર મિયામીના ડિફેન્ડર ઈયાન ફ્રેએ કહ્યું. 'તેના વિશે કહેવા માટે પૂરતા શબ્દો નથી.'તેણે 35મી મિનિટે ગોલ કરીને શરૂઆત કરી, બોક્સની બહાર શોટ મારીને સિઝનનો તેનો 27મો ગોલ કરીને ઈન્ટર મિયામીને 1-0થી લીડ અપાવી. નેશવિલ એસસીએ 43મી મિનિટે સેમ સુરિજના હેડરથી જવાબ આપ્યો અને રમત 1-1થી બરાબર કરી.



પ્રથમ હાફમાં ઈન્ટર મિયામીને 11-4થી પાછળ છોડી દીધા પછી, નેશવિલ એસસીએ પ્રથમ હાફના સ્ટોપેજ ટાઈમના છેલ્લા મિનિટમાં ગોલ કર્યો જ્યારે જેકબ શેફેલબર્ગે ડાબી પોસ્ટ પરથી હેની મુખ્તારના રિબાઉન્ડ પર ગોલ કરીને 2-1ની લીડ મેળવી. 62મી મિનિટે એન્ડી નજર પર હેન્ડ બોલ માર્યા બાદ મિયામીને પેનલ્ટી આપવામાં આવી. મેસ્સીએ રમતનો પોતાનો બીજો ગોલ કરીને 2-2 ની બરાબરી કરી. ચાર મિનિટ પછી, બાલ્ટાસર રોડ્રિગ્ઝે બોક્સના મધ્યમાંથી શોટ મારીને ઈન્ટર મિયામીને 3-2 ની લીડ અપાવી.

'રમતના અંત તરફ, અમારી ગુણવત્તાએ કબજો જમાવ્યો અને અમે રમત જીતી લીધી,' ફ્રેએ કહ્યું. 'અમારી પાસે અહીં રમત રમવા માટે કેટલાક મહાન ખેલાડીઓ છે.

### મેસ્સીએ 2025 MLS ગોલ્ડન બૂટ જીત્યો

નેશવિલ | ઈન્ટર મિયામી CF સુપરસ્ટાર લિયોનેલ મેસ્સીએ 2025 MLS ગોલ્ડન બૂટ જીત્યો છે, હેરોન્સ સાથેની તેની બીજી સંપૂર્ણ સીઝનમાં 29 ગોલ કરીને લીગનો સૌથી વધુ સ્કોરર બન્યો છે. મેસ્સીએ LAFC ના ડેનિસ બૌઆંગા અને નેશવિલ SC ના સેમ સુરિજને પાછળ છોડીને 19 આસિસ્ટનું યોગદાન આપ્યું છે. તે મિયામીનો પ્રથમ ગોલ્ડન બૂટ વિજેતા અને 2021 માં ન્યૂ યોર્ક સિટી એફસી સાથે વેલેન્ટિન 'ટેટી' કાસ્ટેલાનોસે કર્યા પછી આ એવોર્ડ મેળવનાર પ્રથમ આર્જેન્ટિનાનો ખેલાડી બન્યો છે. આર્જેન્ટિનાના મહાન ખેલાડીએ શનિવારે નેશવિલમાં 5-2ના ડિસિઝન ડે વિજય દરમિયાન ત્રણ ગોલ કર્યા અને એક આસિસ્ટ આપ્યો, આ સિઝનમાં 48 ગોલ યોગદાન (29 ગોલ, 19 આસિસ્ટ) સુધી પહોંચ્યા - જે 2019 માં LAFC માટે કાર્લોસ વેલાના MLS રેકોર્ડ 49 થી થોડા ઓછા છે.

## અમદાવાદ ડિફેન્ડર્સે મુંબઈ મીટિયર્સને સિઝનની હાર આપી

### નંદગોપાલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

અમદાવાદ ડિફેન્ડર્સે 12-15, 15-7, 15-12, 21-20 થી વિજય સાથે અણનમ મુંબઈ મીટિયર્સને હરાવ્યું. અમદાવાદ ડિફેન્ડર્સે શનિવારે હૈદરાબાદના ગચીબોવલી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે પ્રાઈમ વોલીબોલ લીગમાં અજેય મુંબઈ મીટિયર્સને 12-15, 15-7, 15-12, 21-20થી હરાવીને મેચ જીતી લીધી. આ જીત સાથે, અમદાવાદ ડિફેન્ડર્સ છ રમતોમાં 12 પોઈન્ટ સાથે ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગયા, જ્યારે મીટિયર્સ ત્રીજા સ્થાને સરકી ગયા. નંદાએ અમદાવાદ માટે મજબૂત શરૂઆત કરી જ્યારે મુથુસામી અપ્પાવુએ અભિનવની શક્તિનો ઉપયોગ કરવા માટે મધ્યથી હુમલાઓ ગોઠવ્યા. મીટિયર્સે ઝોન 2 માં નાના અંતરને લક્ષ્ય બનાવ્યું કારણ



કે મેથિયાસ લોફ્ટેસનેસ સુપર સર્વિસ મેળવવામાં સફળ રહ્યા. પેટર ઓસ્ટવિકે બે વાર અંગામુથુને અવરોધિત કર્યો, પરંતુ ધ્રુવિલ શાહના સર્વિસ પ્રેશરથી રમત બરાબર રહી. એક જોખમી સુપર સર્વિસે મીટિયર્સ માટે લાભદાયી પરિણામ આપ્યું અને તેને એક સેટ આગળ અપાવ્યો.

બત્તુર બત્સુરીએ અમદાવાદ માટે વળતો હુમલો શરૂ કર્યો. અંગમુથુએ પોતાની લય શોધવાનું શરૂ કર્યું અને મુંબઈના ડિફેન્સની કસોટી કરી. નંદાના સુપર સ્પાઈકથી અમદાવાદને એક સુપર પોઈન્ટ મળ્યો, જેનાથી રમત બરાબરી પર આવી ગઈ. બત્સુરી અને અંગમુથુના સતત હુમલાઓએ ડિફેન્ડર્સને રમત પર પકડ મેળવવાની મંજૂરી આપી. પાછળ રહીને, મુંબઈએ અનુભવી બ્લોકર કાર્તિકને મેદાનમાં ઉતાર્યો.

## ~~ઈંગ્લેન્ડ હેગલી ઓવલ, ક્રાઈસ્ટચર્ચ ખાતે~~

## બીજી T20I માં ન્યૂઝીલેન્ડનો સામનો કરીને પાછા ફરશે?

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

સતત સફળતા બાદ, ઈંગ્લેન્ડને બ્રેક મળ્યો, કારણ કે તેઓએ પ્રથમ T20I માં સરેરાશ બેટિંગ પ્રદર્શન કર્યું હતું, પરંતુ વરસાદે છેલ્લો હાસ્ય ગુમાવ્યો. પરિણામે, પ્રથમ ઈનિંગ પછી રમત રદ કરવામાં આવી. હવે, બે રમતો રમવાની બાકી છે. બીજી T20I સોમવારે સવારે 11:45 વાગ્યે ક્રાઈસ્ટચર્ચના હેગલી ઓવલ ખાતે યોજાવાની છે. ન્યૂઝીલેન્ડે સારી બોલિંગ કરી અને પરિસ્થિતિઓનો સારી રીતે ઉપયોગ કર્યો.

ઈંગ્લેન્ડના અતિ-આક્રમક અભિગમને પહેલી રમતમાં જ પછડાટનો સામનો કરવો પડ્યો. પરંતુ અમારું માનવું છે કે તેઓ ફરી એકવાર સખત રમત રમશે તેવી અપેક્ષા છે. જોકે તે તેમની સામે કામ કરી શકે છે, તે એકલા હાથે પણ રમતને મજબૂત બનાવી શકે છે. ન્યુઝીલેન્ડને કંઈપણ બદલવાની જરૂર નથી, અને તેમને ફક્ત તેઓએ જે કર્યું તેનું પુનરાવર્તન કરવાની જરૂર છે. અહીં હેવીવેઈટ વચ્ચે બીજી ક્રેકિંગ હરીફાઈ થવાની અપેક્ષા છે.

આ બંને ટીમો કુલ 28 T20I માં એકબીજાનો સામનો કરી ચૂકી છે. ઈંગ્લેન્ડે ૧૬ જીત નોંધાવી છે, અને ન્યુઝીલેન્ડે ૧૦ જીત નોંધાવી છે, અને બે મેચ કોઈ પરિણામ વિના સમાપ્ત થઈ છે.

હેગલી ઓવલની વિકેટ ઝડપી બોલિંગ માટે સારી છે. ઉછાળો સારો છે, અને નવા બોલમાં ઝિપ હશે. વાદળછાયું વાતાવરણ પેસરો માટે મદદ કરશે, પરંતુ સ્પિનરો પાસે બોલિંગ કરવા માટે વધુ કંઈ રહેશે નહીં. અહીંની વિકેટ સમગ્ર રમત દરમિયાન સમાન રહેશે, પરંતુ અહીં પીછો કરવો આદર્શ રહેશે, જેમ કે રેકોર્ડ પણ સૂચવે છે.

## ડેનમાર્ક ઓપન 2025: સાત્વિક-ચિરાગ સેમિફાઈનલમાં બહાર

(એજન્સી) ચેન્નાઈ । તા. 19

શનિવારે ડેનમાર્ક ઓપનની સેમિફાઈનલમાં ભારતની સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની પુરુષ ડબલ્સ જોડી જાપાનના ટાકુરો હોકી અને યુગો કોબાયાશી સામે 68 મિનિટની સ્પર્ધામાં 21-23, 21-18, 16-21થી હારી ગઈ હતી.

છઠ્ઠી ક્રમાંકિત ભારતીયો સામે ફક્ત એક જ વાર જીત મેળવનાર હોકી અને કોબાયાશીએ ઓડેન્સમાં વર્લ્ડ ચેમ્પિયનશિપ બ્રોન્ઝ મેડલ વિજેતાઓને હરાવવા માટે ખૂબ જ મહેનત કરી હતી. સાત્વિક અને ચિરાગે મજબૂત શરૂઆત કરી, શરૂઆતની રમતમાં 4-1ની લીડ મેળવી, પરંતુ અનફોર્સ્ડ ભૂલોના કારણે જાપાની જોડી નિયંત્રણ મેળવવામાં સફળ રહી અને અંતરાલમાં 11-6થી આગળ રહી.




ભારતીયો વિરામ પછી ફરીથી જૂથબદ્ધ થયા, આગામી આઠ પોઈન્ટમાંથી છ લઈને 12-13 પર બંધ થયા. તેઓએ એક ગેમ પોઈન્ટ પણ રાખ્યો, પરંતુ સાત્વિકે એક સીધી તક ગુમાવી દીધી, જેના કારણે જાપાનીઝ ટીમને પાછળ હટવાનો અને ઓપનર પોકેટ કરવાનો મોકો મળ્યો. બીજી ગેમમાં, ચિરાગની નેટ પર આક્રમકતા અને શાર્પ પ્લેસમેન્ટથી ભારતીય ટીમ ફરીથી ગતિ મેળવી શકી, 16-14થી આગળ. ત્યારબાદ સાત્વિકે બે ગેમ પોઈન્ટ મેળવ્યા, પછી ચિરાગે તેને સીલ કરીને નિર્ણાયક ગેમ પર દબાણ કર્યું. અંતિમ ગેમ એંગલ અને રિફ્લેક્સના તણાવપૂર્ણ યુદ્ધમાં ફેરવાઈ ગઈ, બંને જોડી દરેક રેલીમાં શરૂઆતના વિનિમયને નિયંત્રિત કરવાનો ઈરાદો ધરાવતી હતી.

## જાપાન ઓપન 2025: લેયલા ફર્નાન્ડીઝે ટેરેઝા વેલેન્ટોવાને હરાવીને ટાઈટલ જીત્યું

(એજન્સી) ઓસાકા । તા. 19

વિશ્વની 27મી ક્રમાંકિત ખેલાડી ફર્નાન્ડીઝે જુલાઈમાં વોશિંગ્ટનમાં ડીસી ઓપનમાં પોતાની જીત બાદ ઓસાકામાં ક્વોલિફાયર વેલેન્ટોવાને હરાવીને બીજી ટુર્નામેન્ટ જીતી. જાપાન ઓપનમાં મહિલા સિંગલ્સની ફાઈનલ મેચમાં ચેક રિપબ્લિકની ટેરેઝા વેલેન્ટોવાને હરાવીને કેનેડાની લેયલા ફર્નાન્ડીઝ વિજેતાની ટ્રોફી સાથે પોઝ આપે છે. રવિવારે જાપાન ઓપન ફાઈનલમાં ચેક કિશોરી ટેરેઝા વેલેન્ટોવાને 6-0, 5-7, 6-3થી હરાવીને કેનેડાની લેયલા ફર્નાન્ડીઝે વર્ષનો પોતાનો બીજો ખિતાબ જીત્યો.વિશ્વની 27મી ક્રમાંકિત ફર્નાન્ડીઝે જુલાઈમાં વોશિંગ્ટનમાં ડીસી ઓપનમાં પોતાની જીત બાદ ઓસાકામાં ક્વોલિફાયર વેલેન્ટોવાને હરાવીને બીજી ટુર્નામેન્ટ જીત મેળવી.

23 વર્ષીય ફર્નાન્ડીઝની કારકિર્દીનું આ પાંચમું ટાઈટલ હતું અને તે જ વર્ષમાં તેણીએ પહેલી વાર બે વાર જીત મેળવી છે.

ફર્નાન્ડીઝ, તેની જમણી જાંઘ પર ભારે સ્ટ્રેપિંગ સાથે રમતી હતી, તેણીની 18 વર્ષીય પ્રતિસ્પર્ધી સામે પ્રથમ સેટમાં પહોંચી, જે વિશ્વમાં 78મા ક્રમાંકિત છે અને તેણી તેની પ્રથમ WTA ફાઈનલમાં દેખાઈ રહી હતી.




બીજા સેટ પહેલા ચેન્જઓવરથી વેલેન્ટોવા ખૂબ જ ચોંકી ગઈ હતી પરંતુ તે સ્વિંગ કરીને બહાર આવી અને મેચ બરાબર કરી દીધી.

ફર્નાન્ડીઝે ત્રીજા સેટમાં ફરીથી ઉપરનો હાથ મેળવ્યો, જ્યારે તેણીના પ્રતિસ્પર્ધીએ સર્વિસ રીટર્ન નેટમાં ફટકારીને વિજય મેળવ્યો.

જાપાન ઓપનની ટોચની ક્રમાંકિત, ભૂતપૂર્વ વિશ્વ નંબર વન નાઓમી ઓસાકા, પગની ઈજામાંથી સ્વસ્થ થવામાં નિષ્ફળ જવાને કારણે તેના ક્વાર્ટર ફાઈનલ પહેલા બહાર થઈ ગઈ.

ફર્નાન્ડીઝ આવતા અઠવાડિયે ટોક્યોમાં યોજાનાર પેન પેસિફિક ઓપનમાં ભાગ લેશે, જ્યાં તેણી શરૂઆતના રાઉન્ડમાં સાથી કેનેડિયન વિક્ટોરિયા મ્બોકોનો સામનો કરશે.

## WTA ચેન્નાઈ ઓપન 2025: માયા, સહજાને વાઈલ્ડકાર્ડ મળ્યા;

## ફ્રેન્ચ ઓપન સેમિફાઈનલમાં પહોંચેલી બોઈસન ટોપ સીડ હોવાની શક્યતા છે

(એજન્સી) ચેન્નાઈ । તા. 19

જ્યારે લિન્ડા ફ્રુહવિર્ટોવા 2022 માં જીતેલા પોતાના ટાઈટલનો બચાવ કરવા માટે શહેરમાં પરત ફરશે, ત્યારે ફાઈનલમાં તેની પ્રતિસ્પર્ધી મેગ્ડા લિનેટ (પોલેન્ડ), ઘૂંટણની ઈજાને કારણે ટુર્નામેન્ટ છોડી દેશે.ભારતની 16 વર્ષીય ઉભરતી સ્ટાર માયા રાજેશ્વરન રેવતી અને તેની દેશબંધુ સહજા યમલાપલ્લીને 27 ઓક્ટોબરથી ચેન્નાઈના SDAT સ્ટેડિયમ ખાતે શરૂ થનારી ચેન્નાઈ ઓપન ઈન્ટરનેશનલ વિમેન્સ ટેનિસ ચેમ્પિયનશિપ - WTA 250 ટુર્નામેન્ટ - ની બીજી આવૃત્તિ માટે સિંગલ્સ મુખ્ય ડ્રોમાં વાઈલ્ડકાર્ડ એન્ટ્રી આપવામાં આવી હતી.ત્રણ વર્ષ પછી શહેરમાં પરત ફરતી આ ટુર્નામેન્ટમાં સ્ટાર પાવરનું એક તત્વ ઉમેરતી વખતે, ફ્રાન્સની વિશ્વ નંબર 38 લોઈસ બોઈસન હશે, જે આ વર્ષે ફ્રેન્ચ ઓપનની સેમિફાઈનલમાં પહોંચી હતી. રસપ્રદ વાત એ છે કે, ટોચના ક્રમાંકિત બોઈસન 32 ખેલાડીઓના મુખ્ય ડ્રોમાં વાઈલ્ડકાર્ડ દ્વારા પ્રવેશ કરશે. સિંગલ્સ મુખ્ય ડ્રોમાં અન્ય વાઈલ્ડકાર્ડ પ્રવેશ કરનાર આ વર્ષની વિમ્બલ્ડન જુનિયર ચેમ્પિયન, સ્લોવાકિયાની મિયા પોહાન્કોવા છે.'જ્યાં સુધી વાઈલ્ડકાર્ડ્સનો સંબંધ છે ત્યાં સુધી અમે રેન્કિંગ અનુસાર આગળ વધી રહ્યા છીએ, માયા સિવાય. તેના કિસ્સામાં, તે તમિલનાડુની છે, અને તે ખરેખર સારી ભવિષ્યની સંભાવના છે,' તમિલનાડુ ટેનિસ એસોસિએશન (TNTA) ના પ્રમુખ અને ભારતીય ટેનિસ દિગ્ગજ વિજય અમૃતરાજે શુક્રવારે અહીં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જણાવ્યું હતું.

લિન્ડા ફ્રુહવિર્ટોવા 2022 માં જીતેલા તેના ખિતાબનું રક્ષણ કરવા માટે શહેરમાં પરત ફરશે, જ્યારે ફાઈનલમાં તેની પ્રતિસ્પર્ધી, મેગ્ડા લિનેટ (પોલેન્ડ), ઘૂંટણની ઈજાને કારણે ટુર્નામેન્ટ છોડી દેશે. સિંગલ્સ મુખ્ય ડ્રોમાં વિમ્બલ્ડન 2024 સેમિફાઈનલ અને પેરિસ ઓલિમ્પિક્સ સિલ્વર મેડલિસ્ટ ક્રોએશિયાની ડોના વેકિક, ગયા વર્ષની વિમ્બલ્ડન ક્વાર્ટર ફાઈનલિસ્ટ ન્યુઝીલેન્ડની લુલુ સન અને જર્મનીની વિશ્વ નંબર 44 તત્જાના મારિયાનો પણ સમાવેશ થાય છે. "અમારા માટે મુખ્ય બાબત એ છે કે અમે અમારી [ભારતીય] છોકરીઓને પ્રકાશિત કરવા માંગીએ છીએ; જો તેઓ એક કે બે મેચ જીતે છે, તો તે શાનદાર રહેશે".



**આગ :** આ વિમાનમાં 160 મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સવાર હતા અને તમામ લોકો સુરક્ષિત છે

# હવામાં ચાલુ ઉડાને એર ચાઈનાના વિમાનમાં આગ લાગી



(એજન્સી) ચીન | તા. 19

ચીનના હાંગઝોઉથી દક્ષિણ કોરિયાના સિઓલ જઈ રહેલી એર ચાઈનાની ફ્લાઈટ CA139 માં શનિવારે એક મોટી દુર્ઘટના ટળી હતી. ફ્લાઈટમાં મુસાફરના કેરી-ઓન બેગમાં રાખેલી લિથિયમ બેટરીમાં વિસ્ફોટ થતાં આગ લાગી હતી, જેના કારણે વિમાનને શંઘાઈ પુડોંગ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે, જેમાં પ્લેનના ઓવરહેડ કેબિનમાંથી આગની જ્વાળાઓ નીકળતી જોવા મળી રહી છે.

ફ્લાઈટ સવારે 9:47વાગ્યે હાંગઝોઉ એરપોર્ટથી ઉડાન ભરી હતી અને ઈંચિયોન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બપોરે 12:20 વાગ્યે પહોંચવાનું હતું. જોકે, ઉડાનના લગભગ 40 મિનિટ પછી, ઓવરહેડ કેબિનમાં એક મુસાફરના કેરી-ઓન બેગમાંની લિથિયમ બેટરીમાં વિસ્ફોટ થયો અને તાત્કાલિક આગ ફાટી નીકળી હતી.

અહેવાલ અનુસાર, વિમાને સમુદ્ર ઉપર એક ચક્કર લગાવ્યા બાદ સવારે 11 વાગ્યાની આસપાસ શંઘાઈમાં લેન્ડ કર્યું હતું. આ વિમાનમાં 160 મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સવાર હતા અને તમામ લોકો સુરક્ષિત છે. વાઈરલ વીડિયોમાં મુસાફરો અને કેબિન ક્રૂ ઉપલા કમ્પાર્ટમેન્ટમાંથી નીકળતી આગની જ્વાળાઓને ઓલવવાનો પ્રયાસ કરતા જોવા મળે છે, જેમાં કોરિયન ભાષામાં 'જલ્દી કરો'ની બૂમો સંભળાઈ રહી છે.

### 160 લોકોનો આબાદ બચાવ

એર ચાઈનાએ ચીની સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'વેઈબો' પર એક નિવેદનમાં કહ્યું: "18 ઓક્ટોબરે હાંગઝોઉથી ઈંચિયોન જતી ફ્લાઈટ CA139 પર એક મુસાફરના કેરી-ઓન બેગમાં લિથિયમ બેટરીમાં આગ લાગી હતી. ક્રૂ મેમ્બર્સે તુરંત કાર્યવાહી કરીને આગ પર કાબૂ મેળવ્યો હતો. મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ફ્લાઈટને શંઘાઈ પુડોંગ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવી પડી હતી."

**લિથિયમ બેટરીની સુરક્ષા :** આ ઘટનાએ ફરી એકવાર ફ્લાઈટ દરમિયાન લિથિયમ બેટરીઓ સાથે સંકળાયેલી સુરક્ષા ચિંતાઓને ઉજાગર કરી છે. તાજેતરના વર્ષોમાં આવી અનેક ઘટનાઓ બની છે. મે 2025માં, ચાઈના સધર્ન એરલાઈન્સની ફ્લાઈટમાં કેમેરાની બેટરી અને પાવર બેંકમાંથી ધુમાડો નીકળતા ટેકઓફના 15 મિનિટ પછી પરત ફરવું પડ્યું હતું. જાન્યુઆરી 2025માં એર બુસાનની ફ્લાઈટમાં સ્પેર પાવર બેંકમાં વિસ્ફોટ થતાં આગ લાગી હતી, જેમાં 7 લોકોને નાની ઈજાઓ થઈ હતી.

બાંગ્લાદેશમાં હિન્દુઓના ઘર અને મંદિરો સળગાવાયા હતા

# હિન્દુઓ પરના અત્યાચારનો મુદ્દો બ્રિટનની સંસદમાં ગાજ્યો

(એજન્સી) લંડન | તા. 19

બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારના પતન બાદ લઘુમતી હિન્દુઓ પર અત્યાચારમાં અસાધારણ વધારો થયો છે, જેને કાબુમાં કરવામાં વચગાળાની યુનુસ સરકાર સદંતર નિષ્ફળ ગઈ છે. આવા સમયે આંતરરાષ્ટ્રીય સ્તરે યુનુસ સરકારની આકરી ટીકા થઈ રહી છે. બ્રિટનની સંસદમાં બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારના મુદ્દે સાંસદોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને તેમણે તેની આકરી ટીકા કરી હતી.

બ્રિટન સરકારે બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ હિંસા અને અત્યાચારની આકરી ટીકા કરી છે. સંસદમાં સરકારે જણાવ્યું કે, યુકે શાંતિપૂર્ણ લોકતાંત્રિક પરિવર્તન અને ધાર્મિક સ્વતંત્રતાની સુરક્ષા માટે કટિબદ્ધ છે. જોકે, સરકારે લઘુમતીઓના રક્ષણ મુદ્દે તાત્કાલિક કોઈ વિશેષ પગલું લેવાનું આશ્વાસન આપ્યું નથી.

બ્રિટનના હાઉસ ઓફ કોમન્સમાં વિપક્ષ કન્ઝર્વેટિવ પાર્ટીના સાંસદ બોબ બ્લેકમેને કમ્યુનિટી સંગઠન ઈનસાઈટ યુકેના રિપોર્ટને ટાંકીને બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ સમયે યુકે સરકારે ધાર્મિક લઘુમતી સમુદાયો વિરુદ્ધ હિંસા અને હેટ સ્પીચની ઘટનાઓની આકરી ટીકા કરી હતી.

બ્રિટિશ હિન્દુઓ માટેના ઓલ પાર્ટી પાર્લામેન્ટરી ગ્રુપના અધ્યક્ષ બ્લેકમેને સાંસદોને કહ્યું કે, હાલમાં દુનિયામાં હિન્દુ, શીખ, જૈન અને બૌદ્ધ દિવાળીના તહેવારો અને નવા વર્ષની ઉજવણી કરી રહ્યા છે, પરંતુ દુર્ભાગ્યવશ બાંગ્લાદેશમાં હિન્દુઓ તેમના તહેવારોની ઉજવણી કરી શકે તેવી સ્થિતિમાં નથી. આ રિપોર્ટ દિવાળીના તહેવારોના સમયમાં જ બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય વિરુદ્ધ થઈ રહેલા અત્યાચારો પર પ્રકાશ પાડે છે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે બાંગ્લાદેશમાં હિન્દુઓના ઘર સળગાવાઈ રહ્યા છે, દુકાનો તોડી પડાઈ રહી છે અને મંદિરોમાં તોડફોડ થઈ રહી છે.

## ન્યૂઝ બ્રીફ

### દિવાળી પર વતન આવી રહેલા 255 ભારતીય મુસાફર મિલાનમાં ફસાયા



ઈટાલી | ઈટાલીના મિલાન શહેરથી ભારત પરત ફરતા 255 મુસાફરો માટે દિવાળી બગડી ગઈ. એર ઈન્ડિયાની ડ્રીમલાઈનર ફ્લાઈટમાં ટેકનિકલ ખામીને કારણે શુક્રવારે ફ્લાઈટ રદ કરવાની ફરજ પડી. મુસાફરો મિલાનમાં જ રોકી દેવાયા છે, જોકે, તેમના માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. '17 ઓક્ટોબરના રોજ મિલાનથી દિલ્હી જતી ફ્લાઈટ AI-138 ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવી હતી. બધા મુસાફરો અને ક્રૂની સલામતીને પ્રાથમિકતા આપવામાં આવી હતી. બધા અસરગ્રસ્ત મુસાફરોને હોટલમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મર્યાદિત ઉપલબ્ધતાને કારણે, એરપોર્ટની બહાર રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.'

### નીરવ મોદીનો નવો ડ્રામા, આવતા મહિને હું સનસનીભર્યો ખુલાસો કરીશ

બ્રિટન | ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીએ, જે છેલ્લા છ વર્ષથી બ્રિટિશ જેલમાં છે, યુકેની કોર્ટમાં દાવો કર્યો હતો કે આગામી મહિને ભારત પ્રત્યાર્પણ કેસમાં "સનસનાટીભર્યા ખુલાસા" થશે. 2 અબજ ડોલરના પંજાબ નેશનલ બેંક (PNB) કૌભાંડમાં ભારતમાં વોન્ટેડ 54 વર્ષીય નીરવ મોદી શુક્રવારે લંડનની રોયલ કોર્ટ્સ ઓફ જસ્ટિસમાં જજ સિમોન ટિંકલર સમક્ષ હાજર થયા. આ સુનાવણી એક અલગ કેસ સાથે સંબંધિત હતી જેમાં તેમણે બેંક ઓફ ઈન્ડિયાને $8 મિલિયનથી વધુ ચૂકવવાના બાકી છે. "બેંક ઓફ ઈન્ડિયા મારા પ્રત્યાર્પણ વિશે વાત કરી રહી છે, પરંતુ હું હવે અહીં છું. આગામી સુનાવણીમાં કેટલાક સનસનાટીભર્યા ખુલાસા થશે,' મેં પહેલાં ક્યારેય આ શબ્દો બોલ્યા નથી," નીરવ મોદીએ કોર્ટમાં કહ્યું અને આશા વ્યક્ત કરી કે તેને કાં તો નિર્દોષ જાહેર કરવામાં આવશે.

### ભારતીયો અંગે અમેરિકન નેતાના વિવાદિત નિવેદનથી હોબાળો



વોશિંગ્ટન | અમેરિકામાં ફ્લોરિડા સિટી કાઉન્સિલના નેતા ચેન્ડલર લેંગવિને ભારતીયો સામે સોશિયલ મીડિયા પર અત્યંત વાંધાજનક ટિપ્પણીઓ કરતા મોટો વિવાદ સર્જાયો છે. તેણે ભારતીયોના સામૂહિક દેશનિકાલની હાકલ કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે ભારતીયો અમેરિકનોનું આર્થિક શોષણ કરવા માટે અહીં છે. વિવાદિત નિવેદન બાદ ફ્લોરિડા સિટી કાઉન્સિલે તાત્કાલિક પગલાં લીધા છે અને આ નેતાની સત્તાઓ છીનવી લીધી છે. કાઉન્સિલે તેમની ટિપ્પણીઓની નિંદા કરતો ઠરાવ પણ પસાર કર્યો છે. ચેન્ડલર લેંગવિને સોશિયલ મીડિયા પોસ્ટમાં ભારતીયો પર ગંભીર આરોપો લગાવ્યા હતા.

પાકિસ્તાન-અફઘાન વચ્ચે યુદ્ધવિરામનો ભંગ અને ટીટીપીના ઠેકાણાઓ પર હવાઈ હુમલા

# ક્રિકેટરોના મોત બાદ અફઘાનિસ્તાનનો ગુસ્સો જોઈ પાકિસ્તાન ડર્યું! કતારમાં બોલાવી 'પીસ મીટિંગ'

(એજન્સી) પાકિસ્તાન | તા. 19

પાકિસ્તાની વાયુસેના દ્વારા અફઘાનિસ્તાનના પક્તિકા પ્રાંતમાં કરાયેલા હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 10 નાગરિકો (જેમાં ત્રણ ક્રિકેટરનો સમાવેશ થાય છે) માર્યા ગયા બાદ, બંને પક્ષોએ કતારની રાજધાની દોહામાં તાત્કાલિક શાંતિ વાટાઘાટો યોજવાનો નિર્ણય કર્યો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફ અને ઈન્ટેલીજન્સના વડા જનરલ આસિમ મલિકના નેતૃત્વમાં એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળને દોહા મોકલ્યું છે, જ્યારે અફઘાન પક્ષના સંરક્ષણમંત્રી મૌલવી મોહમ્મદ યાકૂબ મુજાહિદના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ શનિવારે ત્યાં પહોંચવાનું છે.

નવા હુમલા બુધવારે સાંજે શરૂ થયેલા અને દોહા વાટાઘાટો સુધી લંબાવેલા 48 કલાકના કામચલાઉ યુદ્ધવિરામ પછી તરત જ થયા. તાલિબાને તેને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ગણાવી બદલો લેવાની ચેતવણી આપી છે. જોકે, પાકિસ્તાનનો દાવો છે કે આ સચોટ હવાઈ હુમલાઓ અફઘાનિસ્તાનથી કાર્યરત આતંકવાદી જૂથો, ખાસ કરીને તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી)ના ઠેકાણાઓ પર કરાયા હતા.સરહદ પરના સંઘર્ષનો તાજેતરનો તબક્કો 11 ઓક્ટોબરે શરૂ થયો, જ્યારે અફઘાન દળોએ કુર્રમમાં પાકિસ્તાની ચોકીઓ પર ગોળીબાર કર્યો. પાકિસ્તાને કંદહાર અને હેલમંદમાં ડ્રોન હુમલા કરી 19 તાલિબાન લડવૈયાઓને મારવાનો દાવો કર્યો. તાલિબાને તેને 'સરહદ ઉલ્લંઘન' ગણાવી હુમલો કર્યો અને 58 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયાનો દાવો કર્યો.



### પાકિસ્તાને પોતાના નાગરિકોને અફઘાનિસ્તાનથી પાછા બોલાવ્યા

ઈસ્લામાબાદ | પોતાના દેશ પર ઉતરેલી કોઈપણ આપત્તિ અંગે ભારતને દોષિત ઠરાવ્યા વિના પાકિસ્તાનને ચેન પડતું નથી. દુષ્કાળ કે અનરાધાર વર્ષા સિવાય કોઈ પણ નૈસર્ગિક આપત્તિ જેવી કે પૂરો માટે પણ ભારતને જવાબદાર ઠરાવનાર પાકિસ્તાન અફઘાન વિદેશમંત્રી, આમીરખાન મુતાકીની ભારત યાત્રાથી તે બળી મર્યું છે. તેથી ૪૮ કલાકનો અફઘાનિસ્તાન સાથેનો યુદ્ધ વિરામ પૂરો થતાં બંને દેશો વચ્ચે ફરી યુદ્ધ ફાટી નીકળતાં તેમણે ફરી એકવાર ભારત ઉપર હુમલા શરૂ કરતાં કહી દીધું હતું કે, અફઘાનિસ્તાન ભારતની પ્રોક્ષીવોર લડી રહ્યું છે, તેવા આક્ષેપો શરૂ કરી દીધા છે. અફઘાનિસ્તાનના જે નાગરિકો પાકિસ્તાનમાં રહેતા હતા, તેમને વીણી વીણીને પાછા અફઘાનિસ્તાન મોકલી દીધા છે.

### પાક રક્ષા મંત્રીએ અફઘાન લોકોને દેશ છોડવા કહ્યું

કાબુલ/ઈસ્લામાબાદ | પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે ફરી એકવાર અફઘાનિસ્તાન પર આકરા પ્રહારો કર્યા છે. એક મુલાકાતમાં તેમણે કહ્યું કે પાકિસ્તાનમાં રહેતા તમામ અફઘાનોએ તેમના દેશમાં પાછા ફરવું જોઈએ. તેમણે ઉમેર્યું કે અફઘાનિસ્તાન સાથે જૂના સંબંધોનો યુગ સમાપ્ત થઈ ગયો છે. આસિફે કહ્યું, "અફઘાનિસ્તાન અને ભારત વચ્ચે ઘણા વર્ષોથી સંબંધ છે. પરંતુ અમારી સાથે તેમના સંબંધો ક્યારેય સારા રહ્યા નથી. તેમ છતાં, લાખો લોકોએ અમારી જમીન પર આશરો લીધો છે. જો તેમના ભારત સાથે આટલા સારા સંબંધો છે, તો પછી અહીં રહેતા અફઘાન લોકો ભારતમાં સ્થળાંતર કેમ નથી કરતા?" આસિફે આગળ કહ્યું, "પાકિસ્તાન તેમનો બોજ કેમ ઉઠાવે?

### ■ પાકિસ્તાનની 'સુરક્ષા ચિંતા' અને તાલિબાનનો આરોપોનો ઈન્કાર

કતારની મધ્યસ્થીથી દોહામાં વાટાઘાટો ચાલી રહી છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું કે તેઓ વાતચીત માટે તૈયાર છે, પરંતુ શરત એ છે કે કાબુલ તેમની સુરક્ષા ચિંતાઓને ગંભીરતાથી લે, કારણ કે ધીરજની સીમા પાર થઈ ગઈ છે. જોકે, તાલિબાન સરકારે આ આરોપોને ફગાવીને પાકિસ્તાન પર ખોટી માહિતી ફેલાવવાનો આરોપ લગાવ્યો છે અને અફઘાન ગૃહમંત્રી સિરાજુદીન હક્કાનીએ સારા પડોશી સંબંધોની ઈચ્છા વ્યક્ત કરી. સંયુક્ત રાષ્ટ્ર સહિત આંતરરાષ્ટ્રીય સંગઠનોએ બંને પક્ષોને સંયમ જાળવી રાજદ્વારી સમાધાન શોધવા અપીલ કરી છે.

### ■ સરહદ પરની સ્થિતિ: તણાવ યથાવત

સરહદ પરના હાલત નાજુક રહેલા છે. ચમન જિલ્લાના રહેવાસી નજીબુલ્લાહ ખાને જણાવ્યું, 'લોકોની જાન જોખમમાં છે. ઘરમાં ગોળીઓ વરસી રહી છે.' સ્પિન બોલ્દાકમાં તાલિબાન લડવૈયાઓ ટેન્કો પર સવાર થઈને પેટ્રોલિંગ કરી રહ્યા છે, જ્યારે પાકિસ્તાની સેનાએ ડુરાન્ડ લાઈન પર તકેદારી વધારી દીધી છે. યુદ્ધવિરામ છતાં, બંને પક્ષો વચ્ચે અવિશ્વાસ યથાવત છે.

હંગેરી પ્રવાસ દરમિયાન પુતિનની થશે ધરપકડ?

# ICC વોરંટને લઈને યુરોપમાં વિવાદ અને રાજદ્વારી દબાણ



(એજન્સી) રશિયા | તા. 19

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનનો પ્રસ્તાવિત હંગેરી પ્રવાસ આંતરરાષ્ટ્રીય સ્તરે રાજદ્વારી ગરમાવો પેદા કરી રહ્યો છે. આ પ્રવાસ ખાસ કરીને એટલા માટે ચર્ચામાં છે, કારણ કે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) દ્વારા યુક્રેનમાંથી બાળકોના ગેરકાયદેસર દેશનિકાલના આરોપો બદલ પુતિન વિરુદ્ધ 2023માં ધરપકડ વોરંટ જાહેર કરવામાં આવ્યું છે, જો કે ICC પાસે ધરપકડનો કોઈ અધિકાર નથી, કારણ કે તેમની પાસે કોઈ પોલીસ દળ કે કોઈ એજન્સી નથી.

આ કારણે હંગેરી પહોંચતા જ તેમની ધરપકડ થઈ શકે છે. પરંતુ, હોબાળો થવાની સંભાવના ઓછી છે. આ અગાઉ ક્રેમલિનને કેટલીક વ્યાવહારિક અને કાયદાકીય અડચણોની સાથોસાથ EU દ્વારા લગાવવામાં આવેલા પ્રતિબંધોને દૂર કરીને પુતિનને બુડાપેસ્ટ સુધી પહોંચાડવાનો રસ્તો શોધવો પડશે.

આ પ્રસ્તાવિત સમિટ (જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ પણ ભાગ લે તેવી સંભાવના છે) માટે હંગેરીની પસંદગી થતાં જ યુરોપિયન યુનિયન અને નાટોના સભ્ય દેશો માટે એક અસામાન્ય અને અકળામણભરી સ્થિતિ ઊભી થઈ છે. હંગેરી ICCનો સભ્ય દેશ હોવા છતાં, ત્યાંના વિદેશ મંત્રી પીટર સિજ્જાર્ટોએ ખાતરી આપી છે કે પુતિન દેશમાં પ્રવેશ કરી શકશે અને વાટાઘાટો પછી સુરક્ષિત રીતે પાછા જઈ શકશે.હંગેરીએ તાજેતરમાં જ ICCમાંથી બહાર નીકળવાની પ્રક્રિયા શરૂ કરી છે, પરંતુ તકનીકી રીતે તે હજુ પણ કોર્ટના નિયમોથી બંધાયેલું છે. જોકે, હંગેરીના વલણથી સ્પષ્ટ છે કે, તે પુતિનની ધરપકડ નહીં કરે. આ સ્થિતિથી એવા ગંભીર સવાલો ઊભા થયા છે કે યુરોપિયન ભૂમિ પર એક એવા નેતાની મુલાકાત કેવી રીતે શક્ય બની શકે છે, જે આંતરરાષ્ટ્રીય વોરંટનો સામનો કરી રહ્યા હોય.

# યુક્રેનને 'ટોમ-હોક' મિસાઈલ્સ આપતાં ટ્રમ્પ ખચકાયા છતાં યુક્રેન યુદ્ધ તુર્ત જ બંધ થવાની આશા દર્શાવી

(એજન્સી) વોશિંગ્ટન | તા. 19

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના પ્રમુખ વોલોદીમીર ઝેલેન્સ્કી વચ્ચે ગઈકાલે (શુક્રવારે) ગહન મંત્રણાઓ યોજાઈ હતી. જેમાં પ્રમુખ ટ્રમ્પે કહ્યું હતું કે, 'સૌથી મહત્વની વાત તો રશિયા-યુક્રેન બંનેએ પરસ્પર પ્રત્યેની શત્રુતા છોડી દેવી જોઈએ. જો તેમ થાય તો આ યુદ્ધ તુર્ત જ બંધ થઈ શકે.' આમ છતાં ઝેલેન્સ્કી વાસ્તવમાં જે માટે અમેરિકા ગયા હતા તે 'ટોમ-હોક' મિસાઈલ્સ આપવા અંગે ટ્રમ્પ ખચકાયા હતા. તેઓએ આ મંત્રણામાં ઝેલેન્સ્કીને કહ્યું કે, તેમણે હમાસ ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ બંધ કરાવ્યું છે. વધુમાં કહ્યું કે, 'આ રીતે મધ્યપૂર્વમાં શાંતિ સ્થાપાય તેમાં આરબ અને મુસ્લીમ દેશો મળી ૫૯ દેશોએ સહમતી આપી હતી.' વાસ્તવમાં આ યુદ્ધ તો ઘણું ગૂંચવાયેલું હતું તે તમો જાણો જ છો.

આ શાંતિ સમજૂતી સમયે ૫૯ દેશો ઉપસ્થિત હતા તે પૈકી લગભગ તમામ માનતા જ હતા કે આ શાંતિ સમજૂતી સિદ્ધ નહીં થઈ શકે. ટ્રમ્પે ઝેલેન્સ્કીને તેમ પણ કહ્યું કે મારે પુતિન સાથે લંબાણપૂર્વક ટેલીફોન વાતચીત થઈ હતી. પુતિન પણ ઈચ્છે છે કે આ યુદ્ધ બંધ થાય કારણ કે તેઓ જાણે જ છે કે બંને તરફે અનેકનાં મૃત્યુ થયા છે.



# ટ્રમ્પની સરમુખત્યારશાહી વિરુદ્ધ USમાં દેખાવ, US કેપિટોલ તરફ ભીડ આગળ વધી

વોશિંગ્ટન | ન્યૂયોર્ક સિટી, શિકાગો અને બ્રુસ્ટન જેવા મોટા શહેરો સહિત દેશભરમાં 2600થી વધુ રેલીઓમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. વોશિંગ્ટનમાં દેખાવકારોની ભારે ભીડ ધ્વજ, બેનરો અને ફુગ્ગાઓ સાથે યુએસ કેપિટોલ (સંસદ ભવન) તરફ આગળ વધતી જોવા મળી હતી. લોકોના હાથમાં રહેલા બેનરો પર "ટ્રમ્પ પર ફરીથી મહાભિયોગ ચલાવો" જેવા સૂત્રો લખેલા હતા. પ્રદર્શનકારીઓએ કહ્યું કે તેઓ લોકશાહીના સમર્થનમાં છે અને જે યોગ્ય છે તેના માટે લડવા તૈયાર છે. આ વિરોધ પ્રદર્શનો પાછળ ટ્રમ્પ પ્રશાસનના અનેક વિવાદાસ્પદ નિર્ણયો જવાબદાર છે. જેમાં રાષ્ટ્રપતિના રાજકીય વિરોધીઓ પર કથિત રીતે ફોજદારી કેસ દાખલ કરવા, દેશવ્યાપી ઈમિગ્રેશન દરોડા પાડવા અને અમેરિકન શહેરોમાં નેશનલ ગાર્ડ તૈનાત કરવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

# ભારત સાથે યુદ્ધ થશે તો પરમાણુ બોમ્બ ઝીંકવામાં વાર નહીં કરીએ

રાજનાથસિંહે કહ્યું કે, આખું પાકિસ્તાન બ્રહ્મોસ મિસાઈલની રેન્જમાં આવે છે.

(એજન્સી) પાકિસ્તાન | તા. 19

ભારતમાં દિવાળીના તહેવારોની ઉજવણી ચાલી રહી છે ત્યારે પાકિસ્તાન હજુ પણ યુદ્ધના ઉન્માદમાંથી બહાર આવતું નથી. પાકિસ્તાનના આર્મી ચીફ આસિમ મુનીરે શનિવારે ઝેર ઓકતા કહ્યું કે, ભારત સાથે ફરી યુદ્ધ થશે તો અમે પરમાણુ બોમ્બ નાંખી દઈશું. બીજીબાજુ ઉત્તર પ્રદેશના લખનઉમાં બ્રહ્મોસ મિસાઈલના ઉત્પાદન એકમમાંથી સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું કે, આખું પાકિસ્તાન બ્રહ્મોસ મિસાઈલની રેન્જમાં આવે છે. આતંકીઓ પાકિસ્તાનમાં કોઈપણ ખૂણે સલામત નથી.

પાકિસ્તાનના આર્મી ચીફ આસિમ મુનીરે શનિવારે ખૈબર પખ્તુનખ્વાના અબોટાબાદમાં પાકિસ્તાન મિલિટરી એકેડમી કાકુલમાં આર્મી કેડેટના પાસિંગ આઉટ સમારોહમાં ભારત વિરુદ્ધ ઉશ્કેરણીજનક નિવેદન આપતા કહ્યું કે, ભારતની કોઈપણ નાની ઉશ્કેરણીનો પણ અમે જડબાતોડ જવાબ આપીશું. ન્યુક્લિયરાઈઝ્ડ વાતાવરણમાં યુદ્ધ માટે કોઈ જગ્યા નથી. આસિમ મુનીરે કહ્યું કે, હું ભારતના સૈન્ય નેતૃત્વને સલાહ અને ચેતવણી આપું છું કે પરમાણુ શસ્ત્રોથી સજ્જ દેશ સામે યુદ્ધનો કોઈ અર્થ નથી. અમે ક્યારેય ડરીશું નહીં, અમે નિવેદનો આપવામાં પણ પાછા નહીં પડીએ.

તેમણે ઉમેર્યું કે, પાકિસ્તાની આર્મ્ડ ફોર્સીસ બધા જ જોખમોને દૂર કરીને દૂર સુધી પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. અમે મે ૨૦૨૫માં વધુ શક્તિશાળી દુશ્મન વિરુદ્ધ 'જીત' મેળવી છે. મુનીરે ભારત પર પાકિસ્તાનને અસ્થિર કરવા માટે આતંકવાદીઓનો હથિયારો તરીકે ઉપયોગ કરવાનો આક્ષેપ કર્યો હતો.

યુદ્ધવિરામ | પાકિસ્તાનનો આરોપ અને તાલિબાનનો વળતો જવાબ

# પાકિસ્તાન અને અફઘાનિસ્તાન તાત્કાલિક યુદ્ધવિરામ

(એજન્સી) અફઘાનિસ્તાન | તા. 19

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે છેલ્લા એક અઠવાડિયાથી ચાલી રહેલા ભીષણ સરહદી સંઘર્ષને સમાપ્ત કરવામાં એક મોટી સફળતા મળી છે. કતારના વિદેશ મંત્રાલયે રવિવારે સવારે જાહેરાત કરી કે, કતારની રાજધાની દોહામાં તુર્કિયેની મધ્યસ્થીમાં યોજાયેલી વાતચીતમાં બંને દેશો તાત્કાલિક યુદ્ધવિરામ પર સહમત થયા છે. આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ડઝનબંધ લોકો માર્યા ગયા છે અને સેંકડો ઘાયલ થયા છે. કતારે જણાવ્યું છે કે, યુદ્ધવિરામ કાયમી રહે અને તેનું યોગ્ય રીતે અમલીકરણ થઈ શકે તે માટે બંને પક્ષો આગામી દિવસોમાં વધુ બેઠકો યોજવા માટે પણ સહમત થયા છે. આ તાજેતરનો સંઘર્ષ 2021માં તાલિબાનના સત્તામાં પાછા ફર્યા પછી બંને પડોશી દેશો વચ્ચેનો સૌથી ગંભીર ટકરાવ છે.

અફઘાન અધિકારીઓએ જણાવ્યું હતું કે, કાબુલના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ રક્ષા મંત્રી મુલ્લા મોહમ્મદ યાકૂબે કર્યું હતું, જ્યારે પાકિસ્તાન તરફથી રક્ષા મંત્રી



ખ્વાજા આસિફ તાલિબાનના પ્રતિનિધિઓ સાથે વાતચીતમાં જોડાયા હતા. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે, વાતચીતનો મુખ્ય હેતુ અફઘાનિસ્તાનમાંથી પાકિસ્તાનમાં થતા સરહદ પારના આતંકવાદને રોકવાનો અને પાક-અફઘાન સરહદ પર શાંતિ પુનઃસ્થાપિત કરવાનો હતો. ઈસ્લામાબાદે કાબુલ પાસે માંગ કરી હતી કે, સરહદ પારથી પાકિસ્તાનમાં હુમલા કરનારા આતંકવાદીઓને અટકાવવામાં આવે, ત્યારબાદ હિંસા શરૂ થઈ હતી. બીજી બાજુ, તાલિબાન આતંકવાદીઓને આશ્રય આપવાનો ઈનકાર કરે છે અને પાકિસ્તાન પર ખોટી માહિતી ફેલાવવાનો તેમજ અફઘાનિસ્તાનને અસ્થિર કરવા માટે ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા જૂથોને ટેકો આપવાનો આરોપ મૂક્યો છે.

### ■ અફઘાનિસ્તાને ક્રિકેટ સિરિઝમાંથી નામ પાછું ખેંચ્યું

અફઘાનિસ્તાને આરોપ લગાવ્યો હતો કે, શુક્રવારે યુદ્ધવિરામની સમયસીમા લંબાવ્યાના થોડા કલાકો બાદ જ પાકિસ્તાને નાગરિકોને નિશાન બનાવીને હવાઈ હુમલા કર્યા હતા. જોકે, અમારા સૈનિકોને વાતચીત ચાલુ રાખવા માટે જવાબી હુમલો ન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ હુમલાઓમાં પક્તિકા પ્રાંતમાં ત્રણ અફઘાન ખેલાડીઓના મોત થયા હતા, જેના કારણે અફઘાનિસ્તાને પાકિસ્તાનમાં યોજાનારી T-20 ક્રિકેટ સિરીઝમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. જોકે, પાકિસ્તાનના સૂચના મંત્રી અત્તાઉલ્લાહ તરારે દાવો કર્યો હતો કે, હુમલાઓમાં આતંકવાદી શિબિરોને નિશાન બનાવવામાં આવ્યા હતા અને 100થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

# પોર્ટુગલમાં બુરખો પર પ્રતિબંધ, 4 લાખ રૂપિયાનો દંડ થશે

(એજન્સી) પોર્ટુગલ | તા. 19

પોર્ટુગલમાં ટૂંક સમયમાં જ બુર્ખા ઉપર પ્રતિબંધ મુકાઈ જશે. તેની સંસદે બુર્ખા પ્રતિબંધક વિધેયકને મંજૂરી આપી દીધી છે. પ્રમુખના હસ્તાક્ષર થતાં તે કાનૂન બની રહેશે.

આ વિધેયકમાં તેવી જોગવાઈ છે કે, સાર્વજનિક સ્થળો પર 'નકાબ' પહેરવા માટે ૨૦૦ યુરોથી શરૂ કરી 4000 યુરો સુધીનો દંડ આપવો પડશે. ભારતીય કરન્સીમાં તે દંડ 4 લાખ 10 હજાર રૂપિયાથી પણ વધુ થાય છે.

સંસદે આ વિધેયક પસાર કર્યું છે તેને પ્રમુખ માર્સેલો રેબેલોડે સુસાની મંજૂરીની જરૂર છે. જો તેઓ તેને 'વીટો' કરે. (જે શક્યતા નહીંવત છે) તો વિધેયકને સંવૈધાનિક ન્યાયાલય સમક્ષ મોકલવામાં આવશે.

જોકે આ વિધેયકમાં અન્ય દેશોનાં વિમાનોમાં કરાતી મુસાફરી (કારણ કે, તે વિમાન તે દેશનો ભાગ કહેવાય છે) રાજનાયિક પરિસરો (જે પણ અન્ય દેશના ભાગરૂપ મનાય છે) તથા ધાર્મિક સ્થળો (ઈસ્લામમાં)માં બુર્ખો પહેરવા ઉપર પ્રતિબંધ નથી. જોકે સંસદમાં રહેલી ડાબેરી 'સોશ્યાલિસ્ટ પાર્ટી'એ આ વિધેયકનો વિરોધ કર્યો હતો, તેમાં સાંસદ પેડ્રો ડેલ્ગાડો, અલ્વારિસના નેતૃત્વ નીચે ડાબેરી સાંસદોએ વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. સરકાર પક્ષે આ વિધેયકને સમર્થન આપતાં કહ્યું હતું કે, ઈટાલીની મેલોની સરકાર તો માત્ર બુર્ખા પ્રતિબંધ જ નહીં પરંતુ છેતરીને કરાતાં લગ્નો પછી બળજબરી પૂર્વક કરાતાં ધર્મ-પરિવર્તન અને 'વર્જીનીટીટેસ્ટ' ઉપર પણ પ્રતિબંધ મુકવા વિચારી રહી છે. જો આ કાનૂન બનશે તો પોર્ટુગલ ઉપરાંત ઓસ્ટ્રીયા ફ્રેંચ ટયુનિસ બેલ્જિયમ, નેધરલેન્ડ જેવા ૨૦ દેશો સાથે ભળશે કે જ્યાં બુર્ખા ઉપર તેમજ પગથી માથા સુધીનાં ઢાંકણ ઉપર મુકાયેલા પ્રતિબંધ સમકક્ષ બની રહેશે.

તૂર્કિયે અને અઝરબૈજાનમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો

# ઓપરેશન સિંદૂરમાં પાક.ને સમર્થન આપવું બે દેશોને ભારે પડ્યું, ભારતીયોએ ભણાવ્યો પાઠ

(એજન્સી) નવી દિલ્હી | તા 19




ભારત-પાકિસ્તાન તણાવના પરિણામે મે 2025માં થયેલા ઓપરેશન સિંદૂર બાદ તૂર્કિયે અને અઝરબૈજાનમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો થયો છે. આ ઘટાડો એટલા માટે થયો કે આ બંને દેશોએ આ સંઘર્ષમાં પાકિસ્તાનને ટેકો આપ્યો, જેના કારણે ભારતમાં રોષ અને બહિષ્કારની લાગણી વધી, જેની સીધી અસર પ્રવાસન ક્ષેત્રે જોવા મળી. ખાસ કરીને, મે થી ઓગસ્ટ 2025 દરમિયાન, અઝરબૈજાનમાં ભારતીય પ્રવાસીઓના આગમનમાં 56% અને તૂર્કિયેમાં 33.3%નો ઘટાડો નોંધાયો હતો. અગાઉ એટલે કે 2024માં, અઝરબૈજાનમાં 2.44 લાખ ભારતીય પ્રવાસીઓ જોવા મળ્યા હતા, જ્યારે તૂર્કિયેમાં 3.31 લાખ. જોકે, ઓપરેશન સિંદૂર પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ.

ઓપરેશન સિંદૂર પછી તરત જ, ભારતીય ટ્રાવેલ કંપનીઓ અને ટ્રાવેલ પોર્ટલોએ પ્રવાસીઓને તૂર્કિયે અને અઝરબૈજાનની મુસાફરી ન કરવાની સલાહ આપી હતી. 14 મેના રોજ જાહેર કરાયેલા એક નિવેદનમાં, ટ્રાવેલ પોર્ટલે જણાવ્યું હતું કે, ભારતીય પ્રવાસીઓ તૂર્કિયે અને અઝરબૈજાનમાં પ્રવાસ ન કરવા તટસ્થ રહ્યા છે. પરિણામે છેલ્લા અઠવાડિયામાં અઝરબૈજાન અને તૂર્કિયે માટેના બુકિંગમાં 60%નો ઘટાડો નોંધાયો છે, જ્યારે કેન્સલેશનમાં 250%નો વધારો થયો છે. સશસ્ત્ર દળો સાથે એકતા દર્શાવવા માટે ટ્રાવેલ કંપનીએ બંને સ્થળો માટેના પ્રમોશન અને ઑફર્સને પણ અટકાવી દીધા છે.

### અઝરબૈજાનમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યા 22% ઘટી

મે-ઓગસ્ટ 2024માં અઝરબૈજાનમાં આશરે 1 લાખ ભારતીય પ્રવાસીઓ આવ્યા હતા. મે-ઓગસ્ટ 2025માં આ સંખ્યા ઘટીને 44,000 અને ઓગસ્ટ 2024માં 21,137 અને ઓગસ્ટ 2025માં માત્ર 6032 થઈ ગઈ હતી. 2025ના પ્રથમ આઠ મહિનામાં અઝરબૈજાનની મુલાકાત લેનારા ભારતીય પ્રવાસીઓની સંખ્યા 22% ઘટી છે. તૂર્કિયેની વાત કરીએ તો મે-ઓગસ્ટ 2024માં તૂર્કિયેમાં આશરે 1.36 લાખ ભારતીય પ્રવાસીઓ આવ્યા હતા. મે-ઓગસ્ટ 2025 માં આ સંખ્યા ઘટીને 90,400 થઈ ગઈ. જાન્યુઆરી-ઓગસ્ટ 2025 માં કુલ 1.74 લાખ ભારતીય પ્રવાસીઓ આવ્યા, જે 2024 ની તુલનામાં 21% નો ઘટાડો દર્શાવે છે. પાકિસ્તાનને અઝરબૈજાન અને તૂર્કિયેના સમર્થનની સીધી અસર માત્ર રાજદ્વારી રીતે જ નહીં પરંતુ તેમના પ્રવાસન ઉદ્યોગો પર પણ પડી છે. જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે, તો આગામી મહિનાઓમાં આ ઘટાડો વધુ ઘેરો બનવાની શક્યતા છે.

અરુણ યાદવની દેશી અંદાજમાં ભેંસ પર સવાર

# તેજપ્રતાપની પાર્ટીના ઉમેદવારોનો અનોખો અંદાજ, કોઈ ભેંસ પર તો કોઈ હાથકડીમાં ઉમેદવારી નોંધાવા પહોંચ્યું

(એજન્સી) બિહાર | તા 19



બિહાર વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે રાજકીય નેતાઓ અને તેમના પ્રચારની સાથે સાથે ઉમેદવારી નોંધાવવાના અનોખો અંદાજથી પણ ચર્ચાનું કેન્દ્ર બની છે. લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવની પાર્ટી જનશક્તિ જનતા દળ (Janjagran Janata Dal)ના બે ઉમેદવારોની નાટકીય એન્ટ્રીએ સૌનું ધ્યાન ખેંચ્યું છે.ગોપાલગંજના બરૌલી વિધાનસભા મતવિસ્તારમાંથી ધર્મેન્દ્ર કુમાર ‘ક્રાંતિકારી’ ઉમેદવારી નોંધાવવા માટે જેલમાંથી સીધા હાથકડી પહેરીને કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. પોલીસ સુરક્ષા હેઠળ જેલ છોડ્યા બાદ ક્રાંતિકારીની આ એન્ટ્રીએ ભારે ભીડ અને કેમેરાની લાઈનો લગાવી દીધી હતી. ભાવુક બની ગયેલા ક્રાંતિકારીએ જાહેરમાં નિવેદન આપ્યું હતું કે, ‘હું ષડયંત્રનો ભોગ બન્યો છું, પરંતુ હવે મને જનતા તરફથી ન્યાય મળશે. જનતા મને નિર્દોષ જાહેર કરશે.’ નામાંકન ભર્યા બાદ પોલીસ તેમને ફરી જેલમાં લઈ ગઈ હતી, પરંતુ ત્યાં સુધીમાં ધર્મેન્દ્ર ક્રાંતિકારી સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બની ગયા હતા.

તેજ પ્રતાપની પાર્ટીના અન્ય એક ઉમેદવાર અરુણ યાદવે અરવલ વિધાનસભા મતવિસ્તારમાં તેમની અનોખી એન્ટ્રીથી લોકોને આશ્ચર્યચકિત કર્યા હતા. અરુણ યાદવ ભેંસ પર સવાર થઈને જિલ્લા મુખ્યાલય પહોંચ્યા હતા, જેના કારણે આખો વિસ્તાર તમાશામાં ફેરવાઈ ગયો હતો. આ દરમિયાન તેમણે હાથમાં લાલુ પ્રસાદ યાદવનો ફોટો પણ રાખ્યો હતો. તેમણે કહ્યું, ‘રાજકારણમાં મારા એકમાત્ર રોલ મોડેલ લાલુ પ્રસાદ યાદવ છે, તેથી હું તેમના આશીર્વાદથી મારું નામાંકન ભરવા આવ્યો છું.’ ઉલ્લેખનીય છે કે, તેજ પ્રતાપ યાદવે ભલે રાષ્ટ્રીય જનતા દળ (RJD)થી અલગ થઈને પોતાની નવી પાર્ટી બનાવી હોય, પરંતુ તેમના ઉમેદવારોની આ નાટકીય અને દેશી શૈલી બિહારના ચૂંટણી પરિદૃશ્યમાં એક નવો રોમાંચ લાવી છે, જ્યાં રાજકારણ અને લોકપ્રિય પ્રચાર મજબૂત રીતે જોડાયેલા છે.

## ન્યૂઝ કોર્નર

### કોંગ્રેસ નેતા પૂનમ પંડિત અને સપા નેતા દીપક ગિરીની સગાઇ વિવાદોમાં, ગંભીર આરોપો બાદ પદ પરથી હટાવાયા

(એજન્સી) મેરઠ | તા 19

મેરઠમાં સમાજવાદી પાર્ટી (SP) યુવા સભાના જિલ્લા પ્રમુખ દીપક ગિરી અને ખેડૂતોના વિરોધ પ્રદર્શન દરમિયાન ચર્ચામાં આવેલા કોંગ્રેસ નેતા પૂનમ પંડિતની સગાઈ વિવાદમાં ફસાઈ ગઈ છે. આ સગાઈએ એવો વિવાદ ઉભો કર્યો કે દીપક ગિરીને તેમના પક્ષના પદ પરથી દૂર કરવામાં આવ્યા. હાલમાં, દીપક ગિરી અને તેમના પર આરોપ લગાવનાર મહિલા વચ્ચે સોશિયલ મીડિયા પર આરોપ-પ્રત્યારોપનો સિલસિલો ચાલુ છે.ઉલ્લેખનીય છે કે સપા નેતા દીપક ગિરીએ 15 ઓક્ટોબરે કોંગ્રેસ નેતા પૂનમ પંડિત સાથે સગાઈ કરી હતી. તેમણે સગાઈ સમારોહના ફોટા પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કર્યા હતા. બીજા દિવસે, 16 ઓક્ટોબરે, દુર્ગેશ નંદિની નામની એક મહિલા મવાના સ્થિત તેમના ઘરે પહોંચી અને હોબાળો મચાવ્યો. આ ઘટનાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.ત્યારબાદ દુર્ગેશે પોતાના ફેસબુક એકાઉન્ટ પર 26 મિનિટનો એક વીડિયો પોસ્ટ કર્યો, જેમાં દીપક ગિરી પર ચાર વર્ષ સુધી શારીરિક અને માનસિક શોષણનો આરોપ લગાવ્યો. તેણે સોશિયલ મીડિયા પર સમાધાનનું એક કથિત સોગંદનામું પણ વાયરલ કર્યું, જેમાં દીપક ગિરી અને મહિલાએ તેમના સંબંધોનો ઉલ્લેખ કર્યો અને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો.

# મુંબઈથી બિહાર જતી કર્મભૂમિ એક્સપ્રેસમાંથી પટકાતા બે મુસાફરના મોત, ભારે ભીડને કારણે દુર્ઘટના

મુંબઈ : મુંબઈના લોકમાન્ય તિલક ટર્મિનસથી બિહાર જઈ રહેલી કર્મભૂમિ એક્સપ્રેસમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. નાસિક રોડ રેલવે સ્ટેશન નજીક ચાલુ ટ્રેનમાંથી ત્રણ મુસાફરો નીચે પટકાયા હતા, જેમાંથી બેના ઘટનાસ્થળે જ કરુણ મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે.પોલીસના જણાવ્યા અનુસાર, આ ભયાનક અકસ્માત ભુસાવલ તરફ જતા રેલવે ટ્રેક પર થયો હતો. મૃતક બંને યુવકોની ઉંમર 30થી 35 વર્ષની વચ્ચે હોવાનું અનુમાન છે. ત્રીજા મુસાફરને ગંભીર હાલતમાં જિલ્લા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હાલ ત્રણેય મુસાફરોની ઓળખ થઈ શકી નથી. પોલીસે આ મામલે આકસ્મિક મૃત્યુનો કેસ નોંધીને તપાસ શરૂ કરી દીધી છે. પ્રાથમિક તપાસમાં એવું માનવામાં આવી રહ્યું છે કે ટ્રેનમાં ભારે ભીડ હોવાને કારણે સંતુલન ગુમાવતા મુસાફરો નીચે પટકાયા હતા. તહેવારોની સિઝનમાં ઉત્તર ભારત તરફ જતી ટ્રેનોમાં ભારે ભીડ રહે છે, જે ઘણીવાર આવા અકસ્માતોનું કારણ બને છે. પોલીસ એ વાતની પણ તપાસ કરી રહી છે કે આ મુસાફરો દિવાળીના તહેવાર માટે પોતાના ગામ જઈ રહ્યા હતા કે પછી બિહારમાં યોજાનારી આગામી ચૂંટણીમાં મતદાન કરવા માટે મુસાફરી કરી રહ્યા હતા. ઘટનાની માહિતી મળતા જ ઓઢા રેલવે સ્ટેશનના મેનેજરે પોલીસને જાણ કરી હતી, જે બાદ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે પંચનામું તૈયાર કરી મૃતકોની ઓળખ કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

# દિવાળી-છઠને કારણે દિલ્હીથી મુંબઈ સુધી ભારે ભીડ, સુરત સ્ટેશને ટ્રેનમાં જવા 2 કિ.મી. લાઈન

(એજન્સી) નવી દિલ્હી | તા 19



ભારતમાં હાલ દિવાળી અને છઠને લીધે ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ તેમજ નવી દિલ્હી સહિત દેશના રેલવે સ્ટેશનો પર ભારે ભીડ જોવા મળી રહી છે. આવું જ દ્રશ્ય શનિવારે સાંજે સુરતના ઉધના રેલવે સ્ટેશન પર પણ જોવા મળ્યું, જ્યાં યાત્રીઓ રવિવારે ઉપડનારી વિવિધ સાપ્તાહિક અને સ્પેશિયલ ટ્રેનોમાં મુસાફરી કરવા માટે લાંબી લાઈન લગાવીને બેઠા હતા.ઉધના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 6થી આશરે બે કિલોમીટર દૂર સુધી મુસાફરોની લાંબી કતાર હતી. સ્ટેશન પરિસરમાં અને લિંબાયત વિસ્તારમાં મુસાફરોની લાંબી લાઈનો લાગી હતી. સુરતના ઉધના સ્ટેશન પર ખુલ્લા મેદાનમાં શનિવાર રાતથી જ લાઈન લાગી ગઈ હતી. રવિવારે ટ્રેનમાં મુસાફરી કરવા માટે શ્રમિક મુસાફરો 12 કલાક પહેલાંથી જ બાળકો, વૃદ્ધો અને મહિલાઓ સહિત લાંબી લાઈન લગાવીને બેઠા હતા. રેલવે મંત્રીએ દિલ્હી રેલવે સ્ટેશનની મુલાકાત લીધીશનિવારે, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ભીડ નિયંત્રણની તૈયારીઓની સમીક્ષા કરવા માટે નવી દિલ્હી રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી. તેમજ રેલવે મંત્રીએ સમજાવ્યું કે આજે ભીડનો દિવસ છે. મુસાફરોની સુવિધા માટે સ્ટેશન પર મુસાફરો સુવિધા કેન્દ્રો અને વધારાના ટિકિટિંગ કાઉન્ટર બનાવવામાં આવ્યા છે.તેમજ રેલવેમંત્રીએ કહ્યું કે, ‘શનિવારે સ્ટેશન પર આશરે 1,75,000 મુસાફરો આવ્યા હતા, જેમાંથી 75,000 રિઝર્વેશન કરાવ્યા વગરના મુસાફરો હતા. આ તહેવારો દરમિયાન ભીડને નિયંત્રિત કરવા માટે, મુસાફરોને વધારાની સુવિધા પૂરી પાડવા માટે 12,000 વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી છે. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર ભ્રામક સમાચાર ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે અને અનેક વ્યક્તિઓ સામે FIR પણ દાખલ કરવામાં આવી છે. ભીડને નિયંત્રિત કરવા માટે, સ્ટેશન પર હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યા છે, જ્યાં મુસાફરોને વ્યવસ્થા જાળવવા અને અરાજકતાને રોકવા માટે વ્યવસ્થિત રીતે પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.’શનિવારે, મુંબઈના લોકમાન્ય તિલક ટર્મિનસમાં મુસાફરોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

ગભરાયેલા મુસાફર ટ્રેન પકડવા દોડ્યો

# સમોસાનું પેમેન્ટ ફેલ થયું તો વેપારીએ કોલર પકડી મુસાફરને ટ્રેનમાં ઉતારી લીધો

(એજન્સી) નવી દિલ્હી | તા 19



રેલવે સ્ટેશનો અને ટ્રેનોમાં મુસાફરી દરમિયાન ઘણી આશ્ચર્યજનક ઘટનાઓ બને છે. મોટાભાગે લોકો તેમની મુસાફરી દરમિયાન ચા અને સમોસાનો આનંદ માણતા હોય છે. જોકે, જબલપુર સ્ટેશન પર કંઈક એવું બન્યું જેણે લોકોને ચોંકાવી દીધા. ટ્રેન પ્લેટફોર્મ પર થોડીવાર માટે રોકાઈ ગઈ.આ સમય દરમિયાન, એક મુસાફર ટ્રેનમાંથી ઉતર્યો, સમોસા ખરીદવા ગયો અને ઓનલાઈન ચુકવણી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ પેમેન્ટ ફેલ થયું. તે જ સમયે, ટ્રેન રવાના થઈ ગઈ. ગભરાયેલા મુસાફર ટ્રેન પકડવા દોડ્યો, પરંતુ સમોસા વેચનાર તેનો કોલર પકડીને માંગ કરી કે, ‘મને પૈસા આપો!’ આથી મુસાફરે પોતાની પાસે રોકડ ન હોવાનું જણાવ્યું. તેમ છતાં, સમોસા વેચનારએ જવા દેવાનો ઈનકાર કર્યો. આથી મુસાફરે સમોસાના બદલામાં પોતાની ઘડિયાળ ઉતારીને આપી, જેથી તે ટ્રેન ચૂકી ન જાય. આ આખી ઘટના કોઈ મુસાફરે તેના મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરીને સોશિયલ મીડિયા પર શેર કરી હતી, જેનો વીડિયો વાઈરલ થયો હતો. આ વાઈરલ વીડિયો પર જબલપુર જિલ્લા મેજિસ્ટ્રેટ (DRM) એ દરમિયાનગીરી કરીને તપાસનો આદેશ આપ્યો હતો. મામલાની તપાસ થતા જાણવા મળ્યું કે આ ઘટના 17 ઓક્ટોબરની છે. આરોપી વિક્રેતાની ઓળખ કરી લેવામાં આવી છે અને તેની અટકાયત કરવામાં આવી છે અને વિક્રેતાનું લાઈસન્સ પણ રદ કરવા માટે કાર્યવાહી ચાલી રહી છે.

# ભાજપ નેતા ગિરિરાજ સિંહે મુસ્લિમો માટે વાપર્યા વાંધાજનક શબ્દો, કહ્યું- ઉપકાર નથી માનતા

(એજન્સી) નવી દિલ્હી | તા 19



કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા ગિરિરાજ સિંહે મુસ્લિમ સમુદાયને લઈને એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. બિહારમાં યોજાનારી ચૂંટણીઓ પહેલાં, તેમનું આ નિવેદન વિવાદનું કેન્દ્ર બની શકે છે. કેન્દ્રીય મંત્રી બિહારના અરવલ જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધી રહ્યા હતા. આ રેલી દરમિયાન, તેમણે મુસ્લિમોને “દેશદ્રોહી” ગણાવ્યા. તેમણે એવો પણ દાવો કર્યો કે મુસ્લિમો આયુષ્માન યોજનાને કોઈ વરદાન માનતા નથી. મોદી સરકાર સમાજના તમામ વર્ગોના કલ્યાણ માટે કામ કરી રહી છે, તેમ છતાં મુસ્લિમો ભાજપને મત આપતા નથી.

### ગિરિરાજ સિંહનું મુસ્લિમો અંગેનું વિવાદાસ્પદ નિવેદન

ભાજપના નેતા ગિરિરાજ સિંહે એક મૌલવી સાથેની વાતચીત ટાંકીને કહ્યું કે, ‘મેં તેમને પૂછ્યું કે શું તમને આયુષ્માન કાર્ડ મળ્યું છે? અને તેમણે હકારમાં જવાબ આપ્યો. મેં પૂછ્યું કે શું હિન્દુ-મુસ્લિમનો કોઈ મુદ્દો છે? ત્યારે તેમણે ના પાડી. મેં કહ્યું કે આ ખૂબ સારું છે. મેં તેમને પૂછ્યું કે શું તેમણે મને મત આપ્યો છે? અને તેમણે હા કહ્યું. મેં તેમને ભગવાનના નામે સાચું કહેવા માટે કહ્યું ત્યારબાદ, મૌલવીએ ના કહી.’ગિરિરાજ સિંહે આગળ કહ્યું,’અમે કહ્યું કે નરેન્દ્ર મોદીએ તમારું અપમાન કર્યું છે? ત્યારે તેમણે ના પાડી. પછી મેં પૂછ્યું, ‘તો મારો વાંક શું હતો? જે લોકો કોઈની તરફેણ સ્વીકારવાનો ઈનકાર કરે છે તેમને ‘દેશદ્રોહી’ કહેવામાં આવે છે. મૌલવી સાહેબ, અમને આ ‘દેશદ્રોહીઓ’ના મતની જરૂર નથી.’

### ‘મુરી કટવા’ પક્ષને હરાવવો જોઈએ - ગિરિરાજ સિંહ

પોતાના સંબોધનમાં ગિરિરાજ સિંહે આગ્રહ કર્યો કે આ વખતે અરવલમાં મુડી કટવા પક્ષને હરાવવો અત્યંત જરૂરી છે. તેમણે જાહેર કર્યું કે મહાગઠબંધનનું અસ્તિત્વ લગભગ સમાપ્ત થઈ ગયું છે. તેમણે ધ્યાન દોર્યું કે આ વિધાનસભા ચૂંટણીમાં, મહાગઠબંધનના ઘટક પક્ષો આશરે ચાર ડઝન મતવિસ્તારોમાં એકબીજાની સામે ચૂંટણી લડી રહ્યા છે. એવામાં નેતૃત્વના અભાવના કારણે વરરાજા વગર જાન કેવી રીતે નીકળે! જ્યારે NDAમાં કેન્દ્રમાં પીએમ મોદી અને રાજ્યમાં નીતિશ કુમાર નેતા છે.

તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારોની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો, જેમાં હાલમાં પ્રતિ વ્યક્તિ જીડીપી (GDP) 80,000 છે. બંને સરકારો મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરી રહી છે. ગિરિરાજ સિંહે વિરોધી પક્ષના નેતા તેજસ્વી યાદવ પર નિશાન સાધતા કહ્યું કે, આજે તેજસ્વી યાદવ દરેક ઘરમાં સરકારી નોકરી આપવાના ખોટા વચનો આપી રહ્યા છે. મુસ્લિમ સમુદાયને પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત વિવિધ યોજનાઓનો લાભ મળ્યો છે. છતાં પણ મુસ્લિમો ઉપકાર નથી માનતા અને મત નથી આપતા.

# રાજ ઠાકરે આજે કરશે મોટી જાહેરાત! ઉદ્ધવ ઠાકરે સાથે ગઠબંધન થશે કે નહીં?

મુંબઈ : મહારાષ્ટ્રમાં લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે ગઠબંધન હવે નક્કી થવા જઈ રહ્યું છે. રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નિર્માણ સેના (MNS) અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT) સાથે આવશે કે નહીં તે આજે નક્કી થશે. હકીકતમાં, રાજ ઠાકરે આજે (રવિવાર, 19 ઓક્ટોબર) MNS કાર્યકરોને ઉદ્ધવ ઠાકરે સાથે ચૂંટણી ગઠબંધન શક્ય છે કે નહીં તે જણાવશે. આજે સવારે ગોરેગાંવ નેસ્કો ખાતે MNS રેલી યોજાવાની છે, જ્યાં રાજ ઠાકરે આ મુદ્દાને સંબોધશે. મતદાર યાદીના વડા, જૂથના વડા, શાખાના નાયબ વડા અને મુંબઈના મુખ્ય અધિકારીઓ રેલીમાં હાજર રહેશે.મનસે પ્રમુખ રાજ ઠાકરે તેમના પક્ષના અધિકારીઓને સંબોધિત કરશે અને ઉદ્ધવ ઠાકરે સાથેની તેમની બેઠકો ચાલુ રાખવા ઉપરાંત, મતદાર યાદીની અનિયમિતતાઓ, બેવડા મતદાન અને ચૂંટણી પ્રણાલી અંગે કેવી રીતે સતર્ક રહેવું તે અંગે માર્ગદર્શન આપશે. એ નોંધનીય છે કે રાજ ઠાકરે તાજેતરમાં વિરોધ પક્ષો સાથે ચૂંટણી અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી અને આ બધા મુદ્દાઓ પર વાંધો ઉઠાવ્યો હતો.અવિભાજિત શિવસેનાને ટેકો આપનારા નેતાઓ અને કાર્યકરો લાંબા સમયથી આશા રાખતા હતા કે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે, જેમણે બાલ ઠાકરેનો વારસો મેળવ્યો હતો, તેઓ એક સાથે આવશે અને પાર્ટીને અમુક અંશે એક કરશે. આ ચર્ચા મહારાષ્ટ્ર નાગરિક ચૂંટણીઓ દરમિયાન શરૂ થઈ હતી, જ્યારે રાજ્યમાં મરાઠી વિરુદ્ધ હિન્દી ભાષાના મુદ્દાએ વેગ પકડ્યો હતો.તે સમયે, રાજ ઠાકરેએ જાહેરાત કરી હતી.

ફેમિલી કોર્ટ | નાણાકીય જરૂરિયાત સાબિત કરવી અનિવાર્ય

# આર્થિક રીતે સક્ષમ અને આત્મનિર્ભર પત્નીને ગુજરાન ભથ્થું ન આપી શકાય: દિલ્હી હાઈકોર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા 19

દિલ્હી હાઈકોર્ટે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે આર્થિક રીતે સ્વતંત્ર અને સક્ષમ જીવનસાથી કાયમી ભરણપોષણ (Permanent Alimony) મેળવવા માટે હકદાર નથી. કોર્ટે જણાવ્યું હતું કે ‘ભરણપોષણ એ સામાજિક ન્યાયનું માપદંડ છે, સક્ષમ વ્યક્તિઓ વચ્ચે સંપત્તિ કે નાણાકીય સમાનતા બનાવવાનું સાધન નથી.’ન્યાયાધીશ અનિલ ક્ષેત્રપાલ અને ન્યાયાધીશ હરીશ વૈદ્યનાથન શંકરની બેન્ચે આ ટિપ્પણી કરી હતી જ્યારે તેમણે એક પ્રેક્ટિસિંગ વકીલ (પતિ) અને ભારતીય રેલવે ટ્રાફિક સર્વિસ (IRTS)માં ગ્રુપ A અધિકારી (પત્ની)ના છૂટાછેડાના કેસમાં ભરણપોષણની માંગને ફગાવી દીધી હતી.હાઈકોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ‘કાયદા મુજબ, ભરણપોષણ ભથ્થું માંગતી વ્યક્તિએ વાસ્તવિક નાણાકીય જરૂરિયાત સાબિત કરવી પડશે. બેન્ચે નોંધ્યું હતું કે હિન્દુ લગ્ન અધિનિયમની કલમ 25 હેઠળ ન્યાયિક વિવેકાધિકારનો ઉપયોગ અરજદાર આર્થિક રીતે સ્વતંત્ર હોય ત્યાં ભરણપોષણ આપવા માટે કરી શકાતો નથી. વિવેકબુદ્ધિનો ઉપયોગ પક્ષકારોના રેકોર્ડ, નાણાકીય ક્ષમતા અને અરજદારની આર્થિક નબળાઈ દર્શાવતા પુરાવાઓના આધારે ન્યાયી અને સંતુલિત રીતે થવો જોઈએ.’

પતિ અને પત્નીના લગ્ન જાન્યુઆરી 2010માં થયા હતા અને લગ્નના માત્ર 14 મહિનાની અંદર જ તેઓ અલગ થઈ ગયા હતા. પતિએ પત્ની પર માનસિક અને શારીરિક ક્રૂરતાનો આરોપ લગાવ્યો હતો, જેમાં મૌખિક દુર્વ્યવહાર, અપમાનજનક સંદેશાઓ અને વ્યાવસાયિક તેમજ સામાજિક ક્ષેત્રોમાં અપમાનનો સમાવેશ થાય છે. ફેમિલી કોર્ટે અગાઉ લગ્ન ભંગ કરતા નોંધ્યું હતું કે પત્નીએ છૂટાછેડા માટે 50 લાખ રૂપિયાના નાણાકીય વળતરની માંગણી કરી હતી, જેનો તેણે સોગંદનામા અને ઉલટતપાસમાં સ્વીકાર કર્યો હતો. દિલ્હી હાઈકોર્ટે ફેમિલી કોર્ટના છૂટાછેડાના તારણમાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો. હાઈકોર્ટના મતે, પત્ની દ્વારા પતિ અને તેના માતા-પિતા સામે અપશબ્દોનો ઉપયોગ માનસિક ક્રૂરતા સમાન હતો. કેસના સમગ્ર સંજોગોને ધ્યાનમાં લેતા, કોર્ટે નોંધ્યું કે, ‘પતિ-પત્નીનો સહવાસ ટૂંકા ગાળાનો હતો. તેમને કોઈ સંતાન નહોતું. પત્ની એક વરિષ્ઠ સરકારી અધિકારી તરીકે આર્થિક રીતે સંપૂર્ણ સ્વતંત્ર છે.’ કોર્ટે આખરી નિર્ણય આપતા જણાવ્યું હતું કે, ‘સમગ્ર સંજોગો, નાણાકીય સ્વતંત્રતાનો અભાવ અને નાણાકીય જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, કાયમી ભરણપોષણ માટે કોઈ આધાર નથી.

હિમાચલ, ઉત્તરાખંડ સહિત **પહાડી રાજ્યોમાં હળવો વરસાદ**

# દિલ્હી સહિત યુપી-બિહારમાં ઠંડી થથરાવશે : દક્ષિણના રાજ્યોમાં ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી, તા.19



ઉત્તર ભારતમાં ઠંડી હવાઓનો દોર શરૂ થઈ ગયો છે. જ્યારે દક્ષિણ ભારતમાં ઉત્તર-પૂર્વ મોન્સુને ટકોરા માર્યા છે. હવામાન વિભાગે તામિલનાડુ, કેરળ અને પોંડીચેરી સહિત અનેક દક્ષિણના રાજ્યોમાં 7 દિવસ સુધી ભારે વરસાદની સંભાવના વ્યકત કરી છે. આઈએમડી અનુસાર સાયકલોનિક સર્ક્યુલેશન અને ઉત્તર-પૂર્વ મોન્સુનના કારણે કર્ણાટક, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્રના દક્ષિણી ભાગો, કેરલ, તેલંગણા અને તમિલનાડુમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત લક્ષદ્વીપ અને પોંડિચેરી પર પણ તેની અસર પડી શકે છે. હવામાન વિભાગે બધી જગ્યાએ વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યુ છે. આઈએમડી અનુસાર હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા પહાડી રાજ્યોમાં 30 ઓકટોબર સુધીમાં વાદળોની અવરજવર રહેશે. કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ અને બરફ વર્ષા થવાની સંભાવના છે. પહાડી સભ્યોમાં આથી તાપમાનમાં ભારે ઘટાડો થઈ શકે છે. તો દિલ્હી સહિત આસપાસના ક્ષેત્રમાં હળવું ધુમ્મસ રહેવાની સંભાવના છે.

GOVT. OF PUNJAB

## સમગ્ર દેશવાસીઓને

# દિવાળી

## ની હાર્દિક શુભેચ્છાઓ



"પ્રકાશનો આ પવિત્ર તહેવાર, દીપાવલિ, આપણને યાદ કરાવે છે કે તેજસ્વિતા હંમેશા અંધકાર પર અને સત્ય હંમેશા અસત્ય પર વિજય મેળવે છે. ચાલો, આ દીપોત્સવના પર્વ પર આપણે સૌના હૃદય અને ઘરોમાં પ્રેમ, ભાઈચારો અને એકતાના દીવા પ્રગટાવીએ. આ દિવાળીએ સૌને મારા અંતરપૂર્વકના અભિનંદન."

**ભગવંત સિંહ માન**
મુખ્યમંત્રી, પંજાબ



**એસ. ભગવંત સિંહ માન**
મુખ્યમંત્રી, પંજાબ

માહિતી અને જનસંપર્ક વિભાગ, પંજાબ